કુમાર

અંક ૪૪

તંત્રી : રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક : વર્ષ ૪ અંક ૮





વીરપસલી અંક

શ્રાવણ ૧૯૮૩

આવતે મહીને

કુમાર બંધ રહેશે

ને એને બદલે ભાદરવા–આસોનો બેવડો અંક ૯૦–૧૦૦ પાનાંના દળનો, અનેક વિવિધરંગી ચિત્રો સાથે, નવીન અને આકર્ષક રૂપરંગથી

દીવાળી અંક

તરીકે શરદ પુનમે બહાર પડશે

જેમાં આવનારી અનેકવિધ રસમય લેખ-સામગ્રીમાંથી થોડી આગાહી આ રહી:

બંગાળના પ્રસિદ્ધ કલાકાર **નંદલાલ બોઝ** તથા શાન્તિનિકેતન કલાભવનનો પરિચય;–ત્યાં બે વરસ અતિ નિકટ વાસ કરી આવેલા ભાઈ કનુ દેસાઇએ લખેલો: વિવિધ ફોટોગ્રાફો તથા નંદબાબુનાં સુંદર ચિત્રોની વિવિધરંગી પ્લેટો સાથે. **ગામડાંની ધુળમાં ઢંકાએલાં:** 'ધૂમકેતુ'ની એક નાનકડી નાટિકા: સુંદર શોભનચિત્રો સાથે. **રીકી–બાકા:** હંમેશાની લાક્ષણિક ઢબની ગહન રસની એક વધુ જાપાની વાર્તા–સચિત્ર. **ઍની બેસંટ:** જગતની એ અજબ શક્તિમતી નારીના ઉત્તર–જીવનનો વધુ રસમય વૃત્તાંત: ચિત્રો સાથે. અંગેઅંગ તનમનાટભર્યા, અમેરિકાના પેલા જગમશહૂર સીનેમા નટ **ડગલાસ ફેરબૅંકસનો** પ્રોત્સાહક લેખ. **ભૂષણ-લક્ષણ:** પ્રાચીન કાળનાં આભૂષણો વિષે ઉપયોગી માહીતી આપતો મનનીય લેખ: તેને લગતાં અનેક ચિત્રો સાથે. **કલાધામ મ્યૂનિચ:** જર્મનીના વિખ્યાત મ્યૂઝિયમનો જાણવા જેવો પરિચય. શિવાજી મહારાજના દેશમાં ભ્રમણ કરાવતી લેખમાળાનો એવોજ રસભર હપતો **મહાબળેશ્વર.** ભારતની સંપત્તિ દર્શાવતી પેલી નકશાઓની માળામાંનો એક વધુ નકશો. રોજ નજરે પડતા ઘરઘરના જાણીતા જંતુ **માખી** વિષે આપણે બહુ ઓછું જાણીએ છીએ; એની વિવિધ માહીતી આપતો સચિત્ર લેખ.


ઉપરાંત, નાનામોટા બીજા ઘણા લેખો, ચાલુ વિભાગો, વિવિધરંગી ચિત્રોની પ્લેટો, સુંદર સુશોભન અને રચનાવાળી મનોહર છપાઇમાં.

આ અદ્વિતીય અંકની શરદ પુનમે રાહ જોજો

શ્રાવણ કુમાર ૧૯૮૩
અંક ૪૪

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક–પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૬ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



હર-ગૌરી

ચિત્રકાર

શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

'કુમાર'

શ્રાવણ '૮૩નું મુખચિત્ર

કુમાર

માનવતા મહત્તા ને મનોરથોનું માસિક

વર્ષ ૪ અંક ૮ :: શ્રાવણ ૧૯૮૩



કમળ

ચિત્રકાર
શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

કમળનું રૂપ મોહક તો છે જ, પણ તેમાં વધારે મહત્ત્વનું તો એ છે કે કમળનો સ્વભાવ હિંદુ આદર્શોનો દ્યોતક છે. કમળને પંકજ કહે છે, કેમકે કાદવમાં તેની ઉત્પત્તિ છે. કાદવમાંથી જ તે પોતાનો ખોરાક શોધી લે છે, છતાં તે પોતે અત્યંત સ્વચ્છ હોય છે. ચોવીસે કલાક તેનો વાસ પાણીમાં હોય છે, છતાં એના પાન ઉપર પાણીનું ટીપું સરખું પણ લાગી શકતું નથી. તે જમીનમાંથી ઉગે છે, છતાં પોતાની દૃષ્ટિ હમેશાં સૂર્ય તરફ રાખે છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



ગુજરાત અને કાઠિયાવાડને વરસાદે ખરેખર પ્રલયકાળનું દર્શન કરાવ્યું અને સુંવાળી તથા રંક પ્રજાને એક વાર પૃથ્વીની શરૂઆત જેવી હાલતમાં મુકી દીધી. આ યુગનું કોઈપણ સાધન કે વાહન જ્યાં મદદે પહોંચવા અસમર્થ નીવડ્યું એવી નિરાધાર સ્થિતિમાં આવી પડેલાં સેંકડો ગામડાંની વસ્તીનું દુઃખ, એ આફતમાંથી બચી ગએલા કલ્પી પણ ન શકે. છતાં એક મહાન શરીરને ઘા પડતાં જેમ તેનું એકેએક અંગ કકળી ઉઠે તેમ ગુજરાત કાઠિયાવાડની ચોમેરની વસ્તીએ એ ઘા ખમવા પોતાના હાથ પસારવા માંડ્યા છે.

જગતમાં સાર્વભૌમ ગણાતી સરકાર હજુ તો આંખ ખોલીને ખરી સ્થિતિ જોવા પામે તે પહેલાં તો પ્રજા પોતે જાગ્રત બની તે જ ઘડીથી સ્વાશ્રયને પંથે પળી, ગુજરાતના દાનવીરોએ અનાજ કપડાં અને બીજાં અનેક સાધનો અસહાય બનેલાં માનવ બંધુઓને ઢાંકવા ને આશ્રય આપવા વહેતાં કરી દીધાં અને એકેએક ગુજરાતી ગર્વ લઈ શકે એવી વીરતા અને ત્યાગ ગુજરાતના સ્વયંસેવકો, કાર્યકર્તાઓ અને લોકનેતાઓએ પ્રત્યક્ષ કરાવી દીધાં. શ્રી વલ્લભભાઇ પટેલની કાર્યદક્ષતા તથા શ્રી અમૃતલાલ શેઠની સમયતત્પરતા અને હુંએશ, દાન તથા સેવા અર્પનારાઓનાં વિશ્વાસ અને ટેકને હજી અનેકગણાં વધારી આપે છે.

શ્રી વિઠ્ઠલભાઇ પટેલ શાહેનશાહની મુલાકાત લઇ એક અપૂર્વ હીંદી તરીકે પ્રતિભા બતાવી હિંદના શિરમુકુટ યોગ્ય માનને પાત્ર બન્યા છે. એ પણ મુંબાઇને કિનારે ઉતરતાં એક ગુજરાતી તરીકે ગુજરાતનું સંકટ સાંભળતાં રડી ઉઠે છે અને પોતાના પગારની બચત છુટે હાથે ગુજરાતની ઝોળીમાં ઠલવી દે છે, એટલું જ નહિ પણ નોકરીમાંથી મળતો વખત સમુદ્ધારના કામમાં ગાળવા વચન આપે છે. ગુજરાતના સપૂતોને માટે આથી ઉજ્જવળ દૃષ્ટાંત બીજાં શાં હોઇ શકે ?

હૈરાની અમર આશા જેવા યુવાનોએ આ આફતને પ્રસંગે અનેક બાજુથી જે વીરશ્રીનું દર્શન કરાવ્યું છે તે જોનારની આંખને ધન્ય કરે છે. પહેલી જ ખબરે ભરૂચના યુવાનો ફાળ ભરી પાણીમાં ગરક થએલાં ગામડાંની ભાળ લેવા ધસી ગયા; વડોદરામાં અખાડાના યુવાનોએ શ્રી માણિકરાવની સરદારી નીચે આજ સુધી લીધેલી તાલીમ સાર્થક કરી બતાવી; ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સાથળપુર પાણી ડોળતા ખેડા જીલ્લામાં ચોમેર ફરી વળ્યા અને ડાકોરમાં ગંધાઇ ઉઠેલા ૧૨૮૦ મણ કપાસની વખારો, જેને મ્યુનિસિપાલિટી કે બીજી પણ અડવાની હીંમત નહોતાં કરતાં તે જાતે સાફ કરી વસ્તીને રોગથી બચાવી; કાઠિયાવાડમાં અમૃતલાલ શેઠ મુંબાઇથી ખાસ સ્વયંસેવકોની ટોળી લઈ સ્ટીમર કરી પહોંચ્યા તે પહેલાં તો જુવાનિયાઓનું જુથ ઠેઠ લખતર સુધીની ખબરો અને નુકશાનની આંકણી કરી લાવ્યું હતું.

પ્રલયે તો નાશ કરવો હતો એટલો કરી નાખ્યો, પણ હવે જ પ્રજાને માથે પુનઃરચનાનું મહાભારત કામ રહ્યુ છે. વેરવિખેર થઈ ગએલાં ગામડાંને પહેલાંની સ્થિતિ પર લાવતાં સુધી દરેક પ્રકારની સહાય જોઇશે. મોટા સમુહને પહોંચી વળે એટલાં ઘરો, વસ્ત્રો અને નિર્વાહનાં સાધનોની આટલો પૈસો છતાં પણ તૂટ પડશે. ઘર બાંધવાનાં સાહિત્યોના ભાવ વધી જશે, કારીગરો અને મજુરોના રોજ મોંઘી પડશે અને એવા વખતમાં આફતમાંથી બચી ગએલાંને પણ મોંઘવારીની ભીંસ લાગશે, ત્યારે સપડાંએલાંની તો શી દશા ? આ સ્થિતિમાંથી થોડે અંશે પણ બચવાને અમને એક ઇલાજ સુઝે છે તે 'કુમાર'ના યુવાન વાંચનારાઓ પાસે મુકીએ છીએ.

તમારા શહેરના કે મંડળના કોઇ યોગ્ય ભાવનાવાળા કોન્ટ્રેક્ટર કે સિવિલ એન્જિનીઅરને હાથ કરો અને તેની સરદારી નીચે ઘરો બાંધી આપવાનું કામ ઉપાડો. કંઇ ન આવડી શકે તો સંખ્યાબંધ ઇંટો પાડવાનું કામ તો કોઇપણ કરી શકે. લાકડાં વહેરી આપવાની થોડા કલાકની મજુરી તમારા ફાળા તરીકે આપો. તમારા કુટુંબમાં થોડા પરોપકારી સુતારો કે કડિયા હશે તો તમને સાથે રાખીને ચણવાની ક્રિયા પણ શીખવશે. અને એ શીખી લેવાને લાંબો અભ્યાસક્રમ જરૂરનો નથી. જરા સમજ અને આંખ આવી જાય તો કામ ચાલુ.

આવું કામ કરવાની તમને તક મળે તો તમારી શાળાનાં બધાં વર્ષો સુધરી જશે. તમે વેદિયા—ગોખણિયા રહેવાને બદલે ક્રિયાકુશળ મનુષ્ય બની શકશો, એટલું જ નહિ પણ આ અવસરે શીખેલો ઉદ્યોગ તમને તમારા જીવનમાં કોઇવાર અતિ કીમતી થઇ પડશે. પાટિયાં સાફ કરવાથી માંડી મકાનના પ્લાન કરવા સુધીના કામ પર તમારી નજર બેસશે અને કારીગર વર્ગ સાથે એક પ્રકારનો માનસિક સાહકાર થશે.

હજારો સશક્ત વિદ્યાર્થીઓ બબ્બે ચારચાર મહીનાની વૅકેશનો ઉંઘમાં કે ખોટી રખડપટ્ટીમાં વેડફી નાખે છે તે કરતા આ અવસરે બે માસનું કામ દેશના દુઃખી થએલા માનવબંધુઓને સહાય કરવામાં આપે તો નવા પ્રકારનું ક્રિયાત્મક શિક્ષણ મળી રહે. બધાં માણસોને રહેવાને બંગલા જ જોઇએ એવું કંઇ નથી. માટીનાં ભીંતડાં બાંધી વળીઓ અને વાંસથી પણ રહેવા યોગ્ય વાસ બની શકે છે. અને ગામડામાં વસતા આપણા લોકો બધા જ કંઇ કડિયા સુતાર પાસે ઘર બંધાવતા નથી. હાથોહાથ માટીના પીંડા પહોંચાડી ભીંતડાં ઉભાં કરી લે છે અને પછી છાઇ લે છે. અત્યારે દેશના હજારો વિદ્યાર્થીઓ થોડા દિવસ આવી મજુરી કે ઉદ્યોગમાં પડે તો સેવાકાર્ય કરવા ઉપરાંત શરીર પણ સરસ કરે અને સ્વાશ્રયનો ઉદ્યોગ શીખી લે તે નફામાં. જે પ્રજાના ઘરની રચના સમજપૂર્વક થવા માંડે છે તે પ્રજામાં બીજા અનેક માનસિક ગુણો ખીલે છે, અને એ જ ગુણો તેને મહા પ્રજા બનાવી શકે છે. આ પ્રસંગે આવી થોડી શરૂઆત ઘણા પ્રાણને તૈયારી આપશે તમે કંઇક કરી જુઓ તો જ તમે ક્રિયાની ખરી કીમત સમજશો.

કુંભાર સુતાર કે કડિયા–હાડિયા કરતાં તમે વધુ બુદ્ધિ ધરાવો છો અને તેમના કરતાં વધુ ઉચ્ચ સ્થાન કે બદલાને લાયક છો એ ઉજળાં લુગડાં ને અંગ્રેજી શબ્દોચ્ચારથી સાબિત નથી થવાનું. એકવાર તેમનું કામ તેમની સાથે રહીને વધુ સારૂં કરી બતાવો. પછી જ તમને ખબર પડશે કે તમે ક્યાં છો. તમારી ખીલેલી સમજ અને બુદ્ધિ વડે તેમાં સુધારાવધારા કરી શકશો તો દેશ અને કારીગરીને એક ડગલું આગળ વધારી શકશો. પણ અત્યારે તો મોટો સવાલ ગરીબોને સોંઘાં ઘર કરી આપવાનો જ છે.

તરુણાવસ્થા હોય ને સ્વર્ગનો દૂત તેડવા આવે તો ના પાડજો. સ્વર્ગ કરતાં દુનિયામાં તરુણોને માટે ઘણુંઘણું કામ પડયું છે. અને કામના આનંદ કરતાં સ્વર્ગનો આનંદ વધારે પ્રાણપ્રદ નથી.

(ધૂમકેતુ)

દેશના તમામ કડિયા–હાડિયા કામે લાગશે તોપણ સત્વેળા બધા લોકોને આશ્રય પહોંચશે કે નહિ તેની શંકા છે.

લડાઈમાં સૈનિકોની હાર તુટની હોય તે વેળા ઉપલા દરજ્જાના સરદારો પણ તેમની જગ્યાએ ખડા થઇ જઈ યુદ્ધ આપે છે. અત્યારે સવાલ દરજ્જાનો નથી; યુદ્ધનો છે.

કેટલા તૈયાર છો?

卐 卐

છેલ્લા ભારે વરસાદની આફતોને અંગે કુમાર કાર્યાલયની સલામતીના ખબર પુછતા અનેક પત્રો વાંચનાર બંધુઓ તરફથી અમને મળ્યા છે. એ સૌનો અમે આભાર માનીએ છીએ. ઈશ્વર કૃપાથી અને 'કુમાર'ના વાંચનારાઓની શુભેચ્છાઓથી વરસાદની સીધી અસરમાંથી તો અમે બચી જવા પામ્યા છીએ; પરંતુ તેની થોડી આડકતરી અસર જે અમારા પર થવા પામી છે તેને લીધે જ આ અંક આટલો મોડો બહાર પડે છે. ઉદાર વાંચનારાઓ તે નિભાવી લેશે.

(પાન ૩૧૨નું અનુસંધાન)


અને બેન તરીકે ભાઇનું સુખ ન ભાળ્યું. ગૃહિણી તરીકે ઘરસુખ ન જાણ્યું કે માતા તરીકે પુત્રસુખ ન માણ્યું. ગાળ્યું માત્ર દુઃખનું તપોમય જીવતર.

પુત્રસુખને માટે તેણે મરજી સરખી પણ ન કરી. જાણે દેશકલ્યાણની વેદિ ઉપર દીકરાનો ભોગ ધર્યો! કેટલી સહનશીલતા, કેટલું ધૈર્ય ને સ્વાર્પણ, અને કેટલો નિગ્રહ!

શ્રીકૃષ્ણની માતા દેવકી એ સ્ત્રીજીવનના આદર્શની અને દેશના સૌભાગ્યની પરમ ભાવના છે. દેવકીનંદનની જન્મદાત્રી તરીકે એ અહોધન્ય બને છે. ભરતભૂમિની આજની દશામાં આપણે દેવકી જોઇએ છે; પછી તે કુમારિકા હો, ગૃહિણી હો કે માતા હો.

હે. પ.

એક કુમાર તરવૈયો



ઑલ ઇન્ડિયા સ્વિમિંગ ચૅમ્પીઅન
ભાઈ દ્વારકાદાસ મુળજી

કચ્છમાં નલીઆ નામે એક ગામ છે. ત્યાંના રહેવાસી મુળજી જમનાદાસ નામના એક ભાટિયા ગૃહસ્થ ઘણાં વર્ષોથી કલકત્તામાં રહે છે. એ ગૃહસ્થ જબરા સટોડિયા ને ખેલાડી છે. તેમના બીજા પુત્ર દ્વારકાદાસે આખા બંગાળ ઈલાકામાં તરવૈયા તરીકે નામ કાઢ્યું છે.

આ જુવાન હાલ વીસ વર્ષનો છે. નાનપણમાં એક વાર તરવાની ઉત્કટ ઈચ્છા તેના હૃદયમાં જન્મી. ભાઇ દ્વારકાદાસ કહે છે કે 'જ્યારે હું પહેલવહેલો પાણીમાં પડ્યો ત્યારે ભયથી ધ્રુજવા માંડ્યો, પણ ધીરેધીરે ડર દૂર થયો ને હવે તો મને આ જગતમાં પાણી જેવી આનંદદાયી ને સ્ફૂર્તિદાયી બીજી કોઇ વસ્તુ લાગતી નથી.'

ભાઈ દ્વારકાદાસે તરવાની જાહેર હરીફાઈમાં પહેલવહેલો દેખાવ સન ૧૯૧૯માં દીધો. પહેલાં બે વર્ષ સુધી તો તેને કંઇ ઇનામ ન મળ્યું, પણ એથી કાંઈ આ ઉત્સાહી તરવૈયો હતાશ બની જાય એવો નહોતો. તેણે અખૂટ ખંતથી તરવાનો અભ્યાસ ચાલુ જ રાખ્યો અને ૧૯૨૧માં પહેલું ઈનામ મેળવ્યું.

કૌટુંબિક ઉપાધિઓને અંગે ૧૯૨૨ અને ૧૯૨૩ એ બે વર્ષ તેને તરવાનું છોડી દેવું પડ્યું; પણ હજી તરવા માટેની એની ધગશ તો એટલી ને એટલી જ હતી. ૧૯૨૪ થી ૧૯૨૬ એમ લાગલાગટ ત્રણ વર્ષ સુધી પહેલું ઇનામ છતી તેણે 'બેંગાલ ચૅમ્પીઅન'ની ડિગ્રી મેળવી. આ વર્ષે કલકત્તા ખાતે આખા હિંદ માટેની તરવાની હરીફાઈ થઇ હતી. આ હરીફાઈમાં ભાઇ દ્વારકાદાસને દાખલ કરવાની પણ પહેલાં તો અધિકારીઓએ ના પાડી, અને તેના કારણમાં એમ જણાવ્યું કે આ વર્ષે તેણે તરવાના અભ્યાસને સમયે નહિ જેવી હાજરી આપી હતી માટે તે મહાવરા વિનાનો (Out of practice) ગણાય. ઘણી લાગવગને અંતે આ જુવાન હરીફાઇમાં ઉતરી શક્યો. હરીફાઇને એક અઠવાડિયું બાકી હતું તે દરમિયાન તેણે તરવાનો ખુબ મહાવરો કરી લીધો ને અંતે તે હરીફાઈમાં પહેલો આવ્યો. એક માઇલ તરવાની હરીફાઇમાં પોતાની પાછળના તરનારથી તે ૧૪૦ વાર આગળ આવ્યો હતો, એ બીના તેને માટે આપણા મનમાં ખરેખર માન ઉપજાવે છે.

આ જુવાનમાં તરવાની અદ્ભુત શક્તિ છે. તેનો એ પુરેપુરો વિકાસ કરે તથા આવતે વર્ષે આમ્સ્ટરડામ (હોલૅન્ડ) ખાતે થનારી ઑલિમ્પિક ગેઇમ્સ વખતે આખી દુનિયાની તરવાની હરીફાઇમાં તે ભાગ લેવા જનાર છે; તેમાં તેને યશ મળે એમ આપણે ઈચ્છીશું.

તરનારે હમેશાં આહારવિહારમાં નિયમિત રહેવું અને પોતાના શરીરમાં ચરબીનું પ્રમાણ વધવા ન દેવું એવી આ જુવાનની ખાસ ભલામણ છે. **ચાંપશી વિ. ઉદ્દેશી**

દેવકી

માબાપનું સુખ જોયા વિના, કંસ ભાઇને આશરે ઉછરીને એ પરણીને પતિ વસુદેવ સહિત ભાઇના કારાગારમાં પડી. એ જેલવાસમાં ગૃહજીવનનું તો સ્વપ્ને ક્યાંથી હોય ?

ઉલટું નિર્દય કંસની એ વસુદેવ-દેવકીને પારાવાર સતામણી અને અપમાન; તેમજ પોતા સમક્ષ થતી સાતસાત સંતાનોની હત્યાઓ. છતાં 'ક્ષમયા ધરિત્રી' જેવાં દેવકીજીના દુઃખનો અંત આવતો નથી. આઠમા બાળકને બચાવવા એ પુત્રને પારકો કરે છે, વરસોનો પુત્રવિયોગ વેઠી આઠઆઠ સંતાનો થયા છતાં એ વાંઝણી જેવી જ રહે છે.

આટઆટલા દુઃખના સંસ્કાર છતાં પણ વીરસ દેવકી શ્રીકૃષ્ણ જેવા બળવાન આત્માને જન્મ આપે છે; જે કંસનો વધ કરે છે, તેના જુલમી રાજ્યતંત્રનો અંત આણે છે; પોતાનાં માતપિતાને બંધનમુક્ત કરી સમસ્ત પ્રજાને સ્વતંત્રતા અર્પે છે અને જીવનવિકાસમાં 'પૂર્ણ પુરુષોત્તમ' નીવડે છે.

દીકરી તરીકે તેણે માબાપનું સુખ ન જોયું,

(અનુસંધાન પાછલા પાનના ત્રીજા કૉલમને છેડે)

ઍની બેસંટ

I ask no other epitaph on my tomb but 'She tried to follow truth.'

'તેણે સત્યને અનુસરવાનો પ્રયત્ન કર્યો હતો' એટલું જ મારી સમાધિ પર લખાય તો બસ.

એંશી વર્ષની એ વૃદ્ધ નારીને કોઇ મોટા શહેરના સભાગૃહની વ્યાસપીઠ ઉપર ઉભેલી તમે જોઇ છે? પોતાના વિદેશી દેહ ઉપર હિંદી શૈલીની રેશમી સાડી પહેરેલાં, પગમાં ચંપલ ચડાવેલાં અને કોણી સુધી ખુલ્લી પહેલવાની ભુજાઓના અભિનય વડે મોટા મરદોને પણ ડારતાં એ ડોશી-માને તમે જોયાં છે? બેઠી દડીના એ પોલાદી દેહ ઉપર જરાક બંકી છટાથી નમાવેલી મસ્ત ગરદન; એક વખત જે મુખ પર નિર્દોષ તરુણાવસ્થાની સુંદર સુકોમલ લાવણ્ય-રેખાઓ અંકાએલી હતી તે મુખ પર સો સો સમરાંગણોના ઘા પડીપડીને ખાડા થઇ ગયા હોય તેવી કરચલીઓ; આત્મશ્રદ્ધા અને અ-સ્મિતાના તણખા ફેંકતી તીક્ષ્ણ બે આંખો; અને હજારો શ્રોતાઓ વાણીવાણીને ઉપાડી લે તેવા સ્પષ્ટ રણકારા મારતા શબ્દોનો મહાનદ ધુઘવતો હોય એવો એ વૃદ્ધાના કંઠમાથી ધસમસતો વાણી-ધોધ: આવાં તત્ત્વોની બનેલી એક એંશી વર્ષની ડોશીને દેખી હોય, તો એ સ્ત્રી હશે કે પુરુષ, તેની સમસ્યા તમને નથી થઇ? અબલાનો દેહ શું આટલો જાજરમાન? કેમ ન હોય? પંચાવન વર્ષના અખંડ બ્રહ્મચર્યની એરણ પર, માનવસેવાના હથોડાના પ્રહારોથી પીટાએલું અને સંસારી સુખદુઃખો ને જયપરાજયોની સદા સળગતી ભઠ્ઠીમાં તપીતપીને ઘડાએલું એ યમદૂતને પણ ભુલાવામાં નાખનારૂં શરીર છે. બીપીનચંદ્ર પાલ બોલી ગયા છે કે અનેક વાર પ્રચંડ મેદનીને મંત્ર વશ બનાવીને ભાષણ-ધારા રેલાવતી આ રમણીના ચહેરા ઉપર મેં એક અપૂર્વ જ્યોતિર્મંડલ રમતું જોયું છે. શરીર અને આત્માની તદાત્મ દશા ચાલતી હોય તેવું એ દૃશ્ય મને દેખાયું છે.

આવી શરીર-સમૃદ્ધિ જો કદિ કોઇ જીવંત માનવીમાં અથવા તો કોઈ નિર્જીવ છબીમાં નજરે પડે, તો જાણજો કે એ બાઇનું નામ 'ઍની બેસંટ' છે. મદ્રાસ નગરી પાસેની ઉંડી ને પહોળી અદીઆર નદીના કિનારા ઉપર એક રમણીય ગંભીર વનરાઇ ઉભી છે. એ વનરાઇની કુંજઘટામાં શ્વેત પક્ષીઓ વિખરાઇને ક્રીડા કરતાં હોય તેવાં સાદાં રૂપાળાં ઘરોનો બનેલો એક આશ્રમ છે. એ આશ્રમની અંદર તપો-વનની શાંતિ, દેવાલયની વિશુદ્ધિ, કલાગૃહની રસિકતા અને રાજમંદિરની કડક નિયમવશતા, સાથે મળીને એક અનેરૂં વાતાવરણ સરજે છે. ત્યાં વસીને કેવળ રોજના પા શેર ચોખા ને કોપરાના ખમણનો આહાર લેતી અને બે વાર ચહા કોફીનો અક્કેક પ્યાલો પીતી એ બાઇ પરોઢના ચારના ટકોરાથી જાગી રાત્રિના બરાબર અગિયાર બજ્યા સુધી, ઘડિયાળના કાંટાની માફક—બલ્કે સૂર્ય, ચંદ્ર અને તારાની અચુક નિય-મિતતા મુજબ અખંડ કર્મયોગનું આરાધન કરે છે. આશ્રમમાંથી ગાઉ-બે ગાઉ પરના મદ્રાસ નગરમાં જતી હોય તેટલી સહેલાઈથી એ ડોશી દુનિયા-ભરના દેશોમાં અઠવાડિયાં-અઠવાડિયાંનાં પ્રયાણો ગોઠવીને આથડે છે; મિત્રોને કાગળોની ચબરખીઓ લખતી હોય એટલી લ્હેરથી ઉંડા તત્ત્વજ્ઞાનના લેખો ને પુસ્તકો લખે છે; બાળક પાટી પર લીંટા કાઢતું હોય તેટલી ઝડપથી મોટીમોટી વિશ્વવ્યાપી યોજનાઓ આંકી રહે છે; ગઇ કાલની જ વાત યાદ કરતી હોય

તેટલી મક્કમતાથી સેંકડો વર્ષ પૂર્વેના જન્મજન્માન્તરોની ઝીણીમોટી વાતો કરે છે; આવતી કાલનો કોઈ કાર્યક્રમ આપતી હોય તેવી સ્પષ્ટતાથી સેંકડો વર્ષનાં ભવિષ્યની રૂપરેખાઓ દોરે છે. જગતની મહાપ્રજાની કે ક્ષુદ્ર જાતિઓની આવતી કાલ કેવી ઉગશે, કઇ જાતિ વિશ્વ-ઘટનાની અંદર કેવો ભાગ ભજવવા ખપ લાગશે, તેની વિસ્મયકારી વાતો કરતાં એ અચકાતી નથી. લોકો એ વાતોને ગપગોળા માને છે; પોતે એ વાતોને વિજ્ઞાનને ત્રાજવે તોળેલી પુકારે છે અને દુનિયા સામે એકલી ઉભીઉભી પડકાર આપે છે. ભારતવર્ષને એણે પોતાની માતૃભૂમિ કહી અપનાવી છે અને દેવદૂતની દૃઢ વાણી સંભળાવી દીધી છે કે 'હું વૃદ્ધ થઇ છું, પણ હિંદને સ્વરાજ મળેલું જોયા વિના જવાની નથી.' અને થીઓસોફિસ્ટો જેને મહાત્માઓ માની રહ્યા છે તેમના તરફથી એવી આગાહી પણ મળી હોવાનું બોલાય છે કે 'તમારાં વૃદ્ધ પ્રમુખને હજુ ઘણાં વર્ષો સુધી તમારી પાસે આ દેહે આયુષ્ય ભોગવવા દેવામા આવશે !'

કોણ છે આ બાઇ? એ ક્યાંથી આવી છે? એ તે કોઇ જાદુગારણ છે? પાખંડની પુતળી છે? કે ચસ્કેલ મગજની કોઇ દીવાની છે? અંગ્રેજ સરકારની જાસુસ છે? કે નવો પંથ ચલાવીને ફાંસલો રચતી કીર્તિને વિલાસની ભુખી કોઇ સ્વાર્થાંધ છે? કોણ છે એ? એના જીવનનો ઇતિહાસ શો છે? જગતભરના હજારો યુવાનયુવતીઓ એને 'માતા' કહી છાતી ફુલાવે છે તે શા અધિકારને બળે? આજે હિંદની પ્રજાને તારણહાર સમી દેખાઇને પૂજાનાં અર્ધ્ય પામતી, તો આવતી કાલે એની સ્વાધીનતાની સફરમાં ઝેરી કંટક સમ લાગીને ગાળો ખાતી, પોતાના રાજદ્વારી મિત્રોને આજે દિલોજાન દેખાયા પછી આવતી જ કાલે કટ્ટા દુશ્મન સમ ખટકતી, તેમ છતાં પણ પોતે તો જેવી હતી તેવી જ રહેતી હોવાનું માનતી, હિંદના કલ્યાણને જ માર્ગે પોતે અફર ડગ માંડી રહેવાની પરમ શ્રદ્ધા ધરાવતી આ નારી, આપણી સમસ્ત એક નિગૂઢ સમસ્યા છે—અકળ કોયડો છે. ઘડીભર એ ભયંકર લાગે છે તો ઘડી પછી નિર્દોષ જણાય છે; પલભર અભિમાની તો પલ વીત્યે નિર્વિકાર યોગિની દીસે છે: એનાં ઉંડાણનો તાગ આપણાથી લેવાતો નથી. આપણી જીભને ટેરવે ફક્ત એક જ પ્રશ્ન રમે છે કે આ માનવી કોણ છે? આજે વીરપસલીને પૂનિત દિવસે, હજારો વીરાઓની એ બ્હેનની અને હજારો બચ્ચાની એ માતાની રોમાંચકારી જીવન-કથા માંડવાનું મન થાય છે; કેમકે આજ સુધી કોઇએ એ જીવનવાર્તા આપણને કહી નથી.

પૂર્વજીવન

ઇસવી સન ૧૮૪૭ ના ઑક્ટોબર માસની પહેલી તારીખે સંધ્યાનો સૂર્ય પશ્ચિમના સાગરમાં નહાવા ઉતરતો હતો તે વેળાએ લંડન શહેરમાં ઍનીની નાનકડી આંખોએ સંસારનાં અજવાળાંનાં પ્રથમ દર્શન કર્યાં. એ પોતાને અંગ્રેજ નહિ પણ આયરિશ કહેવડાવે છે. એની માતાની નસોમાં શુદ્ધ આયરિશ શોણિત વહેતું હતું ને એના પિતા પણ મોસાળ પક્ષે આયરિશ હતા. આવી રીતે 'મારૂં પોણા ભાગનું લોહી અને મારૂં આખેઆખું હૃદય આયરિશ જ હોવા છતાં પણ મારો જન્મ કમભાગ્યે લંડનમાં થયો' તે વાતનો આ બાઇને ઓરતો રહી ગયો છે. બ્રિટનની એડી નીચે વિના અપરાધે શતકો સુધી પીસાએલી એ મહાન સંસ્કૃતિની વારસદાર બહાદુર માતૃભૂમિને સંભારીસંભારી આજ પણ ઍની ઊર્મિગદ્‌ગદ સ્વરે કહે છે કે 'કલ્યાણ હજો એ મારાં પ્રેમભરપુર, વાક્પટુ જાતબંધુઓનું! મંગલ હજો એ હાંકવાં મુશ્કેલ પણ દોરવાં સહેલ એવા સરલ પ્રજાજનોનું! આશીર્વાદ ઉતરજો એ પ્રાચીન રાષ્ટ્ર ઉપર, જ્યાં એક વાર શાણાં માનવી વસતાં, જે એક વાર 'સંતોનો દ્વીપ' કહેવાતો ને જે હજુ ફરી વાર, કાળનું ચક્ર આંટો લઇ લેશે ત્યારે 'ઋષિમુનિઓનો દ્વીપ' બનવાનો છે.'

પિતા-માતાની એવી પ્રેમાળ જોડલી ઍની સિવાય અન્ય કોઇકને જ મળતી હશે. માવતરના મધુર દાંપત્યની છાયામાં એ નાનો છોકરી ઢીંગલીઓ લઇ રમતી અને પોતાના પિતા પોતાની માફક પોતાની ઢીંગલીને પણ બચ્ચી કરે એવો હમેશાં આગ્રહ રાખતી! પિતાની બુદ્ધિ ધારદાર અને કેળવણી-ઉજ્જવલ

હતી. ગણિતમાં પ્રવીણ, સાહિત્યનો પંડિત અને યૂરોપની લગભગ તમામ ભાષાનો એ પારંગત હોઇ, પ્રાચીન અને અર્વાચીન સાહિત્યના ખજાનાઓ તો એને ગૃહ-જીવનના રોજીંદા આનંદનાં સાધનો હતાં. પોતાની પત્ની પાસે બેસીને પરદેશી કાવ્યોનાં ભાષાન્તરો કરી સંભળાવવાં અને છટાદાર અવાજે શેલીની કવિતા ગાઇ બતાવવી, એ એનો પ્યારામાં પ્યારો વિનોદ હતો. ફીલસુફીમાં અતિ ઊંડાણે ઉતરેલો હોવાથી ખ્રિસ્તી ધર્મની કેટલીયે જુની સ્થિતિચુસ્તતા તરફ કટાક્ષો ફેંકાફેંકી ઘણી વાર તો ઍનીનાં પ્રભુપરાયણ, સરલ, સ્નેહાળ માતાને એ ટીખળી સ્વામી ઓરડામાંથી ઉઠી જવા જેટલી હદે ખીજવતો! એવો પિતા ક્ષયમાં સપડાઇને, ઍની પાંચજ વર્ષની હતી ત્યારે પરલોકને પંથે સીધાવ્યો, અને મરતામરતાં ઍનીની દીગલાને છેલ્લાં ચુમી ભરીને શિખામણ દેતો ગયો કે 'બેટા! હું હવે જાઉં છું, માટે તારી મમ્માની ડાહી દીકરી થઇને રહે જે, હોં!'

માતા તો ઍનીને પ્રાણ થકી પણ વહાલી હતી. પિતાને દફન કરવા લઇ ગયા ત્યારે માતાને મૂર્છા આવી; એક રાત માતાએ ઓરડામાં પુરાઇ રહીને એકાન્તવાસ ગાળ્યો; વળતે પ્રભાતે એના કેશ કાળા ભમ્મર હતા તે સફેદ પૂણી સરખા થઇ ગયા! પોતે મૂર્છિત હાલતમાં સ્વામીના શબની પાછળ અદશ્ય રીતે ગઇ હશે તેવી ખાત્રી એણે પતિની કબર શોધી કાઢીને કરી બતાવી! પતિદેવ રાતે સ્વપ્નામાં આવી ઍનીના ભાઈ આલ્ફ્રની માગણી કરી ગયાની વાત માતાએ કહ્યા પછી થોડે જ દિવસે પોતાનો ભાઇ પણ પિતા પાસે સીધાવ્યો, અને એ મરેલા પુત્રના લલાટ પર ચુંબન દેતાંની વાર જ એ શ્વેત ચામડી પર એક શ્યામ ગોળાકાર ડાઘ



સોમનાથ પ્રતિ સાગરની ઉક્તિ

:વસંતતિલકા:

ઊર્મિપ્રસન્ન મધુ યોગ જ ચંદ્રિકાનો
ઉછાળતો તરલ અંતરપ્રાણ છાનો;
તે પ્રાણનું અટલ શાશ્વત પૂરશૌર્ય
તારા પ્રતિ ધસી રહ્યું, પ્રિય મિત્ર સોમ!

તારો સુષુપ્ત ગરવો નવરંગ આત્મા
આમંત્રું છું પલપલે ઉછળી છળી, હા!
વર્ષો થયાં: વિસરી કેમ શકું જ સખ્ય?
પૂજી રહીશ તુજ દેહસમાધિ ભવ્ય.

ઝંઝાનિલે ચઢી ય વા બડમોજ દોળી,
મારા વિશે શમવું આ તુજ ચૈત્ય રોળી;
ઉત્થાનનો પુનરપિ પ્રગટી રસાત્મા
જંપીશ હું જીવનમાં પછી, સોમ મારા!

તું છે સ્વસિદ્ધ પ્રણયી સ્થિતપ્રજ્ઞ યોગી,
હું યે ઉરે અર્મીન આંતરરંગ ભોગી.

દેશળજી પરમાર



પડી ગયો: આ બધાં દશ્યોની છાપ ઍનીના અંતર પર બાલ્યાવસ્થાથી જ છપાઇ ગઈ અને મૃત્યુ પછી પણ કોઈ નિગૂઢ જીંદગી હોય છે એવી માન્યતા દૃઢ થઈ. પોતે રમાડતી તે બિલાડીના બચ્ચાંમાં ને પોતાની ઢીંગલીમાં સુદ્ધાં એ બાલિકાએ પોતાના જ સરખું જીવન નિરખ્યું. ઢીંગલીને દબાવીને કોઇ ચીં! ચીં! અવાજ કાઢે, તો તે જાણે ઢીંગલીનાં વેદનાની ચીસો હોય એવું માની ઍની ત્રાસ પામી નાસી જતી! પરીઓ ને અપ્સરાઓ ઍનીને મન સાચાં જ હતાં.

પિતા એ ત્રણ જણના કુટુંબને તદ્દન નિર્ધન જ મુકીને ચાલ્યો ગયો, ત્યારે મિત્રોએ માતાને કહ્યું કે દીકરાને કોઇ શહેરની નિશાળમાં ભણાવી વેપારી જીવનને માટે તૈયાર કરવાનું ખર્ચ અમે ઉપાડી લઇએ. પરંતુ માતાને તો સ્વામીદેવ કહી ગયા હતા કે 'દીકરાને યૂનિવર્સિટીમાં મોકલી વિદ્વત્તાને પંથે મુકજે.' એ આદેશને કેમ ઉથાપાય? બીજી બાજુ એવું શિક્ષણ આપવાનાં નાણાં ક્યાંથી કાઢવાં? યુવાન ગભરૂ માતાએ હિંમત બીડી, હૅરો નગરમાં જઇ, વિદ્યાર્થીઓને માટે પોતાના ઘરને છાત્રાલય બનાવી દીધું. એ રીતે પેટ-ગુજારો કરીને પુત્રને ભણાવવા લાગી. આ હૅરો ગામના ઘરની ફુલવાડીના અંદર, પુષ્પો ને ફળો તોડતી ફરતી, 'પૅરેડાઇઝ લૉસ્ટ' નામના પ્રિય પુસ્તકમાંથી મિલ્ટન કવિના પ્રતાપી છંદો ગાતીગાતી ઍની પક્ષીઓને ચમકાવતી. આમ પોતે એ કાવ્યમાંથી 'સેતાન'નું સુંદર પાત્ર બની, સ્વર્ગ અને નરકના માનસિક વિહારો અનુભવતી, અને આઠ વર્ષની વયથી ઓગણીસમા વર્ષ સુધી એ રમણીય સ્થાન ઍનીનું ઘર બની રહ્યું હતુ.

માતાની અતિશય હેવાયી ઍની રોજ માતાનું પુછડું થઇને જ ફરતી. ઘણી વાર તો કંટાળીને માતા કહેતી કે 'નાની, હવે તો હું તને એક દોરી લઇને મારા શરીર સાથે બાંધી લઉં તો ઠીક, ખરૂં ને?'

અને ભોળી ઍની તરત જ જવાબ દેતી કે 'ઓ બા! જરૂર જરૂર મને નીંગઠ ગાંઠ વાળીને બાંધી લે. મને બહુ જ ગમશે!'

આવી હઠીલી ઍનીને એક દિવસ મિસ મેરી-એટ નામની એક બાળકપ્રેમી પરગજુ યુવતી પોતાને ઘેર લઇ ગઇ, અને પોતે રાખેલાં એવાં બીજાં બાળકોની સાથે ઍનીને પણ સુંદર નવી શલીએ શિક્ષણ દેવા લાગી. અહીં ઍની ધનુર્વિદ્યા અને ઘોડેસવારી શીખી. સંગીતમાં તો સારી પેઠે પ્રવીણ બની. બીજી બાજુ ધાર્મિક શિક્ષણની તો એ બાઇને અતિ ચીવટ હતી. 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' અને 'પૅરેડાઇઝ લૉસ્ટ'ની અદ્ભુત કલ્પનાસૃષ્ટિમાં ઍની પણ કોઇ પ્રભુ-શોધક યાત્રાળુની પેઠે કંઇકંઇ સંકટો સહેતી, મોટા રાક્ષસોની સાથે યુદ્ધ માંડતી, ફિરિસ્તાઓ સાથે ગોઠડી કરતી, જાણે પોતાના જીવનસ્વામી—સુંદર દિવ્ય-કુમારનાં સ્મિત ઝીલવા નીકળી પડતી. ખ્રિસ્તી ધર્મને પાખંડોમાંથી ઉગારવા માટે બલિદાન દેનારા અનેક શહીદ સંતોનું સ્મરણ કરીને ઍની અફસોસ કરતી કે 'અરેરે! હું શા માટે એ યુગમાં ન જન્મી?' કલ્પનાની અંદર પોતે એવા શહીદના સ્વાંગ ધારણ કરી જાણે કે રોમન ન્યાયાધીશો સમક્ષ ઉભી હોય, ધર્મદ્રોહના ગુનાહ બદલ પોતાના ઉપર જાણે એમનો ફેંસલો ઉતરતો હોય, પોતે સિંહના મુખમાં ફેંકાઇને અથવા જીવતી ચિતામાં હોમાઇને પ્રાણની આહૂતિ દેતી હોય, એવી મનોરથસૃષ્ટિ સૃજતી 'ઇસુ' જાણે પોતાના સકલ સ્નેહનું કેન્દ્ર હતો. 'ઇસુ'ના કંઠમાં વરમાળ પહેરાવી, એની સમક્ષ ઉભી એનું એક જ સ્મિત પ્રાપ્ત કરવાની એની ગુપ્ત મનોવેદના હતી. સંસારી સ્નેહની નવલકથા એ કદિ વાંચતી નહોતી. નાટકોને તો સેતાને પાથરેલા ફાંસલા સમજતી. એની ધર્મપરાયણ માતાએ પણ એને 'અતિ ધર્મિષ્ઠ' કહીને ચેતાવેલી.

એમ કરતાં ઍનીએ યુવાવસ્થામાં પગ દીધો. સ્વપ્નાં તો એનાં એ રહ્યાં. માનવસ્નેહના વસંત-વાયુ એ મનોહર તરુણીને સ્પર્શ જ નહોતા કરી શક્યા. એના મનોરાજ્યમાં 'સ્વામીદેવ ઇસુ' સિવાય અન્ય કોઇને સ્થાન ન મળ્યું તે ન જ મળ્યું. સ્નેહાર્પણની બધી પ્રાર્થનાઓ અને તમામ આજીજી-ઓના ઉમળકા એણે પોતની એકાન્તની બંદગીમાં ઇસુ ઉપર જ ઢલવી દીધા, અને બાકીનો સ્નેહ એની જનેતાને ભાગે ચાલ્યો ગયો. પરિણામે ઍનીના સંબંધમાં લગ્ન એક નિગૂઢ કોયડા રૂપ થઇ પડ્યું. એને પુરુષ મિત્રો હતા, પણ પ્રેમિક એક પણ નહોતો. એ મિત્રોમાંથી એકકેયને ઍનીના મનોરાજ્યમાં



ઍની બેસંટ : યુવાન વયે

સ્થાન નહોતું. એવા ગારા-પંથી પ્રેમને માટે એક કસો-ટીનો દારુણ દિવસ આવી પહોંચ્યો.

૧૮૬૬ના વર્ષમાં એક તરુણ પાદરીના સાથે ઍને ઓળખાણ થયું. એકાદ અઠવાડિયું બંને ભેળાં રહ્યાં. સાથે ફર્યાહર્યાં, ઘોડેસવારી ખેલી ને રમ્યાંજમ્યાં. ઓચીંતા એ યુવક ઍની પાસે સગપણની માગણી મુકી. સાંભળતાં જ અભિમાની ઍનના ઉપર જાણે કોઈ જખ્મ થયો. મૈત્રીને લગ્ન-સ્નેહ માની લેવાનો શો અધિકાર હતો આ યુવકને ? ઍની ગભરાઇ ગઇ. 'મારા આવ્યા પહેલાં તારી માતાને વાત ન કરતી, નહિ તો વિશ્વાસઘાતની અપરાધી બનીશ' એવો આદેશ આપી એ ચાલ્યો ગયો. ઍની ભીતરથી વલોવાતી હતી, છતાં 'વિશ્વાસ-ઘાતના પાપ'થી ડરનારી એ ધર્મપરાયણ બાલાએ મોં બીડી રાખ્યું. આખરે એ યુવકનું ફરી આવવું થતાં માતાને મુખે પોતાના સંવનનનો ઇન્કાર કરવા જેવું થાય ને જનેતાનો જીવ દુભાય તે ભયથી, તથા કંઇક અંશે પાદરીની પત્ની બનીને ધર્મ-સેવા આચરવાના સોનેરી સુયોગો પ્રાપ્ત થવાની લાલચથી ઍની વેવીશાળને ખોલે બંધાઇ.

અંતરમાં સ્નેહોર્મિ નહોતી, પણ ધાર્મિક જીવન ગાળવાનો અવસર મળે છે તેનું આકર્ષણ હતું. કાનમાં જાણે કોઇ દગારો સ્વર સંભળાતો હતો કે 'પાદરીની સહચરી થઇને તું માનવજાતનું પરમ કલ્યાણ કરી શકીશ.' એ અવાજને વશ થઇ. પરંતુ લગ્ન પહેલાં વળી દિલ પાછું હઠ્યું. વેવીશાળ રદ કરવાની વાત છેડી. છેડાતાં તો કુલ-લાજના દર્પથી ભરેલી માતા પુકારી ઉઠી, 'હાય રે બેટા ! આટલો સ્નેહ આચર્યા પછી હવે વચનભંગ થઇશ ? જગતને આપણે મોં શી રીતે બતાવશું ?'

એ કુલાભિમાનની દલીલ સામે ઍની અબોલ થઈ પડી. માતાનું હૃદય ભેદવાની તેની હિંમત નહોતી. ૧૮૬૭માં ઍની પરણી.

લગ્નસુખ, રસલહાવા, અન્યોન્ય બે આત્માની સ્નેહ-વ્યાકુલતા, — એવા કશા ભાનને, દંપતી-જીવનને કશો પ્રવેશ ન મળી શકે તે જાતની દીવાલોમાં ઉછરેલી આ નિર્દોષ મૂર્તિ પરણવાનો રસાસ્વાદ શી રીતે લઇ શકે ? ઍની સંસાર-યાત્રા શરૂ થતાં જ દુ:ખનો આરંભ થઇ ગયો. સ્નેહભુખ્યો ને સ્ત્રી પર અધિકાર ચલાવવાના સિદ્ધાંતમાં જ માનનારો સ્વામી પોતાની પત્નીનું ચિત્ત ગૃહ-કાર્યનાં નાનાંનાનાં અંગોમાં પરોવાવા ના પાડતું જોઇને ઉશ્કેરાતો ગયો; અને બીજી બાજુ ધર્મનાં ઉંડાણોમાં ઉતરવા ઝંખતી ઍનીએ ગૃહજીવનનાં ઝીણાં કાર્યોની અવગણના કરી, પુસ્તકોમાં પડી, પતિને અકારી બની, એના વાક્પ્રહારો ખમી, પોતાની મગરૂબીને, સ્વાધીનતાને, મનોરાજ્યને, માતાના લાલનને તમામને ઘવાએલાં દીઠાં. બંને વચ્ચે અંતર પડવા લાગ્યું. પાડોશીઓ આવીને બાલબચ્ચાંની અથવા દુધ-માખણના વહીવટની વાતો કરે તેમાં ઍનીને રસ નહોતો. પોતે શિલિંગ પણ ખીસાખરચી માટે ન લે, હાથમોજાંની એક નવી જોડ પણ ન ખરીદે, તોપણ સ્વામી 'ઉડાઉગીરી' માટે ક્રૂર વચનો કાઢે. આખરે અન્યાયી અને ઘાતકી વર્તાવથી છેડાઇ જઇ, ઍની પણ મુંગો માર સહેવાનું છોડી દઈ સામાં શીંગડાં ઉગામતી થઇ.

કાઇક લખવાનો આદર કર્યો. 'સંત પુરુષોની ચારિત્રાવલિ' લખીને કોઇ પ્રકાશકને આપી તેનું તો કોણ જાણે શું થયું, પણ 'ફૅમિલી હૅરૉલ્ડ' નામના એક પત્રમાં નાની વાર્તાઓ લખી મોકલેલી તેના બદલામાં એક દિવસ ઍનીના હાથમાં એક

પરબીડિયાની અંદરથી એક ચેક આવી પડ્યો! ત્રીસ શિલિંગનો ચેક! નિર્દોષ નારીને લેખનશક્તિના ગર્વની સાથોસાથ 'આત્મકમાઈ'નું અભિમાન થયું! ત્યાં તો એને એના પતિએ ભાન કરાવી આપ્યું કે 'એ પૈસા તારા ન કહેવાય. એના ઉપર તો મારો હક્ક છે. કાયદાએ એ હક્ક મને આપ્યો છે!' સ્ત્રી ઉપર પુરુષને કાયદો આટલી હદે પણ હક્ક સોંપી ચુક્યો એ જાણતાંની વાર જ ઍનીના આઘાતોમાં એકનો ઉમેરો થઇ ગયો. ધિક્કાર વધતો ચાલ્યો.

૧૮૬૯–૭૦માં ઍની માતા થઈ. એક પુત્ર ને એક પુત્રી તેના ખોળામાં મુકાયાં. ઇશ્વરે જાણે દુઃખ વિસરવાનાં વિશ્રામધામ દીધાં. લેખનવૃત્તિનું સ્થાન બચ્ચાંની માવજતે લઇ લીધું. પુત્રપુત્રીનાં પારણાં હીંચોળતાં હીંચોળતાં પુસ્તકોનું જે સેવન ચાલ્યું તેમાંથી હવે ઉશ્કેરાટ ઓછો થઇ ગયો. પણ બીજી બાજુ માનસિક આઘાતને કારણે ઍનીની શરીર-સંપત્તિ કથળી પડી અને પુત્રી પણ લગભગ જીવલેણ બીમારીનો ભોગ થઇ ગઈ. એ વહાલી દીકરીની માંદગીમાંથી જ ઍની બેસંટના જીવનમાં એક મહાન પરિવર્તન જન્મ્યું.

અને એ પરિવર્તન શું હતું? નાસ્તિકતામાં પ્રવેશ; ખ્રિસ્તી ધર્મના પાયા સમાન માન્યતાઓમાં અવિશ્વાસ. પોતાની ભરાઇ ગએલી નાજુક પુત્રીની આસપાસ વરાળિયો તંબુ ગોઠવીને, કંઇ અઠવાડિયાં સુધી એ વરાળિયા તંબુનાં જ જગ્યાને પોતાની દુનિયા બનાવી, દિવસરાત અખંડ ઉજાગરા કરતી બેઠેલી આ દુઃખિની માતાએ શું દીઠું? સાત મહિનાના નિર્દોષ ફુલને વેદનામાં પછાડા મારતું, આંચકી ખાતું ને દુધનું ટીપું સરખું પણ ગળે ન ઉતારી શકતું દીઠું. બીજી બાજુ પોતે કોઇનું કશું યે નથી બગાડ્યું છતાં પોતાને જગતની ક્રૂરતાનો શિકાર થઇ પડેલી દીઠી. ત્રીજી બાજુ પોતાની વહાલા, પવિત્ર ને ભોળી વિધવા માતાને એક વકીલ દગો દઇ, લેણ-દારોને ચુકવવા સોંપેલા પૈસા પોતાના ગજવામાં હજમ કરી જતો દીઠો. અને અચાનક એ પુત્રીને આરામ થયા પછી તરત જ પોતે પોતાનો ક્ષીણ દેહ લઇ, બીમારીમાં પટકાઈ. પડ્યાંપડ્યાં ખ્રિસ્તી ધર્મે આલેખેલી પ્રભુની સૃષ્ટિ પર વિચારો ઉઠ્યા: 'આ પ્રભુ? મારો ધર્મ જેને પ્રેમમય, કલ્યાણમય ભાળે છે, તે પોતે જ આ સૃષ્ટિનો કર્તા! શા માટે મારી નિષ્પાપ પુત્રીને અસહ્ય વેદના? શા અપરાધે મારી ઉપર ને મારી માતા ઉપર આ સંકટો? એવી અન્યાયી, ઘાતકી નરકરચના પ્રભુએ શીદ કરી? અને શું આ દુઃખ ચિરકાળ ચાલતી સજા રૂપ છે? એનો શું અંત જ નથી? પ્રભુની સામે શયતાનની પણ શું સત્તા છે? એ પ્રભુને નિઃસહાય બનાવી મુકી સૃષ્ટિના અંત સુધી રાજ્ય કરશે? આવું બધું વર્ણન કરનારી બાઇબલ શું ઇશ્વરદત્ત હોઇ શકે? બાઇબલની બહારનું બધું શું જુઠાણું જ કે?

ના, ના; આવું ન હોય. આવો લાઇલાજ પ્રભુ મને ન પાલવે. દુઃખ એ શાશ્વત સજા ન હોઇ શકે. અનંત નરકવાસ, વેદનાભરપુર જગત, આંહીથી શરૂ થતું દર્દ સદાકાળ માટે અસાધ્ય, ને એવી રચના કરનાર પ્રભુ કલ્યાણમય?! આ વાતો જુઠ્ઠી! પ્રભુ નથી.'

ઍનીની તીવ્ર ધર્મપરાયણતાએ પોતાની તમામ ઉગ્રતા આ સંદેહોમાં ઉતારી દીધી. એક શ્રદ્ધાળુ આત્મા એટલી જ અશ્રદ્ધા સમેત શાસ્ત્રોની સામે બળવો પુકારી ઉઠ્યો. એ ભીષણ સમરાંગણ ચાલતું હતું તેવે એક દિવસ પતિએ સખ્ત કજીઓ જગાવ્યો. સ્ત્રી ઉપર અત્યાચાર ગુજારીને સ્વામી બહાર ચાલ્યો ગયો, અને અબળાની આંખો શોધવા લાગી કે 'છુટી નીકળવાનું એક પણ દ્વાર શું નથી?'

'છે, દ્વાર છે' એવો વિચારનો ચમકારો થયો. ઘરમાં દવા માટે ક્લૉરોફૉર્મની શીશી આણેલી તે સાંભરી આવી. સુંઘીને આ સંતાપનો અંત આણ-વાનો સંકલ્પ થઇ ચુક્યો. ઢાંકણું ઉઘાડીને મોંએ ઉચકવા જાય છે ત્યાં, કેમ જાણે કોઇ ધીરેધીરે, મૃદુમૃદુ સ્વરે અને સ્પષ્ટપણે બોલતું હોય તેમ અવાજ આવ્યો, 'ઓ કાયર! ઓ ભીરૂ! શહાદતનાં સ્વપ્નો જોતી હતી ને આજે દુઃખનાં થોડાંએક વર્ષો પણ નથી સહેવાતાં? હાય ભીરૂ!'

શીશી બંધ થઇ; બગીચામાં ઘા થઇને ફેંકાઈ ગઇ; મોં પર લજ્જાનું વાદળું છવાયું. આપઘાતનો એવો સંકલ્પ જીવનમાં ફરી એક વાર આવેલો, પણ એક જ ક્ષણ ટકીને બુઝાઈ ગએલો.

૨

પોતાની શંકાઓ લઇને એ યુવતી એક મહાન પાદરી પાસે ઑક્સ્ફર્ડ ગઇ. પ્રભુપ્રેરિત ધર્મસત્યો ઉપર એક ક્ષુદ્ર યુવતીને આશંકાઓ જન્મે એ વાત ધર્મનો આ અંધ બંદો સહન જ ન કરી શક્યો. એણે એ શંકા કરનારને અનેક સખ્ત વિશેષણો વડે વધાવી. આ અક્ષમ્ય અપરાધ કરનારની સામે એ ધર્મગુરુએ અનંત નરકનું દ્વાર 'ઉઘડું! ઉઘડું!' થતું દીઠું. 'ચાલી જા! જલ્દી પ્રાર્થના કરવા લાગ' ક્ષમા માગવા મંડી પડ!' એવો ઠપકો પામીને નિઃશ્વાસ મુકતી ઍની ખ્રિસ્તી ધર્મની આવી મનોદશા પર વધુ કોપાયમાન બની પાછી વળી.

પરંતુ એક પાદરીની સહધર્મિણીને માટે આવી શંકામાં પડવું એ કેવું ભયાવહ હતું તે દેખાડનારૂં પ્રકરણ હવે ખુલ્લું થયું. પોતે પતિદેવના લત્તામાં ગરીબોની સતત સેવા કરતી હતી. બીમારોની સારવાર, નિર્ધનોને દ્રવ્ય–સહાય અને ખેડુતોના ત્રાસ સામે ભુખે મરતા મજુરોના પ્રશ્નોનો અભ્યાસઃ એ બધું ચાલુ રહ્યું હતું. પોતે ઝુંપડેઝુંપડે ભમતી. એક સ્થળે પોતે લખે છે કેઃ 'એક ઝુંપડામાં ચાર-ચાર પેઢીનાં કુટુંબીજનો એક જ સાથે સુતાં હતાંઃ મોટા દાદા ને તેની સ્ત્રી; એક નાની દાદી, જુવાન માતા ને નાનું બચ્ચું; અને એ પાંચની સાથે ત્રણ અન્ય પુરુષો; આઠે જણાં એક જ ઓરડામાં!

બીજાં ઝુંપડાંઓ તે ઝુંપડાં નહોતાં; બખોલો હતી. ત્યાં સંધી વા ને તાવ પણ માનવીની સાથે વસતાં.

મજુરોએ ખેડુતો પાસેથી વધુ રોજી મેળવવા 'યૂનીઅન' સ્થાપી. ખેડુતોએ એ યૂનીઅનના સભાસદને મજુર ન રાખવા નિશ્ચય કર્યો. એક જુવાન મજુર યૂનીઅનની સભામાં જઇને આવતો હતો. યૂનીઅન વિષે વાતો કરવાનું એણે પાપ આચર્યું. આખા પરગણામાં કોઇ એને મજુરીએ ન રાખે. એ બહુ ભટક્યો. આખરે નિરાશ થઇને મદિરાની લતે ચડ્યો. હું એના ઝુંપડામાં ગઇ તો એના ઓરત તાવમાં પડેલી છે, એના હાથમાં તાવભર્યું બચ્ચું છે, ને બીજું બચ્ચું મરી ગએલું પથારીમાં પડ્યું છે. મેં પુછ્યું, 'કેમ માંદી પડી છો?' 'કામ ન મળવાથી.' 'મરેલ છોકરૂં કેમ હજુ પડ્યું છે?' 'કૉફિન (સ્મશાનગાડી) નથી આવી તેથી.' અને રાત્રિએ એ ઓરત, બીમાર બચ્ચું, પીધેલો પતિ અને મુએલું છોકરૂં: ચારે જણાં બીજી જગ્યાને અભાવે એક જ પથારીમાં પોઢ્યાં!'

આવાં દરિદ્રોની સેવા તો આ નાસ્તિકતાનો વાયરો વાયા પછી પણ નહોતી જ અટકી. પરંતુ દેવાલયમાં જઈ દર રવિવારે પાદરી પતિની સાથે ઉભી પ્રાર્થના ગવડાવવી ને બાઇબલ સાંભળવું એ કર્તવ્ય એને હવે એક

વેણી વિખરાણી

વાવી આંગણું મેં તો વેલડી,
પાયું સીંચીને પાણી;
કળીઓ વીણી ગુંથી વેણલી,
ત્યાં તો વેણી વિખરાણી.

દાડી ગુંથીને દેખાડવા,
મારે વીરે વખાણી;
બેઠી હરખે માથું ઓળવા,
ત્યાં તો વેણી વિખરાણી.

કળીઓ તો દેવતેજ ઝીલતી,
કુંણી સઘળી કરમાણી;
સૌએ હજી હતી ખીલતી,
ત્યાં તો વેણી વિખરાણી.

કાં તો સુંદર બની ગુંથણી,
એથી વેણી નજરાણી;
નિરખી પુરી ન સોહામણી,
ત્યાં તો વેણી વિખરાણી.

કાં તો વેણી મારી લાડકી,
ઘેલી હુંથી રીસાણી;
હેતે કીધી મેં જ્યાં 'વેણકી',
ત્યાં તો વેણી વિખરાણી.

દેશળજી પરમાર

છળ લાગ્યું. કેમકે પોતે એ પ્રભુમાં માનતી બંધ પડી હતી. અંતરાત્માને વફાદાર રહી પોતે પ્રાર્થના કરાવવા જવું બંધ કર્યું. પતિની પ્રતિષ્ઠાનો સવાલ ઉઠયો. પાદરીના ઘરમાં નાસ્તિક પત્ની ! એવી જગબત્રીસીએ ચડતાં પતિ અચકાયો. એ કઠોર પુરુષે ૧૮૭૩ના ઑગસ્ટમાં રોગગ્રસ્ત, દુર્બલ પત્નીને એની પ્યારી પુત્રી સહિત ઘરમાંથી રજા દીધી. દીકરો ન સોંપ્યો. અને આ કૃત્યમાં કાયદો પતિને પક્ષે જ ઉભો રહ્યો !

ઍની નિરાધાર બની. પતિએ નક્કી કરેલી જીવાઇ તો ફક્ત ખાનદાન ભુખભરા પુરતી જ હતી. અને બીજી બાજુ પોતાની યુવાન પુત્રીને સંસારમાં નોધારી બનેલી જોઇને વિલાપ કરતી વૃદ્ધ માતાનું સાંત્વન મુશ્કેલ હતું. ઍનીએ માતાને પગે પડીને કહ્યું, 'ઓ મા ! કહે તો તને મારો પ્રાણ કાઢી આપું, પણ સત્યને તો તારે ખાતર પણ નહિ ત્યજું.'

ઘર, મિત્રો, સંસાર, બાળક ને સામાજીક પ્રતિષ્ઠા: તમામનું બલિદાન દઇને ઍની નીકળી પડી. કંઇ કંપનીઓ પાસેથી એજન્સી મેળવવા માટે પોતાની કને બાકી હતા તેટલા શિલિંગો બગાડયા. સીવણની કારીગરી કરવા માટેની જાહેરાતથી લોભાઇને તપાસ કરી, તો અઠવાડિયાં ને અઠવાડિયાં પછી ફક્ત સાડા ચાર જ શિલિંગની મજુરી મળવાનો સંભવ દીઠો. એક કંપનીની જાહેરાત મુજબ પ્રથમથી પૈસા મોકલ્યા, તેના બદલામાં પેન્સિલોની ડબ્બી આવી. લખાઇ આવ્યું કે આ પેન્સિલો તારાં ઓળખીતાંમાં ખપાવી આવજે ! સ્વમાનને સમજનાર ઍની ઓળખીના ઉપર એવો બોજો કેમ નાખે ? આખરે તે એક ઘરમાં 'ગવર્નેસ' બની. પ્રથમ વ્યવસ્થાપક, પછી મુખ્ય રસોયણ, પછી વાસીદું વાળવાનું કામ, અને પછી ઘરનું એક બાળક *બીમાર પડતાં આયાનું સુંદર કામ કરી બતાવ્યું.

દરમિયાન માતા મરતાં ઍની એકનો એક આધાર ગુમાવી બેઠી. માતાને દફનાવીને ઘેર આવતાં દીવાલોમાંથી પડઘા ઉઠ્યા કે 'તું એકલી થઇ ગઇ !'

એક ગરીબ ઘર રાખી, પત્રિકાઓ લખી આપીને ઍની આજીવિકા મેળવવા લાગી. ઘરની દાસી ડાહી હતી. પોતાનું જ કુટુંબ હોય તે રીતની બચત કરીકરી પૈસા ખર્ચતી. તેમ છતાં પણ ઍનીની આવક ત્રણ જણાંને માટે પુરતી નહોતી. બે જણાંનું જ ઉદરપોષણ થઇ શકે તેવું હતું. પોતે શું કર્યું ? સાંજનું વાળુ બચાવી લેવા માટે પોતે સવારે નાસ્તો કરીને જ ઘેરથી નીકળી પડતી. નાની દીકરીને દાસી પાસે જ મુકી જતી. દ્વાર સુધી વળાવવા આવીને 'મમ્મા ! આવજો !' એવું ઓશિયાળું મીઠું વિદાય-વચન બોલનારી પુત્રીને તો માતા એમ જ કહેતી કે 'બેટા, હું સાંજે શહેરમાં જ વાળુ કરીને આવીશ, હો !' પરંતુ નાની પુત્રીને ક્યાં ખબર હતી કે માતા તો આખો દિવસ બ્રિટિશ મ્યુઝીઅમમા બેસી અભ્યાસ કરે છે, અને પેલું 'શહેરમાં કરવાનું વાળુ' તો ફક્ત શબ્દોથી જ પતી જાય છે ! ભુખી માતા પેટ ભર્યાનો દેખાવ કરી સાંજે ઘેર આવતી, ત્યારે ઉંચે પગે ઉભીને પોતાનાં વાટ જોતી સુવર્ણકેશી વહાલી પુત્રીનું આતુર લાલ મુખ દેખી, ને એના કાલા શબ્દો સાંભળી પોતાના જઠરમાં સળગતી ક્ષુધા-જ્વાલાને વિસરી જતી. અને એવી નિર્દોષ બાળકીની પાસે ઝાંખું મોં લઇને ન જવાની કાળજી રાખી, થાકેલી, ભુખી ને દુઃખી માતા ઘરની બહારથી જ કૃત્રિમ સ્મિત ધારણ કરી લેતી.


આજે એ દુઃખના દિવસો યાદ કરીને ઍની બેસંટ કહે છે કે 'એવાં વીતકો વીત્યા બદલ હું રાજી છું. એણે જ મને બીજાનાં પેટના સંતાપો સમજતાં શીખવ્યું છે. આજે એ અનુભવને પરિણામે જ હું કોઇના મોંમાથી 'હું ભુખ્યો છું' એ શબ્દો સાંભળીને ક્ષણ વારને માટે પણ એ ભુખ મટાડયા વિના રહી શકતી નથી.'

૩

રવિવારની સંધ્યા નમે છે, આખો ખંડ શ્રોતાજનો વડે છલકાય છે અને વક્તા આવ્યાની જાહેરાત થતાં તાળીઓની ગર્જના થાય છે. શ્રોતાઓના પ્રચંડ સત્કાર સામે માથું નમાવી એક ઉંચો માનવી આસન પર બેઠો. ગંભીર, શાંત, કરડી મુખમુદ્રા; મોટું માથું; અણીદાર દષ્ટિ અને પ્રતાપવંત પહોળું લલાટ. એ માણસનું નામ ચાર્લ્સ બ્રૅડલો, અને એ સભા તે 'નૅશનલ સેક્યુલર સોસાઇટી' નામના, ધાર્મિક પાખંડો ને વહેમો સામે બંડ જગાવનારા મંડળની. બ્રૅડલો ઉભો થયો. વ્યાખ્યાન આરંભ્યું.



ઍની બેસંટ



વેણુગોપાલ

ચિત્રકાર : રવિશંકર રાવળ



ઍની બેસંટ : યુવાન વયે

ધારેધારે, સાદી સરળ રીતે, કૃષ્ણ અને ક્રાઇસ્ટની પૌરાણિક વાતોની સરખામણી કરતો કરતો, ધાર્મિક પાખંડોને વિદારતો વિદારતો એ માનવીનો અવાજ જોરદાર બન્યો, ઉગ્ર બન્યો, ખંડમાં કોઇ રણશીંગા સમ ગાજવા લાગ્યો. એની વાણીમાં સંગીન જ્ઞાન અને તેજસ્વી ભાષાનો સુંદર મેળ હતો. વાક્છટા, લાગણીની આગ, કટાક્ષોના તણખા, કરુણાનો રસ ઇત્યાદિ એક પછી એક શસ્ત્રો ઉઠાવીને એ માનવી ખ્રિસ્તી ધર્મના પાખંડ પર પ્રહારો ચલાવતો હતો; અને આખરે એના સબલ નાદ સામે શાંત સમાધિસ્થ બની ગએલા, ધીરા શ્વાસ લેતા શ્રોતૃસમુદાયે, એ બેઠા પછી થોડી શાંતિ જાળવી મંડપનું છાપરૂં ફાટફાટ થાય તેવા હર્ષનાદ ગજાવ્યા.

'શ્રીમતી ઍની બેસન્ટ!' બ્રૅડલો કાગળિયો લઈ ઍનીને ઓળખ્યા વિના, કેવળ ચહેરા પરથી જ અનુમાની લઇ આગળ આવ્યો, અને 'નાસ્તિકવાદ વિષે તમે કહો ત્યારે સમજ પાડવા તૈયાર છું' એટલા શબ્દો કહ્યા.

ઍની બેસન્ટને પોતાનો પૂર્વ જન્મનો જુનો બાંધવ મળી ગયો હોય તેવી ઊર્મિ થઈ આવી. જે માનવીને વિલાયતની પ્રજા ધમાલિયો ભાષણખોર, ધર્મદ્રોહી અને ચારિત્ર્યભ્રષ્ટ કહી ધિક્કાર દેતી, ને છતાં દેશનાં ગરીબો જેને પોતાનો રક્ષણહાર ગણી માથાં ઉતારી દેવા તૈયાર હતાં, તે આ બ્રૅડલો. પાદરીઓના ધર્મપાખંડ ઉપર પોતાના નાસ્તિકવાદનું ખડ્ગ લઇ પ્રહારો કરનાર એ બ્રૅડલોનું નામ ધર્મચુસ્તોની અંદર શાપ સમાન હતું, કેમકે એ પ્રજાને બુદ્ધિવાદ તરફ લઇ જતો હતો. ખ્રિસ્તી ધર્મમાં વર્ણવાએલા એવા લાઇલાજ પ્રભુનું કિરતારપદ એને કબુલ નહોતું. મૃત્યુ પછી પુણ્યની રૂસ્વત તરીકે સ્વર્ગસુખ મળશે એ વાત તેને મનથી છલના હતી. સદ્ગુણને પોતાને જ ખાતર સદ્ગુણ; શિયળને ખાતર જ શિયળ; આ



ચાલ્સ બ્રૅડલો

જન્મના સંતાપોનું નિવારણ પણ આ જન્મનાં જ ઉપાયો થકી; અનંત નરકની ઘોર યંત્રણા ન હોઇ શકે; પાપીનો ઉદ્ધારમાર્ગ સદા ખુલ્લો જ છેઃ એવી આશામય નાસ્તિકતા–ફીલ્સુફીનો એ પ્રચારક અંગત જીવનમાં તપસ્વી સમ પવિત્ર છતાં દારૂણ આક્ષેપોનો ભોગ થઇ પડેલો. 'પ્રભુના શપથ' લેવાનો કાયદો ફેરવવાની કોશીશ ન લેવા માટે તો પાંચપાંચ વાર પાર્લામેન્ટમાંથી માર ખાઇખાઇને બહાર નીકળેલો, છતાં એ વારંવાર ચુંટાયે જતો. એક આંગળી ઉંચી કરે તો આખી પાર્લામેન્ટના ટુકડા કરી નાખે તેવું પ્રચંડ અનુયાયી–દળ હાજર ઉભું છતાં, ખામોશ પકડી શરીર પર મારામારી સહતો. ગરીબોની સેવા અને ધાર્મિક છુટા વિચારનું પ્રચાર કામઃ એમાં જેના જીવનનાં સકલ શસ્ત્રો સમાતાં અને જીવતીજાગતી માનવજાતિ એ જ જેનો પરમેશ્વર હતી, એવા એ નરોત્તમને ઍની બેસંટે મિત્ર કરી સ્વીકાર્યો. બ્રૅડલો કહે કે 'મિસિસ બેસન્ટ! મને તમારે ઘેર ન બોલાવો. તમારા પર પીટ પડશે.' પણ ઍનીને તો હવે કશું ગુમાવવાનું રહ્યું નહોતું. એ બ્રૅડલો સાથે જોડાઇ. નાસ્તિકતાની દીક્ષા લીધી. સોસાઈટીના સામાહિક પત્રની સહ–તંત્રી બની. લખીને અને બોલીને ખ્રિસ્તી ધર્મના ઘાતકી નિયમો ને ધાર્મિક માન્યતાઓ ઉપર, રાજસત્તાના જુલ્મો, પાખંડો, ધર્મને નામે ચાલતા વિગ્રહો, પાદરીઓના પાથરેલા ફાંસલાઓઃ તમામ પર વિજ્ઞાન, ઇતિહાસ, તર્ક અને બીજાં જે મળ્યાં તે તમામ શસ્ત્રો વડે ઉગ્ર હલ્લા ચલાવ્યા. અને તેની કેટલી કીમત દેવી પડી? નાસ્તિકતા એટલે જ અનીતિવાદ, એવું જુઠાણું ચલાવીને વિરોધીઓએ એના ચારિત્ર્ય પર બીનપાયાદાર હુમલા કર્યા. એને મારી નાખવાની પણ ધમકીઓ મળી. એથી તો ઍનીને ઉલટું શુરાતન ચડ્યું. વ્યાખ્યાનો કરતી વખતે શરીર પર પત્થરો

વાગ્યા એ પ્રહારોએ ઍનીને વજ્ર સમ બનાવી.

પણ આખરે એક છેલ્લું બલિદાન દેવાની ઘડી આવી પહોંચી. એના પતિએ પોતાની દીકરીનો કબજો ઍની પાસેથી લઈ લેવા અદાલતનો આશરો લીધો. અને 'એની' ઓરત હોવા છતાં કોઇ પણ વકીલ રોક્યા વગર જાતે જ અદાલતમાં મુકદ્દમો લડવા હાજર થઇ. ઓરત જાત જાતે અદાલતમાં ન આવી શકે તેવી તે કાળની સામાજિક પ્રથા હતી. અને રૂઢીપૂજક યહૂદી ન્યાયાધીશ આ યુવતી અદાલતમાં આવે છે એટલાથી જ બસ ચમકીને, ઍની કોઇ મહા પાપિની હોય તેમ માની ઍનીના ગેરલાભમાં ઉતર્યો. ધર્મહીન માતાના હાથમાં દીકરી પણ ધર્મહીન બને, એ દલીલને જોરે એની પુત્રી એના હાથમાંથી બળાત્કારે ઝડપાઇ ગઈ. માતાના અંધારા જીવનનું એકનું એક કિરણ ખેંચાઈ ગયું. પુત્રી ચીસો નાખતી હતી, હજુ તાવલેલી હતી, છતાં ઘાતકી પિતાનો નોકર આવીને એને ઘસડી ગયો. એ નૃત્ય કરતા બે પગ, બચ્ચી ભરતું મોં, કિલકિલાટ કરતું હૃદય ને સુનેરી ઝુલ્ફાં ચાલ્યાં ગયાં. પતિને ઘેર બચ્ચાંને મળવા જવાની પણ મના થઇ. અંતે જીકર કરીને એટલી રજા મેળવી ખરી. પણ માતા ત્યાં જતી ત્યારે એને અપમાનો ને કટાક્ષો મળતાં અને બચ્ચાં બાપની ધાકથી માને દિલ ખોલી ભેટી પણ નહોતાં શકતાં. ઊલટું વિદાય વખતે બચ્ચાં ઝુરતાં અને ઝુરવા બદલ બાપની શિક્ષા સહેતાં. પોતાની મમતાને તૃપ્ત કરવા જવાથી બચ્ચાં ઊલટાં વધુ પીડા પામે છે એ જોઇ ઍનીએ પોતાની મુલાકાતો બંધ કરી. અંતર ચીરાતું હતું, પણ બીજો ઇલાજ નહોતો. કાયદો વ્યભિચારિણીને બચ્ચાં પર જે હક્ક આપતો, તે પરિણિતા માતા પાસેથી છિનવી લેતો! (આજ કાયદો બદલાયો છે.)

૪


અઢાર વર્ષો સુધી ધાર્મિક પાખંડો સામે ઍની બેસંટે અથાક યુદ્ધ ચલાવ્યું. એ લખે છે કે 'જ્યાંજ્યાં વિચારસ્વાતંત્ર્ય અને ઇન્સાફ ઉપર ઘા થયો છે, ત્યાંત્યાં મારી કલમે અને જબાને ચુપકીદી તોડી છે. નિરંતર હું અગ્નિચક્ર હાથમા લઇને ઘુમી છું.'

આ કાર્ય માટે ભાષા ઉપર અલૌકિક પ્રભુતા જોઇએ. અને ઍની બેસંટે એ પ્રભુતાને આજ જગતભરના ઉત્તમ વક્તાઓની ટોચે પહોંચાડી છે. પ્રથમ જ્યારે એને પોતાના ઉભરા વ્યક્ત કરી દુનિયાને સમજાવવાની ઇચ્છા થઈ, ત્યારે એની જીભ પર શબ્દ નહોતો ચડતો. એક વાર એ પોતાના પતિના દેવળમાં વાજીંત્ર બજાવવા ગએલી. અંદરથી દ્વાર વાસી દીધાં, અને નિર્જીવ ખુરશીઓ સામે ભાષણ કરવાની અજમાયશ કરી હતી. ત્યાં પણ એના પગ પ્રથમ ધ્રુજી ઉઠેલા. પણ પછી તો પાતાળ ફુટીને પ્રવાહ ચાલે તેમ વાણી નીસરી. ખુરશીઓને એણે કલ્પનાનાં માનવીઓથી ભરી દીધી, ને જાણે કલાકો સુધી એ કાલ્પનિક શ્રોતાવર્ગને મંત્રવશ કરી રાખ્યો! એ એનો પ્રથમ અનુભવ. તે પછી એ જાહેરમાં ખડી થઇ. પહેલું જ વ્યાખ્યાન 'સ્ત્રીઓની રાજપ્રકરણી પદવી' પર દીધું. આજે એ સિદ્ધિ એટલી હદ સુધી પહોંચી છે કે એની જીભના ટેરવા પર રાજસત્તાઓ અને ધર્મસત્તાઓનાં જીવનમૃત્યુ રમે છે એમ કહી શકાય.

રાજપ્રકરણમાં પણ તમામ પરાધીન પ્રજાઓની તરફદારી કરવામાં એણે તે કાળનાં રાજદ્વારી જોખમોની તમન્ના કરી નહોતી. પોતાની માતૃભૂમિ આયર્લંડ ઉપર તે વખતે પ્રજાપીડનનાં નવાંનવાં ચક્રો નખાતાં હતાં. તેની સામે એણે પોતાની જ્વાલા ચલાવી હતી. 'ઇંગ્લંડ, ઇન્ડિયા ઍન્ડ અફઘાનિસ્તાન' નામનું પુસ્તક લખી હિંદ પ્રત્યેની બ્રિટનની નીતિને એના સાચા સ્વરૂપમાં ખુલ્લી પાડી હતી. અદાલતમાં કાયદાની લડતો પણ પ્રજાના વિચારસ્વાતંત્ર્યનો પક્ષ કરવાને ખાતર જ એ લડ્યા કરતી હતી. કેદ પકડાવાનો ડર તો ગયો જ હતો; કેમકે અબળા મટીને એ રણચંડી બની હતી.

ઇ. સ. ૧૮૮૫ની લગભગમાં એના જીવનમાં બીજો પલટો આવ્યો. વાસ્તવિક એ પલટો નહોતો, પણ એકના એક સમરાંગણની અંદર નવી વ્યૂહ-રચના પર જાણે નિમણુક થઈ હતી; માનવસેવાના જીવનની એક નવી કડી હતી. ઍની બેસંટે ચાર્લ્સ બ્રેડલોની સંસ્થા ત્યજીને 'સોશિયલિઝમ'—સમાજવાદમાં ઝુકાવ્યું. સમાજવાદની સાથે એની જીવન-સાંકળને પ્રથમ સાંધનાર પુરુષ જ્યૉર્જ બર્નાર્ડ શૉ.

[અનુસંધાન આગળ પાન ૩૩૭ મે]



બારવટિયો

ઇડર શહેરમાં કાઠિયાવાડના અમરેલી ગામથી કોઇ જ્યોતિષ જાણનારો બ્રાહ્મણ આવ્યો છે. રાજા કલ્યાણમલજીને આ જોશીના સામર્થ્યની જાણ થઇ છે. એણે હુકમ દીધો કે 'હાં, બોલાવો એ બ્રાહ્મણને રાજ-કચેરીની અંદર.'

બ્રાહ્મણ આવ્યો અને મહારાજે એને પ્રશ્ન કર્યો કે 'મારૂં મોત કહી દેશો જોશી?'

'મારવું-જીવાડવું એ તો પ્રભુના હાથની વાત છે, રાજાજી! હું તો ફક્ત જન્મોત્રીના આંકડા માંડીને ભવિષ્ય ભાખું છું. મારે કહ્યે માણસ કાંઇ મરતાં નથી.'

'મારૂં ભવિષ્ય જોશી?'

'ભલે, લાવો જન્મકુંડળી.'

જન્મકુંડળીના આંકડા જોઇને જોશીએ ગંભીર ચહેરે રાવને જણાવ્યું, 'આટલાં બધાં માણસોની વચ્ચે કહેવડાવવું રહેવા દો મહારાજા. ફરમાવો તો હું આપને એકાંતે મળું.'

'ના, ના, જોશી! આ સૌ મારા સાટે જીવ દેનારા રજપુતો છે. એનાથી મારે અંતર્પટ ન હોય. કહો, જે કાંઇ મારી જન્મકુંડળીમાંથી નીકળતું હોય તે.'

'ઠીક ત્યારે બાપુ! આજથી ઓગણત્રીસમે દિવસે તમારે માથે વિજળીની ઘાત છે.'

પચીસ વર્ષના જુવાન રાજા કલ્યાણમલના હોઠ ઉપર મરકલડું તરવરવા લાગ્યું. મધ્ય ચૈત્ર માસ ચાલતો હતો. આભમાં વાદળાંનું ધાબું પણ નથી. રાત પડતાં નક્ષત્રો નિર્મળ તેજે ચળકે છે. આભને આઘેઆઘેને ખુણે પણ વરસાદના વાવડ નથી. કલ્યાણમલજી જોશીની વિદ્યા ઉપર મીઠુંમીઠું હસ્યા.

'મહારાજ!' જોશીએ જમદૂતની મક્કમ વાણીમાં કહ્યું 'આ આંકડાની ગણતરી છે,—વિધાતાના લેખ જેવી. ઓગણત્રીસમે દિવસે જતન રાખજો.'

'અને ગણતરી ખોટી પડે તો?'

'તો જનોઇને બાળીને પી જાઉં.'

'એમ નહિ મા'રાજ; જુઓ, તમારું ભાખ્યું જુઠું પડશે, તો જન્મકેદ દઇશ; અને સાચું પડશે તો ઇડર રાજ્યનું એક ગામ આપીશ. લાવો ત્રાંબાનું પતરૂં.'

ત્રાંબાનું પતરૂં મંગાવી કલ્યાણમલે એક ગામનો પટ્ટો કરી કારભારીને સોંપ્યો. આજ્ઞા દીધી કે ઓગણત્રીસમો દિવસ ઉતરીને ત્રીસમો દિવસ ઉગે, અને જો વિજળી પડી હોય, તો આ બ્રાહ્મણને લેખ સુપ્રત કરજો.

બ્રાહ્મણને નજરકેદ રાખવામાં આવ્યો. આ તરફ ઓગણત્રીસ દિવસની અવધિ ઓરી ઓરી આવવા લાગી. થાતાંથાતાં બાવીસ દિવસ ઉગ્યા ને આથમ્યા, ત્યારે રાજના ચતુરસુજાણ માણસોના મનમાં વિચાર ઉગ્યો કે વખત છે ને કદાચ બ્રાહ્મણની વાણી સાચી પડે. માટે કોઇ વિજળીનો પ્રહાર ઝીલીને જતન કરે તેવી જગ્યાએ ઓથ લેવો ભલો.

બ્રાહ્મણે કહ્યું કે 'બરાબર છે. હું નથી કહેતો કે રાજાનું મોત છે; હું તો કહું છું કે રાજાને માથે વિજળીની ઘાત છે. કોઇ સારો ઓથ લઇને તમે એ ઘાતને મોળી પાડી શકશો.'

'ઓથ લેવાય એવું તો આપણા જોધપરિયા ડુંગરાનું ભોંયરૂં છે' એમ જાણકારોએ જાણ દીધી. જોધપરિયાના ભોંયરામાં છેલ્લું અઠવાડિયું વીતાડવાનું નક્કી થયું. ભોંયરામાં સાફસુફી થઇ અને સરંજામ પહોંચ્યો.

વાદળની સાથે વાતો કરતો, જુગજુગથી વીજ-વરસાદના ને તોફાનના ઘા ઝીલતો, કાળો ઘોર

જોધપરિયો, કાળના હૈયામાં ખટકતી ખીલી સરીખો, ઇડરની ધરતી ઉપર પડછાયા નાખતો અને ગરુડ પંખીઓને આશરો દેતો ઉભો છે. એનાં ભેરવી તુંડને માથે કાળનો એક ઘા પણ પડ્યો નથી. એ ઉભો છે, જાણે કોઇ વ્રતધારી જોદ્ધા કવચ પહેરીને આઠે પહોરની આલબેલ દેતો પહેરો ભરે છે; કોઈ જટાધારી જોગંધર જાણે આસન વાળી અલખની સમાધિમાં બિરાજે છે.

એવા અટંકી ડુંગરાની પલોંઠી નીચે મોટી દરબાર કચેરી માય એવડું પોલાણ પથરાએલું છે. એ પોલાણની અંદર બાવીસમા દિવસની સંધ્યાને સમયે રાવ કલ્યાણમલજીએ, પોતાની થાળીમાંથી કોળિયો લેનારા તેવતેવડા ને બુઝર્ગ મળી પાંચસો સંગાથીઓની સાથે રહેઠાણ આદર્યું. રોજ રાતે ગાણાં બાજણાંનો રંગરાગ રેલાય છે; અને સામે મોતના સાદ પડે છે તે જાણે કે આનંદના અવાજમાં ડુબી જાય છે.

સાત દિવસમાંથી એક દિવસ વીત્યો, બીજો દિવસ ઉગીને આથમ્યો, ત્રીજા દિવસની ઝડ લાગી; તેમતેમ તો રાવ કલ્યાણમલજીની નજર ખેંચાતી જાય છે કે જે પાંચસો સાથીડા સોનાની મુઠે તલવાર લઇને પોતાની ચોગમ વીંટાસને ઝુકતા હતા, તેમાંથી રોજરોજ થોડેથોડે સરકીસરકીને ઘર ભેળા થવા લાગ્યા છે. કાળના મોઢામાં ઓરવા માટે રાખી મુકેલા એ જોદ્ધાઓ આમ ઓછા થાય છે તેથી રાવને તો કંઇ યે વહેમ નથી આવતો. કાંઇક કામે જતા હશે, કાંઇક મારા રક્ષણનો ઉપાય વિચારવા જતા હશે, એવો અર્થ કરીને રાવ મન વાળે છે.


પણ એમ થાતાં તો ઓગણત્રીસમા દિવસનું પ્રભાત પડ્યું, અને આભને આરે કાળના કાફલા નાંગરતા હોય તેવાં વાદળાંની આવજા મંડાઈ ગઇ. એક પહોર, બે પહોર, અને ત્રીજે પહોરે તો દોવરા ને ચોવળા થર બાંધીને વાદળાંએ આભમાં ઘટાટોપ જમાવટ કરી દીધી. કાળનાં ડમરૂ બાજતાં હોય તેવી ઘણેણાટી એ ઘધુંબેલા ગગનમાંથી ઉઠવા લાગી. જાણે પ્રલયનાં નગારાં માથે કાળભેરવો વજ્રની દાંડી વડે ઘોંસા દેવા મંડચા. કોઇ મંત્ર જાણનારે જાણે મંત્ર છાંટીને મોતની સેનાને જગાડી મુકી.

કલ્યાણમલજીના હાથમાં હોકાની નળી રહી ગઇ છે, અને એને વીંટીને હવે એક જ સો સાથીડા બેઠા છે. એમાંથી તો એક પણ ઓછો થવાની બીક નથી. પણ જેમજેમ તોફાનનાં મંડાણ જામતાં ગયા અને આભના ગડેડાટથી જોધપરિયો ડુંગર ગુંજવા લાગ્યો, તેમતેમ કલ્યાણમલે દીઠું કે પોતાની હજુરમાંથી એક પછી એક સાથી નોખનોખાં બહાનાં બનાવી લપાતોલપાતો સરતો જાય છે. એમ થાતાંથાતાં બપોરટાણું થયું ત્યાં તો પાંચસોમાંથી ચારસો ને પંચાણું ફટકિયા મોતી વીણાઇવીણાઇને બહાર નીકળી પડ્યાં, અને બાકી રહ્યા પાંચ એંશીએંશી વરસના બુઢ્ઢાઓ. એ પાંચ ડોસા કઠણ છાતી કરીને રહ્યા તો ખરા, પણ રાવ કલ્યાણમલથી આઘેરા જઇને ભોંયરાના છેટા ખુણામાં લપાતા બેઠા. પોતાના અન્નદાતાની પાસે બેસવાથી તો એમને પણ વિજળી વાગવાની બીક હતી!

'દુનિયા! વાહ દુનિયા! વાહ દુનિયા!' એવા ત્રણ ધગધગતા નિઃશ્વાસ રાવના હૈયામાથી નીકળી પડ્યા. મરક! મરક! મરક! મુખ મલકાવીને રાજા પોતાના ઓલવાતા હોકામાંથી જોર કરીકરી ધુંટો તાણવા લાગ્યા. બીજી બાજુ ગગનની પ્રલયકારી અસુર–સેનામાં વિજળીનો વધારો થયો.

ઘડી આભનાં અંતર ભેદતી ને ઘડી ધરતીને માથે ગડથોલાં ખાતી વિજળીએ ઘનઘોર નાટારંભ માંડ્યો. કડડડ! કડડડ! ત્રણત્રણ કટકા થઇને ડુંગરાને હલમલાવવા લાગી. પીળા, લાલ અને આસમાની રંગે ડુંગરો રંગાવા લાગ્યો. હમણાં ડુંગરનાં શિખર ખડેડીને ભુક્કો બની જશે એવી ઘડીઓ ગણાતી થઇ. ઇડર શહેરને ગઢે, કોટ, કાંગરે, ઝાડવે ને ઝરૂખે, હજારો માનવી ચઢીચઢીને જોધપરિયા ડુંગરા માથે મોતની આતશબાજી મંડાણી હતી તે નિરખી રહ્યા. ઘડીક ઝળાંઝળાં અજવાસ, ઘડીક ઘોર અંધારું, કડેડાટ, ગડેડાટ અને પવનના સુસવાટા! હમણાં ડુંગર તુટશે, એ તુટ્યો: એવા ફફડાટ! મહેલમાં માળાઓ લઇને હર! હર! હર! હર! કરતી બેસી ગએલી રાણીઓ અને હૈયેહૈયું દળાય તેવી મેદની: એની સામે કલ્યાણમલ હોકાની ધુંટો તાણતા, મોંમાં આંગળી નાખીને અચલ બેઠા છે.

એવે સમયે ઇડરના સીમાડા માથે એક સાંઢિયો પોતાની પીઠ ઉપર બે બોકાનીદાર પડછંદ અસવારોને



મોટેરા બારવટિયાએ રાવનો હાથ ઝાલ્યો:
'ઉઠ, ભાગી જા!—ઝટ બહાર નીકળી જા!'

ઉપાડીને ચાલ્યો આવે છે. જમીન ઉપર લા બળતી હોય તેવા ઝબ્યા—ન ઝબ્યા પગ માંડતો, ડીલને નીડોળીને પંદરપંદર હાથ માથે ઝાકો કરતો, પોતાની ડોકને છેક અસવારના ખોળામાં નાખી દેતો, કટકા કરી નાખો તો પણ કણકે નહિ એવો, અને પા ગાઉ માથેથી પણ માનવીના પગલાં કળીને બેતરવા જેટલે આઘે તરી જનારો, બારવટાંની રીતને જાણનારો અસલ થરનો ઉંટ પંથ કાપતો આવે છે.

માથે બેઠેલ બંને અસવારો દુધમલિયા જુવાનો જ છે. એમાંના એકનું નામ કલ્યાણસંગ અને બીજાનું નામ ઉમેદસંગ છે. બેયની કમ્મરે તલવારો લટકે છે અને બેયના ખોળામાં અક્કેક લાંબી નાળીવાળી બંદુક છે.

'ઉમેદ!' મોટા અસવારે સાદ દીધો.

'બોલો ભાઇ!'

'ઉમેદ, જોજે હો, થડકારો થાય નહિ. આજ નાનકડી લુંટમાં કે કોઇ બીચારા નવાણિયાને કુટવામાં નથી રોકાવું. બહુબહુ વાર બાપડા નિર્દોષોનાં માથાં ઉતાર્યાં છે. આજ તો ઇડર રાજની મુછનો વાળ હોય તેવાને જ ફુંકી દેવો છે હો! ભલે પછી ત્યાં કટકા થઇ જઇએ.'

'મોટા ભાઇ! મુંઝાઓ મા. આ વખત છેલ્લી વારના જુવાર કરીને જ નીકળ્યો છું. અને હવે અબળખા નથી રહી. ગળોગળ આવી ગયા છીએ. આજ તો એને મારીને એના રુધિરમાં આપણી દાઢી–મુછોના કાનરા ભીંજાવા છે.'

'ટીંટોઇની જાગીરનું એક છોકરૂં પણ જીવતું રહે ત્યાં સુધી ઇડરનો ધણી નીંદર ન કરી શકે, એવી રીતે આજ મરી જાણવું છે હો ભાઇ!'

'એમાં કહેવું ન પડે. પણ અહાહાહા! આ શો મામલો? ગઢનો કાંગરે કાંગરો ને ઝાડની ડાળીએડાળી આજ સજીવન કાં? આ કાળી રાતે ક્યાં ય નહિ ને જોધપરિયા ડુંગરા માથે વિજળી કાં ગડથોલાં ખાય?'

'અરે, પણ સીમાડે ક્યાં ય એંધાણ નહિ ને શહેરમાં આ મેઘાડંબર ને વાવાઝોડું ક્યાંથી?'

બંને જણા અજાયબીમાં ગરકાવ થઇ ગયા.

ગગનમાં કડાકા થાય છે તેમ બંનેની વજ્ર શી છાતી પણ થડક ! થડક ! થઈ વાદળના વાજીંત્રની સાથે તાલ દેવા લાગી ગઇ. થોડી વારમાં તો સાંઢિયો ઇડરના દરવાજા પાસે આવીને ઉભો રહ્યો અને આગલા અસવારે દરવાનને હાકલ દીધી કે ' આ બધું શું છે આજ ?'

ઉઘાડી તલવારે ટેલતા પહેરેગીરે ટુંકોટચ ઉત્તર દીધો કે ' રાવ સાહેબને માથે આજ વિજળી પડવાની છે.'

'કોણે કહ્યું ?'

' અમરેલી ગામના જોશીએ.'

' ક્યાં છે રાવ ?'

' જોધપરિયાના ભોંયરામાં.'

'કોણકોણ છે સાથે ?'

'હતા તો પાંચસો, પણ અટાણે પાંચ રહ્યા છે.'

'ઉમેદા ! જામગ્રી સળગાવ !' કહીને કલ્યાણમલે દોરી ડોંચી ઉંટને વાળ્યો ને જોધપરિયા માથે ઉંટ વ્હેતો મેલ્યો. કોટને કાંગરેથી માનવી જોઇ રહ્યાં કે સાંયઢિના અસવારો જોધપરિયે મરવા માટે જાય છે. વિજળીના અજવાસમા ઉંટ અનેક રંગે રંગાતો આવે છે. ગડેડાટ કરીને ખાઇ જવા તત્પર થએલા આભ સામે છાતી કાઢીને મરણિયા ઉંટ ફાળ ભરતો ચાલ્યો જાય છે.

અસવારોએ ડુંગરાની તળેટીમાં ઉંટ ઝોકાર્યો. ઉંટ ઝુક્યો ત્યાં તો બંને અસવાર સપાટામાં ઠેકડા મારીને ઉતર્યા. ભોંયરાને બારણે દાખલ થયા. કલ્યાણસંગે પોતાની બંદુકની જામગ્રી ચેતાવી.

'ઉમેદા ! જોજે હો, તું ઘા કરતો નહિ. હું હિસાબ ચુકાવીશ.'

એટલું કહીને કલ્યાણસંગ દાખલ થયો. અંદર જાઇને જુવે તો, હલમલીને તુટું ! તુટું ! થતા ડુંગરની નીચે, જીવતા માણસનું પ્રેત બેઠું હોય તેવા રાવ કલ્યાણમલને બેઠેલ દીઠો.—એકલો ! નિરાધાર ! અને મરવાની અણી ઉપર !

કલ્યાણસંગના અંતરમાં ઉભરો આવ્યો, 'આહાહાહા ! મારો ભાઇ; ઇડરનો છત્રપતિ એકલો !'

'મોટા ભાઇ ! ભારી લાગ મળ્યો. હુંયે હતુ ખું. જો મોરલી......' એમ કહીને જ્યાં ઉમેદસંગ બંદુક ઉગામવા જાય છે ત્યાં તો કલ્યાણસંગે ઉમેદાનો હાથ ઝાલ્યો. 'ઉમેદા ! જામગ્રી ઓલવી નાખ !'

'કોણ તમે ?' બોલતાં જ રાવનો અવાજ ફાટી ગયો.

'અમે કોણ ? નથી ઓળખતો, બાપ ! તેં રાનરાન ને પાનપાન કરી નાખેલા તારા ભાઇ ! ન ઓળખ્યા ?'

એટલું કહીને બંને જણાએ બોકાનાં છોડયાં. સુસવતા વાયરામાં બંનેની મુછો ફરકી રહી.

'કોણ ! કલ્યાણ ? ઉમેદ ? તમે આવી પહોંચ્યા ?'

'હા બાપ, અટાણે ન આવીએ તો પછી ક્યારે ?' કહીને કલ્યાણસંગે હાસ્ય કર્યું.

' ભલે આવ્યા કલ્યાણ, ઉમેદા ! બ્રાહ્મણની વાણી સાચી પાડવા ભલે આવ્યા. તમારાં મ્યાનમાં પણ વિજળી જ છે ને ! ખેંચો ભાઇ.'

સાંભળીને બારવટિયાની આંખો પલપલતી દેખાઈ. બારવટિયા કાંઈ બોલી ન શક્યા. ત્યાં તો કડડડ ! ડુંગરો કડેડયો અને રાવે કહ્યું, 'કલ્યાણસંગ ! ભાઇ ! તું ભાગી જા. હમણાં વિજળી પડશે. તું જીવતો નીકળ; નીકર ઇડરનો વંશ ઓલવાશે.'

'ભાગી જાવું હોત તો આવત જ શા માટે ? અને તને બહુ વહાલા હતા તે તો ભાગી ગયા. એની ભંભેરણીથી તો તેં આમારો રોટલો ઝુંટવ્યો છે.'

કડડડ ! બીજી વાર મોતનો સાદ પડયો અને મોટેરા બારવટિયાએ રાવનો હાથ ઝાલ્યો. 'ઉઠ, ભાગી જા, બહાર નીકળી જા.'

'અને તું ?' રાવે પુછ્યું.

'હું તારો નામેરી છું. ઉઠ, બ્રાહ્મણની વાણી ભલે સાચી પડે. હું ખાઇખી ઉતર્યો છું. ઉઠ, તું લાખુંનો પાલણહાર—'

'હું ઉઠીને તને મારી ઘાત ઝીલવા દઉં ? રામ રામ......' ત્યાં તો કડડડ ! ત્રીજો કડાકો થયો. આભ તુટી પડયો. ડુંગરો હલમલ્યો. ઉપરથી શિખર ચીરાણું. બાર સુરજ ભેળા ઉગ્યા હોય તેવો ઉજાસ થયો. અને એક પળમાં બારવટિયા કલ્યાણસંગે રાવનું બાવડું ઝાલી ઘા કર્યો. રાવ આઘેના ખુણામા જઇ પડયો અને વિજળી પડી. બારવટિયાના એ લંબાવેલા હાથને બોટી પાડી, પાછી છલંગ મારી, બ્રહ્માના જાણે ચુરા કરી નાખશે તેવી કીકીઆરી કરતી, તાંડવ રમતી, ગગનમંડળમાં એ ઈંદ્ર મહારાજની સળગતી સમશેર પાછી ચાલી ગઇ.

જે હાથે બારવટિયે રાવને ફગાવ્યો, તે જ હાથને લંબાવેલો રાખીને બારવટિયો ૐ હર હર ! ૐ હર હર ! ૐ હર હર ! ના મુખોચ્ચાર કરતો બેઠો રહ્યો. પલકમાં તો તોફાન સંકેલાઇ ગયું; જાણે સ્વપ્નું આવીને ગયું. બ્રાહ્મણના અક્ષર સાચા પડ્યા. ' કલ્યાણ ' નામના બે માણસોમાંથી એક ઉપર વિજળી ત્રાટકી, અને બરાબર વખતસર રાજા કલ્યાણમલનાં ઘાત બારવટિયા કલ્યાણપંગે પોતાના શરીર ઉપર ઝીલી લીધા.

' ભાઇ ! મારા ભાઇ ! ' એમ બોલતો રાવ આવીને બારવટિયાના પગમાં પડી ગયો. ગદ્‌ગદ કંઠે કોઇથી કાંઇ બોલાયું નહિ.*

ઝવેરચંદ મેઘાણી

[' સૌરાષ્ટ્રની રસધાર 'ના અપ્રકટ ભાગ ૫ મામાંથી]

જર્મની જવા સંબંધે

એક ખુલાસો

' કુમાર 'ના વૈશાખ અંકમાં ' જર્મની જવું હોય તો ' એ મથાળા નીચે છપાએલ પત્ર વાંચી વિદ્યાર્થીવર્ગમાં એવી ગેરસમજુતી ફેલાઇ જણાય છે કે અહીં આવનાર વિદ્યાર્થી જાતે કમાઇ, સ્વાશ્રયી રહી અભ્યાસ કરી શકે. મેં એ પત્ર ફરીફરી વાંચી જોયો, છતા મને ક્યાં ય એવો અર્થ નથી સુઝતો. તો પણ આ ભુલ વધારે ન ફેલાય એ માટે હું સ્પષ્ટ લખી જણાવવાની મારી ફરજ સમજું છું કે જાતે કમાઇ અભ્યાસ કરવાની મહત્વાકાંક્ષા સેવનારે અહીં આવવાની ભુલ કરવી ન જોઇએ. જર્મનીમાં જ સંખ્યાબંધ બેકારો છે અને એ સૌને રાજ્ય તરફથી નિયમિત રીતે પગારની માફક બેકારીનું આશ્રયદ્રવ્ય આપવું પડે છે. આવી સ્થિતિમાં પરદેશીએ આશ્રયની આશા રાખવી એ આત્મવચના જ ગણાય.

જુદીજુદી માહિતી માગતા મારા પર આવેલા બધા પત્રોનો વ્યક્તિગત ઉત્તર આપવામાં સમયનો બિનજરૂરી વ્યય ન કરતાં ' કુમાર 'ના આવતા અંકમાં સર્વ માહિતી પુરી પાડતો એક પત્ર લખી મોકલવા ધારૂં છું.

મ્યૂનિચ (જર્મની) **લવજી ત્રિભુવન થોરિયા**

સુધારો

ગયા અંકમાં આપેલી ' શરત કોણ જીત્યું ? ' વાળી વાતો અંગ્રેજી ઉપરથી ઉતારેલી છે.

---

* એ બ્રાહ્મણનાં સંતાનો તામ્રપત્ર પ્રમાણેની જમીન ઉડરમાં ખાતાં હતાં એવું કહેવાય છે. બારવટિયાનું બારવટું પાર પાડી ઈડરિયા પરગણું પાછું સોંપ્યું કહેવાય છે.



પ ક્ષી નિ રી ક્ષ ણ

કોયલ

પક્ષીઓમાં નર અને માદા ઓળખવામાં કેટલીક વાર બહુ જ મુશ્કેલી પડે છે; જોકે કેટલાંક પક્ષીઓની બાબતમાં આ કામ બહુ જ સહેલું છે. દાખલા તરીકે ચકલો અને ચકલી, મોર અને ઢેલ, કુકડો અને કુકડી જુદાં પાડવાં બહુ જ સહેલ છે. જ્યારે બુલબુલ, કાગડા, કબુતર વગેરે ઘણાં પક્ષીઓમા નર અને માદાને જુદાં પાડવાનું કામ બહુ જ મુશ્કેલ છે. ઘણી વાર તો ભલભલા ઉસ્તાદો પણ એમાં ભુલ ખાઇ જાય છે. મારા એક મિત્રે મને એક વખત કહ્યું કે ' કાગડામાં નર અને માદા ઓળખવાં બહુ જ સહેલ છે. ધોળી ડોકવાળી માદા અને મોટો ને તદ્દન કાળો તે નર. ' તેમને ખબર નહિ કે કાગડા તો ત્રણ જાતના થાય છે. એક ધોળી ડોકવાળા, બીજા તદ્દન કાળા અને મોટા તથા ત્રીજા તપખીરિયા રંગની રાતી પાંખવાળા.

કોયલની બાબતમાં પણ આવી જ ગેરસમજ થઇ જાય છે. સુંદર ચકચકિત કાળા રંગનું અને રાતી આંખવાળું જે સવારસાંજ ઝાડ ઉપર ટહુકે છે તે તો નર. માદા તો આપણામાંના મોટા ભાગે જોઇ જ હોતી નથી. તે નરથી તદ્દન જુદી જ જાતની હોય છે. તેના શરીર ઉપર કાળા અને સફેદ લીટા હોય છે. આ લીટા માથાથી તે પુંછડી સુધી આવેલા હોય છે. છાતી ઉપર કાળાંધોળાં ટપકાં હોય છે અને મોટે ભાગે ઉડતાં-ઉડતાં જ તે ટૂંકો ટહુકો કરી લે છે. આવું એક જોડું બે વર્ષથી મારા લીમડા ઉપર આવે છે અને માર્ચ માસથી તે લગભગ દીવાળી સુધી રહે છે. ' કો–યેલ, કો–યેલ ' અથવા ' કુઉઉઉ, કુઉઉઉ ' જેવો બે જાતનો લાંબો અવાજ નર કોયલ કરે છે અને જો આપણે સામો ટહુકો કરીએ તો તે જવાબ પણ આપે છે. આ



માદા કોયલ



નર કોયલ

પક્ષીને આપણે મોટો ભાગ માદા કલ્પે છે અને તેનો નર કેવો હશે એનો તો વિચાર પણ કરતા નથી. આ ગેરસમજ ફેલાવવામાં કવિઓએ પણ ખાસ મદદ કરી છે, કેમકે કવિ કાલિદાસ જેવા પણ આ ટહુકતા પક્ષીને ' મદનદુતી 'ની ઉપમા આપે છે. જ્યારે, જેના ગાયન પાછળ કવિઓ ઘેલા થયા છે, જેના ટહુકે માનીનીઓનાં માન ઉતાર્યાં છે, જેનું સંગીત સાંભળવા યુરોપી મુસાફરો અરધી દુનિયાની મુસાફરી કરે છે, તે પક્ષી સ્ત્રી નથી પણ પુરુષ છે. આખી પક્ષી–આલમમાં એ પક્ષી મોટામાં મોટું ખુની છે. એ નર–માદાને જુદોજુદો પોષાક આપી કુદરતે પણ તેમને તેમનાં ખુની કામમાં મદદ કરી છે.

માદાનો રંગ ચટાપટાવાળો હોઇ તે જ્યારે ઝાડની ડાળોમાં લપાઇને બેસે છે ત્યારે ઝાડની અંદર પડતા તલકછાયા સાથે એવી તો મિશ્રિત થઇ જાય છે કે ઘણી વાર તો દુરબીનથી પણ શોધવી કઠિન થઇ પડે છે. નરનો રંગ તો સાવ કાળો હોઇ એકદમ નજરે પડે છે. કોયલ માળા બાંધતી નથી પણ પોતાનાં બચ્ચાં બીજાં પક્ષી પાસે ઉછેરાવે છે તે વાત તો આપણે એક વખત કહી ગયા. નર કોયલ, કાગડાના માળાથી થોડે દૂર બેસી જોરથી ટહુકવું શરૂ કરે છે. કાગડા કોયલની બદદાનત સમજી ગએલા હોય છે તેથી અને વળી પોતે મોટે ભાગે બીજાં નાનાં પક્ષીનાં ઇંડાં લાગ ફાવ્યે ઉઠાવી ખાઇ જતા હોવાથી પોતાનાં ઇંડાં માટે બહુ જ સાવચેતી રાખે છે. એટલે ઈંડાં મુક્યા પછી તો કાગડો અથવા કાગડી માળાને સુનો મુકતાં જ નથી. છતાં કોયલના ટહુકવાથી ખીજાઇ જઇ કાગડો માળો રેઢો મુકી કોયલની પાછળ પડે છે. પરંતુ કોયલની ઉડવાની ઝડપ કાગડાથી વિશેષ હોવાથી તે માત્ર કાગડાની આગળ રહેવા પુરતી ઝડપે ઉડે છે અને કાગડાને દૂર ખેંચી જાય છે. આ અવસરનો લાભ લઈ માળાની પાસે છુપાઇને બેઠેલી માદા કોયલ કાગડાના માળામાં ઇંડું મુકી દે છે. કોઇ કહે છે કે પોતાનું ઈંડું મુકી કાગડાનું એક ઇંડું તે ઉપાડી લે છે; પણ હું નથી ધારતો કે તેને એટલો બધો વખત રહેતો હોય. કેટલાકનો મત એવો છે કે તે પોતાનું ઈંડું ચાંચમાં રાખીને ફરે છે અને વખત મળતાં તે કાગડાના માળામાં મુકી દે છે. હું તો આ કોયલના જોડાને છેલ્લા ત્રણ માસથી નિહાળું છું, પણ આવું કાંઇ જોયું નથી. છતાં આ એક નિરીક્ષણ કરવા જેવી બાબત છે.

હવે કોયલ કાગડાનું ઇંડું લઇ જાય છે કે નહિ તે વાત બાજુ પર મુકીએ. પણ આ કોયલનું બચ્ચું તેનાં માબાપ કરતાં પણ વિશેષ ખુની હોઇ બાકી રહેલી ખુનરેજી પુરી કરે છે. હજુ તો તેની આંખ પણ પુરી ઉઘડી હોતી નથી ત્યાં તો તે કાગડાનાં નાનાં બચ્ચાંની નીચે ભરાઇ તેમને પોતાના બરડા ઉપર ઉપાડી માળામાંથી નીચે ફેંકી દે છે, અને ધીમેધીમે આ પ્રમાણે કાગડાનાં બધાં બચ્ચાંનો નાશ કરી, કાગડો અને કાગડી જે કાંઇ ખાવાનું લાવે તે પોતે એકલું ખાઈ જાય છે. ઈંડાં સેવવાનું, માળા બાંધવાનું અને

[અનુસંધાન આગળ પાન ૩૪૦મે]

સતારા ને સજ્જનગઢ

ચોમેર નાનીમોટી ડુંગરીઓની વચ્ચે સતારા પડ્યું છે. સતારા પુરાણી રાજધાની છે. રાજધાની માટે આવી સુરક્ષિત જગ્યા પસંદ કરવામાં બુદ્ધિની કસોટી થઇ જાય એવું છે. અત્યારના ઇતિહાસવેત્તા કહે છે કે 'આવી રાજધાની વસાવનાર, આવી સુરક્ષિત જગ્યા શોધનાર શિવાજી અને તેના પ્રધાનમંડળને 'લુટારૂ ટોળી' કહેનાર અંગ્રેજ ઇતિહાસકારો ખાંડ ખાય છે.'

અઝીમતારા એના રક્ષક છે. અઝીમતારા મજબુત અને ઠીકઠીક ઉંચો છે. એના અંગની બાંધણી બેઠા ઘાટની છે. અત્યારે એ વૃદ્ધ થઈ ગયો છે. અંગ્રેજ સરકારે એને ફરી જુવાન બનાવવાની મનાઇ કરી છે. અઝીમતારાનું મુળ નામ વસતગઢ. ઔરંગઝેબના શાહજાદા અઝીમે એનું નામ અઝીમતારા પાડ્યું. કેટલાક એને અજિંક્ય તારા પણ કહે છે.

વસંતગઢ ફરતો ઉજળો ઇતિહાસ વીંટળાઇ રહ્યો છે. ઔરંગઝેબ પોતે સૈન્ય લઈ ચડી આવ્યો. દક્ષિણમાં ઠેરઠેર લડાઇ જામી. વસંતગઢમા વીર નાયક પ્રયાગજી અનંત કિલ્લેદાર હતો.

બાદશાહે ગઢને ઘેરી લીધો. વીસ હજારની સેના! પ્રયાગજી પાસે માંડ બે હજાર હશે! ગઢ પડવાની અણી ઉપર આવી ગયો. બચવાનો કોઈ ઉપાય ન રહ્યો. પ્રયાગજીએ છેલ્લી જુક્તિ અજમાવી. ગઢના ભોંયરામાંથી સંઘરેલા સાપ મંગાવ્યા. વીંછીના ટોપલા આવ્યા. ગઢ ઉપરથી ટોપલા ફેંક્યા. મોગલ સૈન્ય રાડ નાખીને ભાગ્યું. અવ્યવસ્થા થઈ ગઇ. પ્રયાગજીએ ઠેઠ તંબુ સુધી તગડી મુક્યા. ફરી હલ્લો કરવાનો વિચાર કરે તે પહેલાં બાદશાહ માંદો પડ્યો અને પ્રયાગજી અનંતનો વસંતગઢ અજિંક્ય રહ્યો—અજીત રહ્યો.

સતારા નાનકડું શહેર છે. મોટું ગામ કહીએ તોપણ ચાલે. 'પ્રકાશ' પત્રના તંત્રીને ઘેર અમારો ઉતારો હતો. પુનાના લોકમાન્ય મહાવિદ્યાલયના એ સ્નાતક; વાઙ્મય વિશારદ છે. પુરતી કમાણી નથી છતાં 'પ્રકાશ' પત્ર ચલાવી રહ્યા છે. ઘણા તેજસ્વી લેખ લખે છે. કષ્ટ પણ સહે છે. ઘી અને દુધને ભોગે પત્ર ચાલે છે.

જુનો રાજમહેલ જોવા ગયા. એની વિશાળતાનાં વખાણ કરવા મિથ્યા છે. એની શોભા, કળા, કારીગરી અદ્ભુત છે. એ તો નજરે જોવાય, કાગળ ઉપર લખાય નહિ. ત્રણ હજાર માણસ સહેજે બેસી શકે એવો ભવ્ય દરબાર છે. મહેલની અંદરની બાંધણી કોલ્હાપુર જેવી જ. પાછલા ભાગમાં રાણીવાસમાં મોટો હોજ છે. બીલોરી કાચ જેવું પાણી ભર્યું છે. અત્યારે અદનો માણસ પણ એક આનો દઇ નાહી શકે છે.

પડખે જ ભવાની માતાનું જબરૂં મંદિર છે. રૂપેરી કમાડ, રૂપેરી પૂજાપાત્ર, રૂપેરી મૂર્તિ; બધું રૂપેરી! પુજારી પણ મળી શકે તો રૂપેરી જ રાખે! શિવાજી મહારાજ જુદ્ધે ચડતા ત્યારે ગળામાં ભવાની માતાની સોનેરી છબી રાખતા. આજ પણ એ છબી જ અહીં પૂજાય છે.

અને ભવાની તલવાર! શિવાજી મહારાજની ત્રીજી આંખ. જેણે હિંદુ ધર્મને બચાવ્યો, જેના તેજે શાહિસ્તખાન ને અફઝુલ, શાદી ને ફાઝલ, એવાએવા મહારથી અંજાઇ ગયા ને રણમાં રોળાઇ ગયા એ ભવાની! ઓરડામાં ઉંડે અંધારે ઝાંખા દીવાના પ્રકાશમાં એ પડી'તી. યશસ્વી શિવાજીની વિજયપ્રતિમા—ભારતની એ તારણહાર માતા! એ ઘડી ભાવભીને હૈયે અમે નમી રહ્યા.

અંગ્રેજ સરકારને ભય લાગ્યો કે આ જીવતી તલવાર ક્યાંક રાષ્ટ્રમાં ચેતન પ્રગટાવશે. પેશ્વા પાસે તલવાર માગી; એવું બહાનું આપીને કે વિલાયત

મ્યૂઝિયમમાં મુકવી છે. ના પાડવા જેટલી પેશ્વામાં શક્તિ નહોતી. તલવાર આપી. હમણાં જ વાત બહાર આવી છે કે એ ભવાની નહોતી; બીજી જ તલવાર આપી'તી.

સતારાની ટિળક રાષ્ટ્રીય શાળા જોઈ. ઉદ્યોગ પ્રધાનપદે છે. સુતારીકામ, વણાટ, શીવણ, બાકસ બનાવવાં વગેરે ધંધા ઘણા વિદ્યાર્થીઓએ હાથ કર્યા છે. શાળાના ખર્ચમાં થોડીઘણી મદદ પણ થાય છે.

બીજે દિવસે ગુરુવાર હતો. ગુરુવારે ગુરુજી (સ્વામી રામદાસ)ની મહાપૂજા થાય છે ને સજ્જનગઢ ઉપર નાનકડો મેળો થઇ જાય છે.

અમે સવારમાં નીકળ્યા. છ માઇલ દૂર છે. સરોવરની મધ્યમાં બેટ જેવો ગઢ ઉભો છે. ચારેકોર ચાર દિગ્ગજ જેવા પહાડ પડયા છે ને વચ્ચે એકલો સજ્જનગઢ. સામે જ અઝીમતારાનું શિખર વરતાય છે. સિંહ જેવું ગળું હોય તો બંને મોઢામોઢ વાતો કરી શકે.

રામદાસ સ્વામીએ આ ગઢ જોયો. શિવાજી મહારાજને કહે આ ગઢ મારે જોઇએ. ગઢનો રક્ષક મુસલમાન સરદાર હતો. ત્રીજે દિવસે ગઢ લઈ લીધો. સરદાર ભાગી ગયો. ગુરુજીનું ત્યાં રાજ્ય થઇ ગયું.

ગઢમાં નામ પ્રમાણે ગુણ છે. ચડવામાં સજ્જન છે. વાત કરતાંકરતાં ચડી જવાય એવો સરળ. દરવાજો સારો રહ્યો છે. બે કુંડમાં પાણી સારૂં છે. મંદિર દેખાવડું ને ઉંચું છે. ભોંયરામાં ગુરુ સમર્થની સમાધિ છે. સમાધિ ઉપર રામચંદ્રજીની મૂર્તિ છે. અમે આરતી વખતે પહોંચી ગયા. ઘંટાનાદથી મંદિર આખું ગાજતું; અલમસ્ત બાવાઓના નરવા સાદે ગઢ આખો ગાજતો.

ગઢ ઉપર ગમે તે આવે—રાય કે રંક; સૌએ સમર્થનો પ્રસાદ લેવો જ જોઇએ. જમ્યા વગર જવાય જ નહિ. અમે એ માટે તૈયાર જ હતા. ગુરુવાર સાધારણ રીતે મિષ્ટાન્નનો વાર હોય છે. અમને ઉંડેઉંડે આશા હતી કે મળશે. પણ એકએક કટકો પુરણપોળી મળી. બાકી જાડા ભાખરા ને દાળ. અને ગુરુ રામદાસના એ શિષ્યો એટલું મરચું ખાય છે કે સાત્ત્વિકતાની ગંધ પણ એમનામાં નથી રહી. સમર્થને શિવાજી મહારાજે જાગીર આપેલી તે એમના ભાઇના વંશજો આજ પણ ખાય છે. એમાંથી જ નિત્ય દસબાર માણસોને બાર માસ પ્રસાદ મળે છે.

અમે પ્રસાદ લઈ બે ઘડી આરામ લીધો. પછી ગઢ જોવા નીકળ્યા.

ગુરુજી જ્યાં સમાધિમાં બેસતા એ ગુફા જોઇ. દરવાજો બહાર છે. દીવો લઇને જવાય છે. બહુ ઉંડી નથી. સ્વચ્છ પણ છે.

જે પલંગ ઉપર રામદાસ સ્વામી પોઢતા તે જોયો. ઢીંચણસમો ઢોલિયો; ઉપર બે તળાઇ. સમર્થ ગુરુ શરીરે વામન હતા. ઢોલિયો પણ એવડો જ. પડખે ત્રણ બેડાં પાણી માય એવડી દેગડી હતી.


એ દેગડી, ગઢ ઉતરીને નીચે નદીમાંથી કલ્યાણ સ્વામી ભરી લાવતા. ખાસ ગુરુજીના સ્નાન માટે જ. કલ્યાણ સ્વામી રામદાસ સ્વામીના પટ્ટ શિષ્ય. એમના જેવું જ સુદૃઢ શરીર.

બાળકો તો અટકચાળાં જ હોય ને! ખુણામાં એક કાળી લાકડી પડી'તી. અમે જોવા લીધી. લાકડી અસ્સલ લાલિયા ધોકા જેવી. ચમત્કાર નહિ. જરાક અજવાળે લઇ ગયા. જોયું તો ચમત્કાર! પેચવાળી લાકડી હતી. ખોલી તો અંદરથી અઢી હાથ લાંબી દોધારી ગુપ્તી! ઝબાક બહાર નીકળી! અંધારા ઓરડામાં અજવાળાં થઈ ગયાં. સમર્થ ઉપર બંગાળના કેદીઓની જેમ વગર કાયદે તહોમત મુકેલાં, એના જવાબમાં આ શસ્ત્રનો ઉપયોગ થતો હશે. રાજકર્તાને આ સાધુ પુરુષની છેવટ સુધી જાણ નહોતી. સંન્યાસીના એ દંડને નમસ્કાર કરી મુકી દીધો.

સામી ભીંતમાં બે કાણાં હતાં. તે વિષે લોકવાયકા એવી સંભળાય છે કે સમર્થને બે શિષ્યાઓ હતી. શિવાજી મહારાજને ગુરુના અદાવતીઆએ વાત કરી કહ્યું કે સમર્થને શું પૂજો છો? બે વિધવાઓ એના રોજ પગ દાબે છે!

મહારાજ કાંઇ માને? પણ જ્યારે બે સારા ગૃહસ્થોએ કહ્યું ત્યારે પરીક્ષા કરવા ચાલ્યા. પહેલેથી ભીંતમાં બે કાણાં રખાવ્યાં. એમ કહીને કે 'આપ પોઢી ગયા હો ત્યારે પણ આપનાં દર્શન થઈ શકે.' બેચાર દિ' જવા દઇને શિવાજી મહારાજ આવ્યા. બંને શિષ્યાઓ ગુરુજીના પગ દાબતી'તી. ઓરડો બંધ હતો.

શિવાજી મહારાજે કાણામાંથી નજર કરી. પણ જુએ તો ન મળે ગુરુ કે ન મળે શિષ્યાઓ! હનુ-



માનજીની ભાંકર મૂર્તિ ખડી છે. મહારાજ આંખ મીંચીને બેસી ગયા. થોડી વારે શુદ્ધિ આવી. સમર્થ બહાર આવ્યા. શિવાજી પગમાં પડ્યા. સમર્થે બાવડે ઝાલીને ઉઠાડ્યા.

દાંવવાટચો ચડી ગઇ ત્યારે અમે સતારે પહોંચ્યા. સતારાથી મહાબળેશ્વરનો આડો માર્ગ બહુ રળીઆમણો છે. પણ વાઘચિત્તાનો પુરો ભય. અમારી સાથે પારકી થાપણ; વીમોએ ઉતરાવેલો નહિ. એટલે સડકનો માર્ગ લીધો. જણ દીઠ બાર આના દઇ મોટરમાં ચડી બેઠા. એક કલાકમાં વાઈ.

વાઇ એટલે મહાબળેશ્વરની તળેટી. વાઇ કૃષ્ણાતટે મોટું તીર્થ છે. વાઈનાં દેરાં



વાઇનાં દશ્યો


હોડીના આકારના છે. અનેક મંદિર છે. વાઇના ગણપતિ બહુ જબરા છે. એક પથ્થરમાંથી જ કોરેલા. એ ગણપતિ દાદા આગળ દક્ષિણી ભાઇઓ ' બાપા મોરિયા ' (મોરિયા એટલે ગણપતિ–મોરેશ્વર ઉપરથી) ની ધુન લગાવે ત્યારે તો હદ આવી જાય.

વાઇમાં એક સુંદર પાઠશાળા છે—પ્રજ્ઞા પાઠશાળા. એના આચાર્ય નારાયણ સ્વામી બાલબ્રહ્મચારી છે. શુદ્ધ ખાદીધારી છે. પાઠશાળાનું ગૌરવ એમને જ આભારી છે. સંસ્કૃતને પ્રાધાન્ય આપી ઠેઠ મૅટ્રિક સુધી ત્યાં ભણાવે છે. પાઠશાળા સાથે સાઠસીત્તેર વિદ્યાર્થીઓનું ભોજનગૃહ છે. ગૃહની સ્વચ્છતા ને નિયમન અનુકરણીય હતાં. ભોજન વખતની શાંતિ, પીરસનારની કુશળતા અને વેદની ધૂન એ બધી વાત ભેગી થઈ. એના પ્રભાવે અમારી પાચનશક્તિને ઉત્તેજન આપ્યું. અમે બમણું જમ્યા. મહારાષ્ટ્રની આંગળીને વેઢે ગણાય એટલી નમુનેદાર સંસ્થાઓમાંની આ એક ગણાય છે.

એક વાગ્યે મહાબળેશ્વર મોટર જતી હતી. રાત થોડી ને વેશ ઝાઝા હતા. બીજા બારબાર આના ખરચી નાખ્યા. મોટર મહાબળેશ્વર ઉપર ચડવા માંડી.

રામનારાયણ નાગરદાસ પાઠક

વિદ્યાર્થીની ઉપાસના



જેઠ માસના 'કુમાર'માં પ્રાર્થના વિષે મારો એક લેખ આવેલો છે. એ લેખ મેં ઘણા વખત ઉપર લખેલો, તે એક મિત્ર પાસેથી 'કુમાર'ને મળ્યો અને છપાઈ ગયો. એ લેખ જેટલો છે તેટલો એક રીતે ઠીક છે; પણ મને આજના વિચારથી તે અધુરો અને થોડે અંશે ગેરસમજ કરાવનારો લાગે છે. તેથી હું એ બાબત જરા જુદી રીતે 'કુમાર'ના વાચકો આગળ મુકવા ઇચ્છું છું.

એ લેખનું મથાળું 'પ્રાર્થના' કરીને રાખ્યું છે; પણ એ વાંચતાં જણાય છે કે એમાંની ઘણી સૂચનાઓ ધ્યાનને માટે ઉપયોગી છે. 'કુમાર'ના નાના વાચકોમાંથી ધ્યાનનો શોખ કે લાયકાત ધરાવનારા ભાગ્યે જ હોય. એમ ન હોય તેમાં કુમારોનો દોષ નથી. કુમારવયમાં શાંત અને નિશ્ચલપણે બેસી ધ્યાનનો અભ્યાસ કરવાની આશા રાખવી વધારેપડતી ગણાય.

કુમારની ઉપાસના એનાં વય, બુદ્ધિ અને જીવનને યોગ્ય હોવી જોઇએ; અને તે ખ્યાલમાં રાખી હુ આ લેખમાં કેટલીક સૂચનાઓ કરવા ઇચ્છું છું.

તમે નાના હો કે મોટા, તમારામાં ઘણી વાર એક પ્રકારનો ગંભીર ભાવ ઉત્પન્ન થઇ આવતો હશે. તે વખતે તમને આવાઆવા વિચારો આવતા હશે: 'હવેથી મારૂં જીવન સુધરો; મારામા આવાઆવા દોષો છે તે ચાલ્યા જાઓ; મારા અભ્યાસમાં મારૂં ચિત્ત વધારે પરોવાઓ; હવેથી મારૂં શરીર સુધારૂં; કુટેવો કાઢું; મારે હાથે આજના દિવસમાં કાંઈ સારૂં કામ થાઓ; મારૂં જીવન સફળ થાઓ; (અમુક) મહા પુરુષના જેવો હું થાઉં; મારા ઉપર મારાં માતા, પિતા, શિક્ષક વગેરેની પ્રસન્નતા વધો; મારાથી એમની સેવા થાઓ; હું મારા દેશનો સેવક થાઉં; મારા દેશને માટે મારો પ્રાણ આપું;' વગેરે.

તમને આવે વખતે લાગતું હશે કે જાણે મારા મનના ભાવો હું કોઈની આગળ ઠાલવું, કોઇને મારો એવો મિત્ર કે ગુરુ કરૂં જે મારા સારા વિચારોને ઉત્તેજન આપે, મારા દોષોને દૂર કરવામાં મદદ કરે, જાણે મારા જીવનનો સાથી થઇને મને દોરે.

કોઇ વાર તમને આવા વિચારો સાથે આનંદ ઉભરાતો હશે; એક સરસ નિશ્ચય થવાથી ઉત્સાહ વધતો જણાતો હશે; જાણે તહેવારનો દહાડો હોય તેવું મન પ્રફુલ્લિત થતું હશે.

પણ કોઇ બીજી વાર તમને આવા વિચારો ચિંતામાં કે શોકમાં નાખી દેતા હશે. તમને તમારા દોષોના ભાનને લીધે અકળામણ થતી હશે. આટલા દોષો ક્યારે મટે અને ક્યારે જીવન સુધરે એમ અધીરાઇ આવતી હશે. કદાચ તમારામાંથી કોઇને તે વખતે રડી પડવાનું મન થાય; કોઈની માફી માગી તેને શરણે જવાનું મન થાય; તમારી પોતાની હિંમત ખુટી ગયા જેવું લાગે.

સામાન્ય રીતે જેનું જીવન નિર્દોષપણામાં ગયું હોય એવા નાના છોકરાઓને આવા પ્રસંગ ભાગ્યે જ આવે. પણ આપણે કમનસીબે આપણી નાની ઉમરમાં પણ કોઈની કુસોબતને લીધે આપણાથી કાંઇ નાનીમોટી ભુલો થઇ ગઈ હોય છે અને તેથી આવું બને છે.

જ્યારેજ્યારે તમારામાં આવી ગંભીરતા ઉઠે, કોઇ જ્ઞાનનાં મહાન કે શુદ્ધ જીવનની આકાંક્ષા ઉઠે, ત્યારે તમે જાણજો કે તમારા જીવનમા કાંઈક સારા પ્રકારનો ફેરફાર થવાની એ લક્ષણ છે. એ વખતે તમારૂં ચિત્ત એક નવા પ્રકારનો અને સુંદર રંગ લેવા ઉઠે છે. એ કોઇ મહાપુરુષને પગલે ચાલવા ઇચ્છે છે.

તે વખતે જો તમે નમ્રભાવે અને ગંભીરતાથી એવી ઇચ્છા કરો કે 'મારા આ પવિત્ર સંકલ્પો બલવાન થાઓ; મારી નિર્બળતાઓ નાસી જાઓ; મારા સંકલ્પોને વળગી રહેવાનું મારામાં બળ આવો;' —તો એ જ તમારી સાચામાં સાચી પ્રાર્થના થઇ કહેવાય. તમારામાં રહેલી ચૈતન્યશક્તિનો સ્વભાવ જ એવો છે કે તમે એને ઓળખો કે ન ઓળખો, એને તમે નામ દઇને બોલાવો કે ન બોલાવો, પણ એ તો તમે રોજ જે પવિત્ર ઇચ્છાને નમ્રપણે અને ગંભીરપણે વળગી રહો તેને પાર પાડે જ. એ ઇચ્છા પાર પડવી આજે અશક્ય જેવી લાગતી હોય, એને

પાર પાડવાના કોઇ ઉપાયો આજે તમે જાણતા ન હો, એવા ઉપાયો બતાવે એવા કોઇ પુરુષને તમે ઓળખતા ન હો, છતાં જો તમારી ઇચ્છા પવિત્ર અને બહુ તીવ્ર હશે, તો તે ચૈતન્યશક્તિ તમારી એ ઇચ્છાને ધીમેધીમે શક્ય કરી મુકશે, એના ઉપાયો તમને ધીમેધીમે સુઝતા જશે, તમને એમાં મદદ કરનારાં સાધનો પણ આવી મળશે અને સહાયકો પણ મળી રહેશે. હા, એમ ન સમજવું કે એ ઇચ્છાઓ પાર પાડવામાં કોઇ મુશ્કેલી કે દુઃખો નહિ આવે; પણ જો તમારી ઇચ્છા દૃઢ હશે તો એને સહન કરવાનું બળ અને ધૈર્ય તમને જરૂર મળી રહેશે.

જે બાળક કે બાળા અથવા મોટો પુરુષ કે સ્ત્રી આવી રીતે પોતાની પવિત્ર ઇચ્છાને રોજરોજ પોષે છે અને પોતામાં રહેલી ચૈતન્યશક્તિમાં તેને સિદ્ધ કરવાની શક્તિ છે એવો વિશ્વાસ રાખે છે તે સાચી ઉપાસના કરવાવાળા છે. એ જ સાચી પ્રાર્થના કરે છે.


આવી ઇચ્છાવાળાનું હૃદય ભક્તિવાળું હોવું જોઇએ. ભક્તિવાળું એટલે પોતાના મા, બાપ, ગુરુ અને બીજાં પૂજ્યજનો તરફ આદરભાવ સહિત પ્રેમવાળું; તેમની સેવા કરવા માટે તત્પર; પોતાનાં ભાઇ-ભાંડુ તથા મિત્રો પ્રત્યે હેતવાળું; અને ગરીબ, માંદા કે દુઃખી માણસો ને પ્રાણીઓ પ્રત્યે દયાવાળું તથા એ સર્વને માટે કાંઇક ઘસાવાવાળું.

જેના હૃદયમાં પ્રેમ છે, જેનું હૃદય નમ્ર છે, જેની ઇચ્છાઓ પવિત્ર છે અને જેને પોતાના હૃદયમાં જે ચૈતન્યશક્તિ રહેલી છે તેમાં પુરેપુરો વિશ્વાસ છે, તે જ ભક્ત છે અને તે જ ઉપાસના કરવાવાળો છે.

જ્યાં આવાં પ્રેમ, નમ્રતા અને વિશ્વાસને પોષણ મળે તે જ મંદિર છે; પછી તે ઘરમાં હો, શાળામાં હો, દેવાલયમાં હો, કોઇ સભામાં હો કે એકાંતમાં હો.

જો આવાં પ્રેમ, નમ્રતા અને વિશ્વાસને કોઇનું નામ લેવાથી પોષણ મળે તો તે નામસ્મરણ કરવું એ પવિત્ર કર્મ છે; કોઇ ભજનમાંથી મળે તો તે ભજન ગાવું એ પવિત્ર કર્મ છે; એવું પોષણ એકાંતમાં બેસવાથી મળે તો તે એકાંતમાં બેસવું પણ પવિત્ર કર્મ છે. જો એવી ઉમત ભાવના તમને રેંટિયો ફેરવવાથી થાય તો કાંતવું એ પ્રાર્થના—ભક્તિ—ઉપાસના છે; માંદાની સેવા કરતાં થાય તો તે કર્મ ઉપાસનાનું છે; નિર્બળનો પક્ષ લઇ તેને માટે અન્યાયની સામે ઝગડવામાં થાય, તો તે કર્મ ઉપાસનાનું છે. દરિદ્રીનું દુઃખ દૂર કરવાથી થાય તો તે કર્મ ઉપાસનાનું છે; ગીતા, ધમ્મપદ, વચનામૃત કે શિક્ષાપત્રીમાંથી એવી ભાવના ઉઠે તો એ તમારે માટે સદ્ગ્રંથો છે, અને 'સદ્વર્તન,' 'કર્તવ્ય,' 'જીંદગીનું સાફલ્ય' એવાં પુસ્તકોમાંથી ઉઠે તો તે તમારે માટે સદ્ગ્રંથો છે; રામ, કૃષ્ણ, બુદ્ધ, શિવાજી, સહજાનંદ સ્વામી વગેરેનાં ચરિત્રો તમારામાં પવિત્ર અને મહાન ઇચ્છાઓ ઉભરાવે તો તેમનાં ચરિત્ર સદ્ગ્રંથો છે; જોન ઑફ આર્ક, જૉર્જ કે બુકર વૉશિંગ્ટન, ગ્લૅડસ્ટન, કાર્નેગી કે ફૉર્ડ તમારી પવિત્ર વૃત્તિઓને પોષે તો તેમનાં ચરિત્ર પણ સદ્ગ્રંથ છે. જો ગોખલે, દાદાભાઇ, સુરેન્દ્રનાથ, તિલક મહારાજ, ગાંધીજી, કે દાસબાબુ તમારામાં સ્વદેશપ્રેમનો અને દેશસેવાનો પાનો ચઢાવે તો તે તમારા આદર્શ પુરુષો છે; જો દેશ માટે પ્રાણાર્પણ કરનાર બંગાળી વીરો તમારામાં વીરતા ઉશ્કેરે તો તે પણ તમારા આદર્શો છે. એમનાં ચરિત્રો એ તમારી દીવાદાંડીઓ છે. એ દીવાદાંડી પાસે પહોંચવું એ તમારી ઉપાસના છે.

આ બધા પુરુષો એકસરખી ઉંચી કોટિના ન હોય; પણ દરેકમાં કાંઇક ને કાંઇક અસામાન્ય મહાન ગુણો રહેલા છે જે તમારા ચિત્તના તારને હલાવે છે, તમને તમારા જીવનનો દાળો શોધવામાં મદદ કરે છે. માટે તમારે માટે એ અનુકરણીય પુરુષ થાય છે. એમની તરફ નજર રાખી તમારા હૃદયને પ્રેમભીનું, તમારામાં વસતી ચૈતન્યશક્તિમાં શ્રદ્ધાવાળું અને પવિત્ર ઇચ્છાઓથી રંગાએલું કરવામાં અને એ વડે હિંમત અને ઉત્સાહ મેળવવામાં તથા તમારી નિર્બળતાથી ઉપજતી નિરાશા હઠાવવામાં તમારી ઉપાસના—ભક્તિ—પ્રાર્થના સમાએલી છે.



કિશોરલાલ ઘ. મશરૂવાળા

કસરત કરતાં સ્નાયુઓ કેમ દુખે છે?

તમે કોઇ દિવસ વિચાર કર્યો છે કે કસરત કરવાને લીધે સ્નાયુઓ શા માટે દુખે છે? સામાન્ય રીતે દરેકને અનુભવ હશે કે જ્યારેજ્યારે કસરત કરવામાં આવે છે ત્યારે ખાસ કરીને હાથ, પગ, ખભા અને કરોડનો ભાગ પહેલા થોડા દિવસ દુખે છે. કેટલીક વખત તો નીસરણી ઉપર પણ બરાબર ચઢીઉતરી શકાતું નથી. વિદ્યાર્થીઓથી કલાસમાં સીધા ટટ્ટાર બેસી શકાતું નથી. આ બધું એકાદ અઠવાડિયું ચાલે છે; ત્યાર પછી એ બધો દુખાવો જતો રહે છે. થોડો વખત કસરત મુકી દઇએ અને પાછી શરૂ કરીએ એટલે વળી ઉપલી સ્થિતિ ફરીથી બનવા પામે છે. ઘણી વખત કસરત શરૂ કરનાર આને લીધે કંટાળી જાય છે અને કસરત કરવાનું મુકી દે છે.

આમ શા માટે થાય છે એ જાણવાની દરેકને સ્વાભાવિક રીતે જ ઇચ્છા થાય. આને માટે કસરત કરતી વખતે આપણા શરીરમાં શી ક્રિયા થાય છે એ આપણે પ્રથમ જાણવું જોઇએ.

આપણા સ્નાયુઓ નત્રિલ (Protein) પદાર્થના બનેલા હોય છે. આ સ્નાયુઓ રેલવેના એન્જિનની માફક કામ કરે છે. કસરત કરતી વખતે કોલસાને બદલે તેમનામાં એક જાતની ખાંડ બળવા માંડે છે. આ ખાંડને અંગ્રેજીમાં બ્લડ શ્યૂગર (Blood-sugar) કહે છે. પોતાના હમેશના કામ ઉપરાંત જ્યારેજ્યારે કોઈ માણસ કસરત કરવાની શરૂઆત કરે, ત્યારે તેના આખા શરીરમાં ભેગી થએલી આ ખાંડ બળતણ તરીકે બળવા માંડે છે, અને એ બધો કચરો ફેફસાં વાટે શરીરની બહાર નીકળે છે. હવે જો કસરત કરતી વખતે આ ખાંડના જથ્થાને પુરતા પ્રમાણમાં રાખવામાં ન આવે તો શરીરમાં ભેગી થએલી ચરબી (Fat) નો ઉપયોગ થવા માંડે છે. ચરબી ખુટયા પછી સ્નાયુઓની નત્રિલ બળવા માંડે છે.

રાતદિવસ મજુરી કરતા મજુરોની બાબતમાં આ સ્પષ્ટ દેખાઇ આવે છે. તેમને એટલી બધી મહેનત કરવી પડે છે કે તેમની ખાંડ અને ચરબીનો ઉપયોગ થઇ ગયો હોય છે; તેથી તેમના સ્નાયુઓનો ઉલટો ક્ષય થાય છે. પરિણામ એ આવે છે કે તેમના સ્નાયુઓ મજબુત અને ભરાવદાર બનવાને બદલે ઢીલા ને ક્ષીણ થઈ જાય છે અને અંતે વહેલું મરણ નિપજે છે. પણ જે લોકો આવા મજુરોની માફક ભુખમરો વેઠતા નથી, પણ જોઇએ તે કરતાં વધુ ખાય છે તેઓની સામાન્ય માન્યતા એવી હોય છે કે કસરતના દિવસોમાં વધુ ભારે ખોરાક ખાવો જોઇએ—જેવોકે અડદ, ચણા, કનિષ્ટ નત્રિલવાળાં કઠોળ વગેરે. ખરેખર, આ એક ગેરસમજ છે. આવો કનિષ્ટ નત્રિલવાળો ખોરાક પચવામાં ઘણો ભારે થઇ પડે છે અને તેથી શરીરને વધુ મહેનત પહોંચે છે. આથી ઉલટું શરીરના કચરામાં ઉમેરો થાય છે અને જો ફેફસાં ને બીજાં અવયવો દ્વારા એને બહાર કાઢી નાખવામાં ન આવે તો કસરતથી પણ ભાગ્યે જ ફાયદો થાય છે. સ્નાયુઓનું નવું બંધારણ થતું નથી, કસરત કરનાર થાકી જઇ નિરાશ થાય છે અને છેવટે કસરત છોડી દે છે.

ત્યારે આપણે એ યાદ રાખવું જોઇએ કે કસરત કરનારાઓનાં શરીરમાં પહેલવહેલાં લોહીમાં રહેલી ખાંડ બળવા માંડે છે. પછીથી ચરબી અને છેવટે સ્નાયુઓની નાત્રલ બળે છે. આ સિદ્ધાંતને અનુસરીને આપણે આપણો ખોરાક લીધો હોય તો ભાગ્યે જ આપણા સ્નાયુઓનો ક્ષય થાય. આપણો ખોરાક એવો હોવો જોઇએ કે જે થોડી મહેનતે પાચન થઇ જાય અને ઉપર જણાવેલી ખાંડનો પુરતો જથ્થો જળવાઈ રહે. આવી જાતના ખોરાકનો ક્રમ નીચે પ્રમાણે છે.

સૌથી પહેલાં સુકાં ફળો આવે છે: ખારેક, અંજીર, દ્રાક્ષ, મધ વગેરે. આ ફળોમાં રહેલી ખાંડ આપણા લોહીની ખાંડ સાથે ઘણી જ મળતી આવે છે અને તેથી પાચન થવામાં બહુ જ સહેલી થઇ પડે છે: બીજે નંબરે આપણો દેશી ગોળ અને ખાંડ આવે છે. પણ આ જાતની ખાંડને લોહીની ખાંડ બનતા પહેલાં ઘણીઘણી ક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. આવી જાતનાં રૂપાંતર થવામાં શરીરની શક્તિનો એટલો બધો દુર્વ્યય થાય છે કે તે જોઇએ તેટલો ફાયદો

આપી શકતી નથી. આ પછી ત્રીજા નંબરે ઘઉં-બાજરીની મંડ—સ્ટાર્ચ આવે છે. સામાન્ય મજુરો પોતાને જોઈતી ખાંડ આવા પદાર્થમાંથી જ મેળવી લે છે. તેથી તેમને ઘીદુધ મળતુ ન હોવા છતાં તેઓ ચલાવી શકે છે. ચોથા નંબરે માખણ, ઘી અને તેલ વગેરે ચરબીવાળા પદાર્થો આવે છે. પાંચમા અને સૌથી છેલ્લા નંબરે વટાણા, અડદ, તુવેર વગેરે કઠોળની કનિષ્ટ નાત્રલ આવે છે.

આ ઉપરથી એમ સમજી લેવાનું નથી કે ફક્ત આવી ખાંડ ઉત્પન્ન કરનારો ખોરાક જ લેવો, અને શરીરને જોઇતાં બીજાં તત્ત્વો તરફ ધ્યાન ન આપવું. આપણા શરીરમાં ૨૫૦૦૦ ભાગે ૧ ભાગ લોઢનો હોય છે; તોપણ તે ઘણો જરૂરી છે. એના વિના લોહીમાં લાલાશ રહે નહિ અને આપણે ફિક્કા પડી જઇએ. તેવી જ રીતે જુદાજુદા પ્રજીવનકો-પ્રાણજીવન તત્ત્વો (Vitamines) સિવાય પણ આપણું શરીર ટકે નહિ. આ બધું મેળવવા માટે દુધ, દહીં, તાજી છાશ, તાજી અને લીલી શાકભાજી અને લીંબુનો ઉપયોગ છુટથી કરવો જોઇએ. કસરત કરનારાઓએ આ ખોરાક ઉપરાંત ફળ—ખારેક, અંજીર, દ્રાક્ષ વગેરે ખાતા રહેવું જોઇએ. આથી જોઇતી ખાંડ મળી રહેશે અને શરીરમાં દુબાળો થવા પામશે નહિ.

સૌકોઇ જાણતું હશે કે આપણા દેશમાં એક એવો રિવાજ છે કે જ્યારે કોઇ પગે ચાલીને મુસાફરીએ નીકળે ત્યારે તેના ભાથામાં ખાસ કરીને સુખડી બંધાવવામાં આવે છે. લાંબે રસ્તે ચાલવામાં શરીરમાંથી ઘણી ખાંડ બળી જાય છે; અને તેથી આવો ખોરાક ખાસ જરૂરી થઇ પડે છે. આ ખોરાકને જોકે ફળ જેવો આદર્શ ખોરાક કહી ન શકાય, તોપણ તેમાંથી ઘણું પોષણ મળે છે. દુધમાં રહેલી ખાંડ પચવામાં ઘણી સહેલી છે, પણ એ ખાંડ (Milk-sugar) સામાન્ય રીતે આપણને મોંઘી પડે. આથી જેઓ નિયમિત અથવા અનિયમિત કસરત કરે છે તેમણે તેમના ખોરાકમાં યોગ્ય ફેરફાર કરી સુકાં ફળનો ઉપયોગ કરવો જોઇએ. જેઓ શરૂઆત કરનારા હોય છે તેમને માટે તો એ ખાસ ઉપયોગી થઇ પડશે.

ચુનીભાઇ મ. પટેલ

'**Welfare**'ના એપ્રિલ માસના અંકમાંના આ જ લેખકના અંગ્રેજી લેખને આધારે.

અથાણું

મોહનલાલ માસ્તર—ઓહો રામશંકર માસ્તર, તમે તો બહુ સારૂં ભણાવતા લાગો છો, ભાઇ! કહે છે કે આ વખતે તો તમારા વર્ગમાંથી બધા વિદ્યાર્થીઓ ઉપલા વર્ગમાં ચડી ગયા!

રામશંકર માસ્તર—એ તો હવે જેવું આવડે તેવું ભણાવીએ. બાકી ખરી વાત તો એ છે કે કેટલાક રીતસર પાસ થવા હતા તેમને ચડાવી દીધા. કેટલાક તવંગરના છોકરા હતા તેમને ઉપર ચડાવ્યા વગર છુટકો નહોતો. કેટલાક હેડમાસ્તર ઉપર અમલદારોની ચિઠ્ઠી લાવ્યા હતા તેથી ચડી ગયા. કેટલાક બહુ જ ગરીબ હતા તેમના ઉપર દયા કરીને ચડાવી દીધા. એમ કરતાં બેએક વિદ્યાર્થી બાકી રહ્યા, તેટલાને રાખીને શું કરવું? એટલે એમને પણ ચડાવી દીધા!

બાપ—કાન્તિ, નિશાળમાં તું શું કરે છે? વાંચતાં શીખે છે કે?

કાન્તિ—ના.

બાપ—ત્યારે લખતા?

કાન્તિ—ના, ના.

બાપ—ત્યારે કરે છે શું, બોલી નાખને!

કાન્તિ—રજા પડવાની રાહ જોઉં છું, બાપા.

વકીલ—ઠીક, તું મને તારો બચાવ કરવાનું કહે છે પણ તારી પાસે પૈસા કેટલા છે?

અસીલ—સાહેબ, પૈસા તો નથી, પણ મારી પાસે બે ગાય, બે વાછરડાં ને એક ભેંશ છે.

વકીલ—ત્યારે તો ચાલશે. હવે તેં શેની ચોરી કરી છે એ કહી બતાવ.

અસીલ—બે ગાય, બે વાછરડા ને એક ભેંશની!

એક છોકરાનો વિચિત્ર પ્રશ્ન સાંભળી ગુસ્સે થએલા શિક્ષકે કહ્યું, 'મૂર્ખ માણસો એવા પ્રશ્નો પુછે છે જેના જવાબ જ ન આપી શકાય!'

આ સાંભળી પાસે ઉભેલો એક છોકરો તરત જ બોલી ઉઠ્યો, 'સાહેબ, આટલું જાણો છો છતાં ગઇ પરીક્ષામાં મને શા માટે નાપાસ કર્યો?'

પરીક્ષક—(સવાલપત્ર આપીને) છોકરાઓ, તમને આમાંનો એકે પ્રશ્ન મુંઝવે છે?

એક છોકરો—એકે ય નહિ, સાહેબ! પ્રશ્નો તો એકદમ સમજાય એવા છે; માત્ર એના જવાબ જ મુંઝવે છે!

નખની માવજત

તમે માણસો તો ઘણાં જોયાં હશે, પણ તેઓના હાથપગની આંગળીઓના નખ તપાસ્યા છે? ઘણાકના નખ ખુબ જ વધેલા હશે, કેટલાકના કોર ઉપર ખરબચડા હશે કોઇકોઇના ફાટ પડેલા હશે અને કેટલાકના તો મેલથી ભરેલા કાળા હશે. એ બધા હાથપગનો બહુ કદરૂપો દેખાવ કરે છે. એવા નખ (નહોર?) વાળો માણસ એકલો બેઠો હોય ત્યારે પણ પોતાને સુંદર લાગતો નથી, તો પછી બહાર સમાજમાં કેટલો ખરાબ લાગે? બને તો સુંદર, નહિતર વિવેકી બનવું એ માણસજાતની ફરજ છે. એવી સુંદરતા કે વિવેકની એક વિધિ આ 'નખની માવજત' પણ છે.

કોઈ અડબંગને પુછીએ કે આંગળીએ આ પાટો શાનો બાંધ્યો છે? તો જવાબ મળશે કે એ તો નખ ઉતારતાં ચપ્પુ વાગી ગયું! પોતાના શરીર-રક્ષણમાં પણ લોકો આટલા બેદરકાર માલુમ પડે છે એ ખરેખર દયાજનક છે. નખ ઉતારવા જેવી નાની વાતમાં પણ આપણે જીવતી ચામડી લઇ લઇએ કે કાપ મુકી લોહી કાઢીએ એ કેટલી જડતા છે?

કેટલાંક બૈરાંઓ રસોઈનાં વાસણ માંજતી વખતે હાથનાં આંગળાં વડે ઉખરડીઆ કાઢે છે. એમ કરવામાં એમના નખ એટલા તો ઘસાઈ જાય છે કે પછી જીવતા નખને દુ:ખ થાય છે, બળતરા ઉઠે છે અને મરચુંમીઠું અડતાં તો જીવ જાય છે! નખ એ કાંઈ વાસણ માંજવાનું સાધન નથી. વાસણ માંજવાની સરસ રીત તો એ છે કે કાથાની સીંદરીના વીંટા વડે કે નળિયાના કકડા વડે પ્રથમ ચોટેલું અનાજ કાઢી લઇ પછી સાફ કરી નાખવાં.

નખના બે ભાગ છે. જીવતા અને મરેલા. મરેલ નખ એ શરીરનો વધારો છે. એ વધારો પેલા જીવતા કોમળ નખના રક્ષણ સારૂ છે. પણ તે માટે એ લાંબા હોવા જોઇએ એ જરાયે જરૂરનું નથી. લાંબા નખ હાથપગના કામકાજમાં અડચણ કરે, ભુંડો દેખાવ કરે અને જમ્યા પછી થોડું અન્ન પણ તેમાં ભરાઇ રહે. બહારનો બીજો મેલ પણ અંદર રહે. કેટલીક વાર તો નખમાંનું અન્ન કોહે અને તેમાં જીવજંતુ પડે.

નિયમિત હાથપગના નખ ઉતારતાં હોય એવાં ઘણાં માણસ મળવાનો સંભવ નથી. થોડાંક વર્ષો ઉપર તો વાણંદ હજામત કરવા આવતો ત્યારે પુરુષ-વર્ગના નખ ઉતારી જતો. પણ હવે 'સલુન' થતાં એ સઘળું હજામતની ફરજમાંથી નીકળી જતું જાય છે અને તે યોગ્ય છે. જે સેવામાં આપણી અને સામાની હલકાઇ થાય અને જે કામ અંગત હોય આપણે જ કરવું ઘટે તે બીજા પાસે કરાવવું અ-વિવેકમય છે. માણસ પોતાનો તેમજ સમાજનો સામાન્ય વિવેક સંભાળવા બંધાએલો છે.

આપણે એવાં ઘણાં બાળકો જોઇએ છીએ જેમના નખ વધેલા હોય છે અને અંદર મેલ ભરેલો હોય છે. એમાં માબાપની બેદરકારી વગર બીજું કશું નથી.

નખ કાપવાનું ખરૂં સાધન તો 'નેરણી' છે. એ નેરણી ન જ હોય તો પછી ચપ્પુ ચાલે. પણ કેટલાક તો સુડી વડે નખ ઉતારવા મંડી જાય છે. કેટલાક શાક સમારવાની છરી વડે નખ વધેરે છે. પણ સોપારી ખાવાની સુડી કે શાક સમારવાની છરી એ હમેશ સ્વચ્છ રાખવાં જોઇએ અને તેથી એમનો ઉપયોગ સોપારી માટે કે શાક માટે રાખવો જ ઠીક છે. નખ ઉતાર્યા પછી પણ નેરણી કે ચપ્પુ ધોઇ નાખવાનું ભુલી જવું ન જોઇએ.

નખ ઉતારવામા આવડત જોઇએ અને તે દરેક માણસમાં હોય એ કામનું છે. ચપ્પુ ચલાવતાં જીવતો નખ ન ઉતરે અને ખાડાખબડાવાળો બેડોળ પણ ન ઉતરે એ જોવાનું છે. છેડા ઉપર જીવતા નખનું નવું ન ઉખડે એ સંભાળવાનું છે. એકસરખો નખ કાપીને પણ ધીમે હાથે નેરણી કે ચપ્પુ ફેરવી નખ લીસો કરી લેવો. ત્યાર પછી ઘી કે વેસેલિન ચોપડી તેને કુણો કરી નાખવો.

કેટલાક નખ ઉતારીને જેમતેમ વેરી નાખે છે. આ ટેવ સારી નથી. બધા નખ એક ઠેકાણે ભેગા કરીને પછી બહારના કચરામાં નાખી આવવા જોઇએ.

બાળકોના નખ ઉતારવામાં બહુ કાળજી લેવાની છે. તદ્દન નાનાં બાળકોની આંગળીઓ અને નખ એટલાં કોમળ હોય છે કે નેરણી કે ચપ્પુ લાગી જવાની ખુબ ધાસ્તી રહે છે. એવે પ્રસંગે નખને કાતરથી કાતરી નાખવા એ સલામતીભરેલી રીત છે.

નખ ઉતારવામાં તમારા શરીરની સ્થિતિ વિષે

થોડીક વિગત જાણી શકાય તેમ છે. જો નખ બહુ બરડ અને કઠણ હોય તો તમારા શરીરમાં ચરબીનું પ્રમાણ અત્યંત ઓછું છે એમ સમજવું.

કોઇકોઇ જુવાન છોકરાઓના જીવતા નખના ભાગમાં ધોળાધોળા ડાઘ પડેલા હોય છે. આ ધોળા ડાઘ એ હવાના પરપોટા છે.

વૈદો અને દાક્તરો દરદીની તપાસમાં નખ પણ જુએ છે. માણસની તંદુરસ્તી પ્રમાણે નખનું રૂપ બદલાય છે. આંગળીઓના નખ મહીને ૧/૬ ઇંચ અને અંગુઠાના ૧/૪ ઈંચ જેટલા લાંબા વધે છે.

મનુષ્યનાં લક્ષણો તપાસવામાં પણ નખનો અભ્યાસ કામનો થઇ પડે છે. મીજાજખોર અને તામસી સ્વભાવના માણસોને નખ કરડવાની ટેવ હોય છે. જતનપૂર્વક એકસરખા કપાએલા નખ માણસના સામાજિક મોભાની અને નવરાશની નિશાની ગણાય. વચ્ચેથી ખાડાળો ચળકાટ મારતો નખ એ ખસ જેવી ચામડીનાં દર્દનું લક્ષણ છે.

હાથના કામકાજની અસર નખ ઉપર ખુબ થાય છે. જેઓને હાથ વડે મહેનતમજુરી કરવાની હોય કે રંગો, દવાઓ અને તમાકુના કામમાં ડાઘા પડતા હોય તેમના નખનો દેખાવ ઝાંખો રહે છે. કેટલીક વાર નખની હાંસમાં જીવજંતુનું સંસ્થાન વસે છે અને આખો નખ ખવાવા માંડે છે.

વૃદ્ધાવસ્થા આવતી જાય છે તેમ નખમાં ઘણા ફેરફાર થાય છે. ઘરડાંઓના નખ ઘણી વખત ફિક્કા અને વળી ગએલા દેખાય છે. આમ થવાનું કારણ એટલું જ હોય છે કે તેઓ જોઇએ તેટલી નખની સંભાળ લેતાં નથી.

રોગને લીધે નખનાં રંગ, રૂપ અને બંધારણ ફરી જાય છે. તાવ અને ક્ષયની અસર નખ ઉપર સૌથી વધુ રહે છે. એમાં જીવતા નખનું કોચલું વળી જાય છે મરેલો નખ તીરકસ થાય છે અને નખ હેઠળની હાંસ ઉપસી આવે છે.

માથાના વાળ ઉતરી જાય એટલી નબળાઇ વેળા પણ નખમાં ઘણો ફેરફાર થાય છે, અને અમુક પ્રસંગોમાં તો નખ પોતે ખરી પડે છે. કોઢીઆ માણસોના નખ સૌથી ખરાબ હોય છે.

ઍની બેસંટ . . . પાન ૩૨૨થી ચાલુ

અત્યારના આ જગતપ્રિય ગ્રંથકારને તે વખતે ઍની બેસંટે સિદ્ધાંતને ખાતર ઝઝુમતા, ભુખમરો ભોગવતા ગરીબ લેખક તરીકે પિછાન્યો હતો. પેટને ખાતર પોતાની કલમને નાપાક ન કરનાર આ રંક લેખક તે કાળે સમાજવાદનો પ્રચાર કરતો હતો અને ઘણીખરી રાતો મજુરોની ક્લબોમાં જ ગુજારતો. કારખાનામાં તે કાળે તો હજુ બારબાર કલાકની કાયદેસર રોજી ઠરાવવા માટે ઝુંબેશ ચાલતી હતી! અને મુડીદારોની ઢાલ રૂપે રહીને રાજસત્તા પ્રજાની અંદર ધનિક ને ભિક્ષુક એવા બે દારૂણ ભાગલા પડાવી રહી હતી. સમાજવાદના સૈનિકો આવી વિષમતા સામે માથાં પટકતા હતા. ઍની બેસંટે આ લોકોની હીલચાલમાં સાથ દીધો. એણે પોતાની કલમ ઉઠાવી. બેકારીથી પીડાતા મજુરોનાં નિવાસ-સ્થળો ('સ્લમ્સ') જોયાં, અને એ 'સ્લમ્સ'ની અડોઅડ જ ધનપતિઓની ગગનચુંબી અટારીઓ દીઠી. રંકોના રક્ષણ અર્થે નવા કાયદા કરાવવા માટે એણે પાર્લામેન્ટ દ્વારા યત્નો આદર્યા, અને સરકારની દંભી સખાવતો સબંધે અગ્નિમાં બોળેલી કલમે લેખો લખ્યા.

આ સમાજવાદી ઝુંબેશ પર સરકારી કોપનો અગ્નિ ઉતર્યો. પોલિસ આવીને સમાજવાદ પર વ્યાખ્યાનો દેનારાને પકડવા લાગી. પહેલી ધરપકડ થતાંની વાર જ બીજા વ્યાખ્યાનકર્તા તરીકે ઍની બેસંટે બાંયો ચડાવી ભાષણ દીધું. પણ પોલિસ સમજી ગઇ. સત્તાની દખલગીરી પાછી ખેંચી લેવાઈ. પરંતુ પછી તો બેકારોનાં સરઘસો શરૂ થયાં. પોલિસની નિષ્ઠુરતાએ સત્તા અને પ્રજા વચ્ચે શત્રુતા જન્માવી. કાર્યકર્તાઓની ગિરફ્તારી મંડાઇ ગઈ પણ ઍની બેસંટની સ્નેહભરી ગોઠવણથી તમામ ગિરફ્તાર થનારાઓના મોંમાગ્યા જામીનો તાર-વ્હેવારથી ટપોટપ નોંધાવા લાગ્યા. 'ટ્રફાલગર ચોક'માં નીકળેલા એક વિરાટ સરઘસ ઉપર, કશા અપરાધ વગર પોલિસે શસ્ત્રો ચલાવી અનેક કુટુંબોની રોટલી રળનારાને ઠાર કર્યા અથવા અપંગ બનાવ્યા. કાયદાએ પણ કીનાખોર બની ઉલટી સજાઓ ફરમાવી. છતાં એવા ઉશ્કેરાટ વચ્ચે પણ ઍની બેસંટે અહિંસાત્મક રહી પ્રજાપક્ષેથી કશી મારફાડ થવા ન દીધી.



મૅડમ બ્લૅવેટસ્કી

શૅર-હોલ્ડરોને ઊંચાં ડિવિડન્ટ વહેંચવા માટે ગરીબ મજુરોનાં લોહી ચુસતી કંપનીઓનો બહિષ્કાર કરવા માટે 'કન્ઝયુમર્સ લીગ' ખોલ્યું. દીવાસળીનાં કારખાનાંના એકે શેરની અસલ પાંચ પાઉન્ડની કીમત સાડા અઢાર પાઉન્ડ સુધીની બોલાતી હતી તે દેખીતા મોટા નફાની પાછળ શું ઊભું હતું? મજુર છોકરીઓનાં હાડપીંજરો! સાત દિવસનાં લોહી નીચોવ્યા પછી જેને આઠ શિલિંગની મજુરી વહેંચાતી! એ હાડપીંજરોએ ઍની બેસંટની સરદારી નીચે હડતાલો પાડી. એ સેંકડો છોકરીઓને માટે એણે માગીભીખીને ક્લબો બનાવી, ભુખ્યે પેટે ફરજિયાત કેળવણી લેવા જતાં બચ્ચાંઓને મફત ભોજન આપવાના પ્રબંધો આદર્યા, અને ઉદ્યમથી વંચિત રહેતાં એ પ્રામાણિક, પાપભીરુ પ્રજાજનોની દુર્દશા સુધારવા અનેક જાતના અવિરત ઇલાજો અજમાવ્યા.

૫

'પરંતુ મારી ફીલસુફી હજુ અધુરી છે!' એવો નિશ્વાસ ૧૮૮૯ના વર્ષમાં ઍની બેસંટના અંતરમાંથી નીકળી પડ્યો. એકલી બેસીને એ વિચારે ચડીઃ આ તોફાનો શું બસ છે? આ વિગ્રહનો કોઇ છેડો છે? આમાં માનવજાતિના ભ્રાતૃભાવનો રોપ ક્યાં યે રોપાય છે? નિઃસ્વાર્થ સેવા કરનારાં મનુષ્યો બહાર આવે છે? કોઇ ઉચ્ચ જીવનપ્રેરણા ક્યાંયથી ઉતરે છે? ના, ના, ના! આ જગત હું જોઇ શકું છું એટલું જ માત્ર નથી. અણદીઠ ભુવનમાં કૈં કૈં દુનિયાઓ પડી છે. કૈં કૈં ગુપ્ત પ્રવાહો આ બ્રહ્માંડની અંદર ચાલ્યા જાય છે. વિજ્ઞાનની અજબ શોધો કોઇ અકળ વાતો ખુલ્લી કરી રહી છે. અને એ બધા પર હું આ ઉપરછલા ઉપચારો કરવા શીદ બેઠી છું?

આવા વિચારોથી બેસંટનું હૃદય વલોવાઇ ગયું. એક ઉદાસ સંધ્યાએ, જગતની સમસ્યા ઉકેલવાની સર્વ આશા છોડીને આ ત્રીસ વર્ષની યુવતી, શૂન્ય નજરે બેઠી છે. એની આંખે અંધારાં ઉતરે છે, જીવન અસહ્ય વેદના રૂપ બનેલું છે. તે વખતે એક અવાજ આવ્યોઃ ધૈર્ય રાખજે! હવે જ્યોતિ નજીકમાં છે!

પંદર જ દિવસ વીત્યા ને 'રિવ્યૂ ઑફ રિવ્યૂઝ' પત્રના જગપ્રસિદ્ધ સંપાદક મિ. ડબ્લ્યુ. ટી. સ્ટેડે આવીને એના હાથમાં બે મોટાં પુસ્તકો મુકયાં. 'આનું અવલોકન લખી આપીશ? મારાં માણસો તો હીમત કરી શકયા નથી. પણ તું તો આ વિષય પર પાગલ બની છે એટલે તું લખી શકીશ એમ માનું છું.' પુસ્તકોનું નામ 'સીક્રેટ ડૉક્ટ્રિન્સ' લખનાર મૅડમ એચ. પી. બ્લૅવેટસ્કી.

બેસંટ એ પુસ્તકો વાંચવા બેઠી. વાંચતી ગઈ તેમતેમ જાણે એના અંતરની આંટીઓ ઉકેલાતી ગઇ. સમસ્યાઓ શમતી ગઇ. વિશ્વનાં છિન્નભિન્ન તત્ત્વો જાણે મેળ ખાઇને એક વિરાટ યોજનાનાં અંગો બની જતાં દેખાયાં. પંદર દિવસ પૂર્વેના કોઇ ગેબી અવાજે જેનું આગમન પુકાર્યું હતું, તે જ્યોતિ ભેટી ગયું લાગ્યું. યુગયુગના આકર્ષણથી જાણે ખેંચાઇને પોતે એ પુસ્તકોની લેખિકાને મળવા ગઇ.

વાજીંત્રના તાર માફક કમ્પતા સ્વરે એ ચમકતી મોટી આંખોવાળી રશિયન રમણીએ ચિર પરિચિતાની પેઠે કહ્યું 'મારી વહાલી મિસિસ બેસંટ, ઘણા વખતથી હું તને મળવા તલસતી હતી.'

આડીઅવળી વાતો પછી મુલાકાત પુરી થઈ. એ રશિયન સ્ત્રી વિદાય દેતી બોલી કે 'ઓ મિસિસ બેસંટ, તું જો અમારી સાથે આવી જા!'

એ રશિયન નારી તે જગતભરમાં વડલા સમ ફેલાએલી જાણીતી સંસ્થા 'થીઑસૉફિકલ સોસાઇટી'ની આદ્ય સંસ્થાપક. જોતજોતામાં એણે નાસ્તિક ઍનીને જડવાદમાંથી બ્રહ્મવિદ્યાના પ્રકાશમાં ખેંચી લીધી.

ફરી વાર ઍની આવીને બ્લૅવેટસ્કીને ઉંબરે ઉભી રહી. બોલી કે 'મને દીક્ષા આપો!'

બ્લૅવેટસ્કીએ કહ્યું, 'પણ તેં મારી વિરૂદ્ધમાં 'સાઇકીકલ રીસર્ચ સોસાઇટી'એ પોતાના અહેવાલમાં જે લખ્યું છે, તે વાંચ્યું છે?

'ના.'

'ત્યારે જા, એ વાંચ્યા પછી આવજે.'

એ ગઇ. કહેલો અહેવાલ વાંચ્યો. બ્લૅવેટસ્કી ઉપર ગંદામાં ગંદા, વિકૃત અને બીનપાયાદાર આક્ષેપોનો એમાં પાર નહોતો. એ બધી વાતો ભયંકર હતી. વાંચીને એ હસી. જઇને બ્લૅવેટસ્કીનાં ચરણો ઝાલ્યા. કહ્યું કે 'મને તમારી શિષ્યા બનાવો.'

અશ્રુભરી મોટી આંખે બ્લૅવેટસ્કીએ એના મસ્તક પર હાથ મુકીને કહ્યું 'ઉમદા બાઇ, તારા ઉપર ગુરુદેવના આશીર્વાદ ઉતરજો!'

એ આશીર્વાદ લઇ, કિરતારની સમગ્ર રચનાનો અભ્યાસ આદરી, વિશ્વનું રાજ્ય ચલાવતાં નિગૂઢ સત્ત્વોનું નિરીક્ષણ કરવા, આર્યોની બ્રહ્મવિદ્યા ભણવા ને માનવજાતિને બ્રાતૃભાવનો સંદેશો દેવા, આર્યાવર્તની પુત્રી બનીને છેતાલીસ વર્ષની વયે ઈ. સ. ૧૮૯૩માં ઍની બેસંટે ભારતવર્ષને તીરે પ્રથમ પગ મુકયો.

(અપૂર્ણ) **ઝવેરચંદ મેઘાણી**

ઉદ્યમ

કામ કરો સૌ કામ કરો સૌ,
કામ કરો સૌ કામ કરો.
ઉદ્યમ વિણ બેસી નવ રહેવું,
સમય વહે ઉદ્યમને પંથ;
કરવાં શુભ કર્મો અંતરથી,
મંગલ હૃદય તણો એ મંત્ર:
કામ કરો સૌ કામ કરો.
જીવનમાં રસ ઉદ્યમ લાવે,
ખંત અને ઉત્સાહ અપાર;
ચેતન ને ચંચળતા રેડી,
રગરગ ભરતો નવ ઝંકાર:
કામ કરો સૌ કામ કરો.
આંખ વિના અંધારાં લાગે,
આળસનો એવો અંધાર;
તિમિરારણ્યે પ્રકાશ પુરે,
ઉદ્યમનાં કિરણોની ધાર:
કામ કરો સૌ કામ કરો.
ઉદ્યમથી સુખ નિપજે સઘળાં,
છત્ર, ઝરૂખા, મંદિર, માળ;
વનવનનાં લક્ષ્મીફુલ મ્હોરે,
ઉદ્યમ પર જગનો આધાર:
કામ કરો સૌ કામ કરો.
નિદ્રા, તન્દ્રા દૂર કરીને,
બળહીનને કરતો બળવાન;
ચપળ સાધના જગવે દિલમાં,
લક્ષ્ય તરફ મીટનાં મંડાણ:
કામ કરો સૌ કામ કરો.
દીનપણે બે હાથ જોડીને,
ઘરઘર ભટકી માગે ભીખ;
કોડી એક મળે નહિ જેને,
તેને એ કરતો ધનધીક:
કામ કરો સૌ કામ કરો.
નાનાં મોટાં નરનારીના,
ઉદ્યમથી અભિલાષ ફળે;
કાંકરની સોનારજ બનતી,
મનમાગ્યા પણ મેહ મળે:
કામ કરો સૌ કામ કરો.
પાસે સુંદર પાત્ર ભર્યું છે,
કર લંબાવી મુખ ન ધરો;
હદક ઉડી મુખમાં કયમ પડશે,
ઉદ્યમ વિણ ઓ માનવીઓ?
કામ કરો સૌ કામ કરો.
પૃથ્વી પર રવિ ગરમી વરસે,
વરસે જળરસ વાદળીઓ;
પણ ખેડુત ખેતી નવ કરતો,
અન્ન થશે કયમ માનવીઓ?
કામ કરો સૌ કામ કરો.
ચેતનજડનું ચક્ર જગત રૂપ,
ફરતું નિત્ય કરી કલ્લોલ;
સૂર્ય, ચંદ્ર, નભ ને તારાઓ,
રાસ રમે ઉદ્યમના ઢોલ:
કામ કરો સૌ કામ કરો.
વ્યોમ વસુધા એક કરીને,
ત્રિભુવનનાં ખખડાવે દ્વાર;
ઉદ્યમથી કીડી કુંજર સૌ,
પામે એક પ્રભુનો પાર:
કામ કરો સૌ કામ કરો.

'મોહિનીચંદ્ર'

કોયલ . . . . . પાન ૩૨૮થી ચાલુ

બચ્ચાં મોટાં કરવાનું કામ સર્વે પક્ષીઓ બુદ્ધિપૂર્વક નહિ પણ પ્રેરણાશક્તિથી કરતાં હોઈ, કાગડા જોકે બધાં પક્ષીઓમાં સૌથી વિશેષ બુદ્ધિશાળી છે છતાં કોયલનાં ઇડાને પિછાની શકતા નથી, ને તેમાંથી નીકળેલાં બચ્ચાંના ભરણપોષણનું કામ કર્યે જાય છે. બચ્ચું જો નર હોય તો તેનો રંગ કાળો જ રહે છે અને જો માદા હોય તો મોટું થતાં તેના શરીર ઉપર ટપકાં અને લીટા દેખાવા માંડે છે. પણ એટલામાં તો તે કાગડાથી જુદું પડી ઉડી જાય છે.

કાળા રંગવાળો નર અને ચટાપટાવાળી માદા: આ બાબતમાં પણ કોઇકોઈ વાર ઉસ્તાદોના મત જુદા પડતા સાંભળ્યા છે. પણ આ વર્ષના નિરીક્ષણ પછી હું ચોક્કસ કહું છું કે કાળો તે નર છે. મેં નર-માદાને પાંખરતાં પણ એકથી વધુ વખત નિહાળ્યાં છે.

કાગડાની માફક કોયલમાં પણ નીચે પ્રમાણે ત્રણ જાતો છે. તે બધી પોતાના માળા બાંધતી નથી, પણ બીજાં પક્ષીઓ પાસે પોતાનાં બચ્ચાં ઉછેરાવે છે. (૧) કોયલ (૨) બપૈયો–પપૈયો–ચાતક (૩) મોતીડો.

(૧) કોયલ સંબંધી તો આપણે જાણી ગયા. મે, જુન, જુલાઇ ને ઑગસ્ટમા તે ઝાડેઝાડે દેખાય છે અને ભાગ્યે જ કોઇથી અજાણી હશે.

(૨) બપૈયો (**Indian hawk-cuckoo**).

(૩) મોતીડો (**Pied Crested cuckoo**).

કોયલની આ છેલ્લી બે જાત ભર ચોમાસામાં ગામની બહાર આંબાવાડિયામાં અથવા જંગલમાં દેખાય છે. તે પોતાનો ખોરાક જીવાંત, ઇયળો ઇત્યાદિ ઝાડનાં થડ અને પાનમાંથી મેળવતી હોઇ જમીન ઉપર તો કદિ ઉતરતી જ. નથી. બપૈયાનું નામ તો સૌએ સાંભળ્યું હશે. કવિઓની કલ્પનામા વિરહીણીનાં મન વ્યાકુળ કરવામાં આ પક્ષી કામદેવના એક ગણ બરાબર કામ કરતું વર્ણવવામાં આવ્યું છે. લોક-કથનમાં તો આ પક્ષીને આખું વર્ષ તૃષાતુર રહેતું માનવામાં આવે છે અને જ્યારે વરસાદ વરસે ત્યારે જ તે વરસાદની ધારો મોંમાં ઝીલી પોતાની તૃષા છીપાવે છે તેમ કહેવાય છે. આ પક્ષી ભાગ્યે જ નજરે પડે છે, પણ તેનો અવાજ એવો છે કે



બપૈયો (હૉક-કક્)

આપણે તેને સાંભળ્યું તો હોય જ છે. વહેલી સવારે, બપોરે, સાંજે અથવા કેટલીક વાર વરસાદ ટમટમતો હોય ને મેઘલી રાત જામી હોય ત્યારે પી–પીહુઉઉ, પી–પીહુઉઉ, પી–પીહુઉઉ—એવો એક કરતાં બીજો ચઢતો ટહુકો આપણે કાને પડે છે. ઘણી વાર આ અવાજ એટલે ઉંચે સૂરે જાય છે કે આપણને એમ જ થાય કે હમણાં સુર તુટી જશે. આ અવાજને આધારે જો આપણે ચાલીએ તો બપૈયાનો પત્તો લાગે. આવા બપૈયા આ વર્ષે ભાવનગર વિક્ટોરિયા પાર્કમાં આવ્યા છે. એક જોડું તો દર વર્ષે ત્યાં આવે છે.

આ પક્ષી દેખાવમાં બરાબર શકરા—બાજ જેવું છે. છાતી ઉપર કાળાંધોળાં ટપકાં અને આખે શરીરે ચટાપટા. તેની ઉડવાની રીત તથા બધો દેખાવ કુદરતે એવો ગોઠવ્યો છે કે માણસ તો શું પણ બીજાં પક્ષીઓ યે તેને શકરો—બાજ ધારી, જોતાં જ ઉડી જાય. પોષાકની આવી ખુબીથી આ ખુનીને પોતાનાં ઈંડાં બીજાં પક્ષીઓ પાસે ઉછેરાવવામાં મહેનત પડતી નથી. કોયલ કરતાં કાગડો મોટું અને બળવાન પક્ષી હોઇ કોયલને તેના માળામાં ઇંડાં મુકતાં બહુ જ ચાલાકી વાપરવી પડે છે; પણ બપૈયાં તો પોતાનાં ઇંડાં પોતાનાથી નાનાં પક્ષી લેલાં પાસે ઉછેરાવે છે, એટલે એને કાંઇ જ મુસ્કેલી પડતી નથી. જેવું તે લેલાંના માળા ઉપર ઉતરે છે કે તરત જ લેલાં તેને બાજ ધારી પોતાનો માળો મુકી ઉડી જાય છે, અને પછી એ પક્ષી નીરાંતે પોતાનું ઇંડું તેના માળામાં મુકે છે અને તેનું એકાદ ઇંડું



મોતીડો (ક્રેસ્ટેડ કક્)

ખાઇ જાય છે. કવિઓએ આ હકીકત જાણી હોત તો કોયલ અને બપૈયા જેવાં દગાખોર પક્ષીઓ દુનિયા ઉપર આટલી બધી ખ્યાતિ પામી શક્યાં ન હોત. આટલા મધુર અવાજ નીચે આવું ખુની હૃદય હશે એવું કોણ ધારે? પ્રેરણાશક્તિને વશ બની લેલાંઓ તો બીચારાં બપૈયાના બચ્ચાંને મોટાં કરે છે અને ઘણી વાર જો આપણે ઑગસ્ટ-સપ્ટેમ્બર માસમાં ધ્યાન આપી જોઇએ તો વાડોમાં લેલાંઓ પોતાનાથી મોટાં કદનાં બપૈયાનાં બચ્ચાને ખોરાક ખવડાવતાં માલુમ પડે છે.

બપૈયાનો અવાજ યુરોપીઅન લોકોને બીલકુલ ગમતો નથી. તેઓ તો તેને 'Brain-fever-Bird' (જેના અવાજથી મગજ તપી જાય તેવું પક્ષી) ગણી, તેના અવાજથી કંટાળી તેને મારી નાખે છે. હું એક સાહેબને સારી રીતે ઓળખું છું જેણે મારી કૉલેજના કમ્પાઉન્ડમાં રહેતી કોયલો અને બપૈયાના સંહારનું કામ હાથ ધરેલું.

ત્રીજી જાત તે મોતીડો: આ તો ઘણું જ ખુબસુરત પક્ષી છે. તેને માથે કલગી હોય છે. એની એ કલગી અને આખું માથું કાળા રંગનાં હોય છે. તેનો બરડો કાળો અને પેટ સફેદ હોય છે. પાંખો અને પુંછડીમાં સફેદ લીટા હોય છે. જેમ ચોમાસું જામે છે તેમ આ પક્ષી દક્ષિણમાંથી આ તરફ આવે છે. બધી જાતની કોયલો ઉનાળામાં દક્ષિણમાંથી આ તરફ આવે છે અને ચોમાસું રહી, શિયાળો શરૂ થતાં પાછી દક્ષિણમાં ઉપડી જાય છે. આ મોતીડો-Crested cuckoo આ બાજુ બહુ જ ઓછો આવે છે. કદાચ ગામ દીઠ એકાદ જોડું આવતું હોય. તેનો અવાજ ન વર્ણવી શકાય એવો મીઠો છે. તે પણ બીજાં પક્ષીઓ પાસે જ પોતાનાં ઇંડાં ઉછેરાવે છે. આ કામ તે કઇ રીતે કરે છે એ મારા ખ્યાલમાં નથી. આ પક્ષીને મેં માત્ર એક જ વાર જોયું છે. પણ પક્ષીવિશારદો લખે છે કે આ ત્રણે જાતની કોયલો મળી જુદાંજુદાં ૭૯ જાતનાં પક્ષીઓ પાસે પોતાનાં ઈંડાં સેવડાવે છે અને તેમનાં ઇંડા તથા બચ્ચાંનો નાશ કરે છે.

ગજાનન ભટ્ટ

જ્ઞાનલીલા

અષાડની જ્ઞાનલીલાના આવેલા ૧૪૦ ઉત્તરોમાંથી બધા પુરા સાચા તે આ ત્રણ બાઇઓના જ છે. (૧) મણિલાલ પુંજાલાલ શાહ (૨) જનુ ત્રિવેદી (૩) કનૈયાલાલ દલસુખરામ જશ. ઈનામ તેમણે મંગાવી લેવાં.

ખરા જવાબ નીચે મુજબ: **(૧) શોધી કાઢો:** ગુંચવાએલી કહેવતો: ગોળ નાખે તેવું ગળ્યું થાય; હાથીએ હાથી લડે ને વચ્ચે ઝાડનો ખો; ટાઢે પાણીએ ખસ ગઇ; નાનો તોપણ રાઇનો દાણો; ડાહ્યો દીકરો દેશાવર જાય. **(૨) ગણિતગમ્મત:** (૧) ૧।। (૨) ૪ મિનિટ **(૩) ઓળખી કાઢો:** (૧) કમળ અને બરફ (૨) વડવાનળ. **(૪)** છોકરાઓએ નીચેની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે દીવાલો બાંધી હોવી જોઇએ.



(૫) શબ્દ ગોઠવણ: **આસન, પથિક, સઘળું, માલિક, નમાલું, બળદ, લહિયો, નયન, હિમેજ.** તેમાંથી કાળા અક્ષરોને ગોઠવવાથી નીકળતી કહેવત: આપ સમાન બળ નહિ: મેઘ સમાન જળ નહિ.

(૬) ગોઠવી કાઢો: લત, ખલ, ખત, ખર, તલ, તર, રત, લખ, લખત, તરલ, રતલ, તલખ, ખ અને ખરલ. **(૭) શબ્દસાંકળી:** નાગર, ગરક, રકમ, કમર, મરણ, રણતુર, તુરત.


ફરીફરીને એક વાત હજી જણાવવાની રહે છે. ત્રણચાર વખત સૂચના કર્યા છતાં યે ઉત્તર મોકલનારાઓ હજી કાંઈ પણ નિયમ પાળ્યા સિવાય ગમે તેવા કાગળમાં, ગમે તેવા અક્ષરે ઉત્તરો લખી હડસેલી દે છે. કેટલાક લાંબાં-

લાંબાં પિંજણ કરી આઠઆઠ પાનાંની નોટો ભરે છે. ટ્રેનના દાખલાનો જવાબ પોતે કેવી રીતે શોધી કાઢ્યો એ સમજાવવા એક ભાઇએ તો 'કુમાર'ના એક કૉલમ જેટલો લાંબો લેખ લખ્યો છે. એ આખા લખાણમાં પ્રશ્નનો જવાબ ક્યાં છુપાઇ રહ્યો છે તે જવાબ તપાસનારે શોધવાનું! કેટલાક ભાઇઓએ તો જવાબનાં પાનાં ટાંકણી લગાવ્યા વગર કે દોરાથી એકઠાં બાંધ્યા વગર છુટાં રવાના કરી દીધાં છે! ઉત્તર મોકલનારાઓએ આવી ઝીણીઝીણી બાબતો જાતે જ સમજી લેવી જોઇએ. આ સ્થિતિ અટકાવવા માટે નીચેના નિયમો તરફ ઉત્તરો મોકલનારાઓનું ફરી ધ્યાન ખેંચીએ છીએ:

(૧) ઉત્તરો કવરમાં મોકલ્યા હોય તો ફુલ્સકેપ આડા પા કાગળમાં, હાંસીઓ પાડીને, શાહીથી નંબરવાર લખવા. (૨) ફક્ત ઉત્તર જ લખવા; તેને સમજાવવા માટે નકામું પિંજણ કે બીજું કાંઇ લાંબું લખવું નહિ. (૩) એ કાગળને ઉપરને જમણે ખુણે મોકલનારનું પુરૂં નામ-સરનામું, ઉમર અને અભ્યાસ લખવાં. (૪) ઉત્તરો કવરમાં મોકલ્યા હોય તો કવરને ઉપલે ડાબે ખુણે અને પોસ્ટ કાર્ડમાં મોકલ્યા હોય તો તેને ઉપલે ડાબે ખુણે 'જ્ઞાનલીલાના ઉત્તરો' એમ લખવું. (૫) ગ્રાહકો હોય તેમણે પોતાનો ગ્રાહક નંબર નામની જોડે જ લખવો; બીનગ્રાહકોએ કશું લખવાની જરૂર નથી. ઈનામ તો ગ્રાહકોને જ મળે છે.

નીચેના નવા સવાલોના ઉત્તર ભાદરવા સુદ દશમ સુધીમાં પહોંચી જવા જોઇએ.

નવા સવાલ



(૧) જોડેના સાત વિચિત્ર ટુકડાઓમાં એક ચીજ સંતાએલું છે; શોધી મોકલો.

(૨) **ગણિત-ગમ્મત:** (૧) ૨૦ ના એવા ચાર પૂર્ણાંક ભાગ પાડો કે પહેલામાં ૧ ઉમેરતાં, બીજામાંથી ૨ બાદ કરતાં, ત્રીજાને ૩ વડે ગુણતાં ને ચોથાને ૪ વડે ભાગતાં જે જવાબો આવે તે બધા સરખા થાય. (૨) **અ** અને **બ**એ એક જ સ્થળેથી એક જ સાથે ચાલવાનું શરૂ કર્યું. **અ** દરરોજ ૨૦ માઇલ ચાલે છે; જ્યારે **બ** પહેલે દિવસે ૧ માઇલ, બીજે દિવસે ૨ માઈલ—એમ દરરોજ એકએક માઈલ વધારે ચાલતો જાય છે. ત્યારે એ બંને ફરી કેટલા દિવસે મળશે? (૩) મનુ પાસે તનુ ત્રણ આના માગતો હતો; તનુ પાસે કનુ બે આના માગતો હતો અને કનુ પાસે મનુ બે આના માગતો હતો. મનુ પોતાને ઘેરથી એક આનો લઈ આવ્યો અને તેનાથી બધાનું કરજ પતી ગયું. તે કેવી રીતે?

(૩) **ઓળખી કાઢો:** ઝાડ પર થતા નાન્યેતર જાતિના એક ફળનો માત્ર એક જ સ્વર બદલાવવાથી એ જ જાતિનું પણ વેલા પર થતું એક ફળ બની જાય છે; તે કયું?

(૪) **અંક-ચોરસ:** બાજુના ચોરસમાં સોળ ખાનાં છે. તેમાંનાં આઠ ખાનામાં આઠ આંકડાઓ મુકેલા છે. બાકી રહેલાં આઠ ખાલી ખાનામાં એવી રીતે આંકડા ગોઠવો કે એ સોળેય ખાનામાં ૧થી ૧૬ સુધીના બધા આંકડા એકેક વાર આવી જાય અને આડી તેમ જ ઉભી દરેક લીટીના આંકડાઓનો સરવાળો ૩૪ આવે.

૧	૫		૪
૧૨	૬	૭	
	૧૦	૧૧	
૧૩	૩	૨	૧૬

(૫) **શબ્દગોઠવણ:** બાજુએ બતાવેલા નમુના મુજબ નીચે આપેલા અર્થોવાળા શબ્દો ક્રમસર ગોઠવી આપો. જ્યારે એ બધા શબ્દો ખરેખરા ગોઠવાઇ ગયા હશે ત્યારે ચોકડીથી બતાવેલી લીટીમાં ગુજરાતના એક જાણીતા કવિનું નામ બની જશે.

. . ×
. × .
. . × . . . ×
. × . . × .
× . . . × . .
. × .
× . .

(૧) ઉપલો ચોરસ: પહેલી હાર=શરીરનો એક ભાગ; બીજી હાર=કપડાની એક જાત; ત્રીજી હાર=વિખ્યાત જૈન પંડિત (૨) વચલી હારનો ડાબા બાજુનો ચોરસ: પહેલી હાર=હિંદનો રાજમાન્ય ગિરિનિવાસ; બીજી હાર=ચોપડવાની દવા; ત્રીજી હાર=બતાવનારૂં (૩) જમણી બાજુનો વચલો ચોરસ: પહેલી હાર=અનુકરણ; બીજી હાર=દુ:ખ; ત્રીજી હાર=એક સગપણ (૪) નીચલો ચોરસ: પહેલી હાર=એક પક્ષી; બીજી હાર=શરત; ત્રીજી હાર=મુસાફરી.

(૬) **શબ્દ-શિરચ્છેદ:** કોઇ પણ શબ્દનું શિર એટલે તેનો પહેલો અક્ષર તેમાંથી કાપી નાખીએ, અને છતાં બીજા અર્થવાળો એક શબ્દ બાકી રહે એવા શબ્દો શોધી કાઢવા. દાખલા તરીકે એક ફુલ એવું છે કે જેનું માથું કાપી નાખીએ તો બાકી મેલ રહે. જવાબ કમળ—(ક)મળ. આ પ્રમાણે નીચેના ઉત્તરો આપો.

એક ધાતુનો શિરચ્છેદ કરીએ તો પાછળ ભાગ રહે છે; સ્થિતિનું માથું વાઢતાં ટેવ વધે છે; એક શહેરનો શિરચ્છેદ કર્યો તો સ્ત્રી જન્મી; સરખાનો શિરચ્છેદ કરતાં આદર મળે છે; એક સંખ્યાનો શિરચ્છેદ કરતાં પાછળ એક ધાન્ય રહે છે. એ બધાં શું?

(૭) 'કુમાર'ના ચાર લેખકોનાં નામ બીબાં ગોઠવનારે સેળભેળ કરી નીચે પ્રમાણે ગોઠવ્યાં હતાં. તમે તે કોણકોણ છે એ જાણી શકશો?

હજી આર્ય સારા જાણ પળમા નભ સાહ દે નાશ નર હરિ પ્રચાર ગ્રઇ દેરિ વદ.

આફ્રિકાના પત્રો

હું માન્ઝા પહોંચ્યો ત્યાં સુધીની હકીકત તો મેં લખી છે. બુકોબા તેમ જ માન્ઝા બંને ટાંગાન્યિકા (જુનો જર્મન ઇસ્ટ આફ્રિકા)નાં બંદરો. વિક્ટોરિયા સરોવરનો અર્ધ ભાગ યુગાન્ડાની હદમાં છે અને બાકીનો અર્ધ ભાગ ટાંગાન્યિકાની હદમાં છે. બુકોબાના બંદરમાં તો અમારી સ્ટીમરને ભારે તોફાન નડયું હતું. આ બંદરની પાસે જ સરોવરમાં એક નદી પડે છે અને બંદર પણ તદ્દન ખુલ્લું પહાડોમાં આવેલું છે એટલે બુકોબામાં તોફાન એ તો અહીં સામાન્ય વાત થઇ પડી છે. કોઇકોઇ વાર તો સ્ટીમર બુકોબાના બંદરની નજીક જઇ શકતી નથી, એટલે ઉતારૂઓને તેમજ માલને બુકોબા ઉતારવાને બદલે માન્ઝા લઇ જવામા આવે છે, અને ત્યાંથી બીજી સ્ટીમરમાં પાછા રવાના કરે છે.

માન્ઝાનું બંદર સુંદર છે. એ ગામ પહાડો અને ટેકરીઓ વચ્ચે વસેલું છે, એટલે સ્ટીમર બંદરમાં પેસે ત્યારે તો ત્રણ બાજુ મોટી પહાડી જણાય અને કિનારા પર સુંદર વૃક્ષોની હાર. એ વૃક્ષોની પાછળ માન્ઝાની શેરીની દુકાનો હશે અને તેની પણ પેલીમેર વિશાળ શાંબાઓ પડયા હશે એવો ખ્યાલ તરત તો આવે જ નહિ.

માન્ઝામાં આપણા ભાઈઓની ઠીક વસ્તી છે. ખોજાઓનું વેપારમાં સારૂં જોર છે. બાકી તો નાકાસેરો ટ્રેડિંગ કંપનાની તેમજ કંપાલા જનરલ એજન્સીની ઑફિસો મોભાદાર ગણાય છે. હું માન્ઝામા ફંડ કરી શકયો તે આ ઑફિસોની અને ખાસ કરીને કંપાલા જનરલ એજન્સીવાળા રા. ડાહ્યાભાઇની પ્રતિષ્ઠાને લીધે જ. માન્ઝાની રચના સુંદર છે. ગામની વચ્ચોવચ્ચ મોટી શેરીની, અને તેના ફરતું ગામ, સેક્રેટેરીએટ વગેરે. જેમ એક કેન્દ્રમાંથી જુદીજુદી ત્રિજ્યાઓ ફુટે-તેમ મધ્યસ્થ શેરીનીમાંથી આખા ગામના રસ્તાઓ ફુટે અને પાછા ત્યાં આવીને મળે. કહે છે કે જર્મન લોકોએ ગામોને આ પ્રમાણે જ વસાવ્યાં છે. માન્ઝાના આપણા ભાઇઓ આ જર્મન લોકોને હજી હેતથી સંભારે છે, કારણકે જર્મન સત્તા નીચે તેઓ જેટલા સુખી હતા તેટલા અંગ્રેજ સત્તા નીચે નથી એમ તે બધા ભાર દઇને મને કહેતા હતા.

અંગ્રેજ સંસ્થાનવાસીઓનો એક જ ઉદ્દેશ હોય છે કે સંસ્થાનને હરકોઇ પ્રકારે પોતાના માલની મારકીટ બનાવવું અને ત્યાંથી બને તેટલું દ્રવ્ય અને કાચો માલ ઘસડી જવાં. આ ભાઇઓના કહેવા પ્રમાણે જર્મન લોકો તો સંસ્થાન પોતે કેમ આબાદ થાય અને જીવનની ઉપયોગી ચીજો ઉત્પન્ન કરી શકે તેનો વિચાર કરતા. એટલું તો મને પણ સ્પષ્ટ જણાયું કે જયારે યુગાન્ડાની ખીલવણી કરવાને માટે ત્યાં એકલા કપાસનું જ વાવેતર કરાવવાની પોલીસી અખત્યાર કરવામાં આવે છે ત્યારે માન્ઝામાં બાજરી, ચોખા, ભોંયશીંગ, તલ, ઘી વગેરે સારા પ્રમાણમાં પેદા થાય એવાં પગલાં જર્મનોએ લીધાં હતાં અને તેને પરિણામે માન્ઝા ખોરાકનાં સાધનોમાં સુખી ગણાય. ઉપરાંત, જર્મન લોકો આપણા વેપારીઓ તરફ સારો ભાવ રાખતા અને રંગભેદનો ત્રાસ ન આપતા એમ પણ આ લોકોનું કહેવું હતું.

માન્ઝામાં મારો ઉતારો નાકાસેરો ટ્રેડિંગ કંપનીવાળા શિવાભાઇને ત્યાં હતો. તેમનું મકાન સરોવરના કાંઠા ઉપર એક નાની ટેકરીના શિખર પર બાંધેલું છે અને મકાન તથા સરોવરની વચ્ચે સુંદર વૃક્ષો આવી રહેલાં છે. આ સ્થાનથી સવારસાંજ સરોવરનો રમ્ય દેખાવ નજરે પડે છે. શિવાભાઇ પચીસ વર્ષના યુવાન છે. પોતે પેટલાદ બોર્ડિંગના વિદ્યાર્થી હતા ને બોર્ડિંગના જીવનનો તેમને અંગત અનુભવ, એટલે રોજ મને ગૃહ સંબંધી અનેક માર્મિક પ્રશ્નો પુછતા. તેમણે તથા તેમનાં પત્નીએ અમારા પર તો સદ્‌ભાવનો વરસાદ જ વરસાવ્યો હતો એમ કહેવું જોઇએ.

માન્ઝામાં બીજો પરિચય રા. ડાહ્યાભાઇનો. અમે આવ્યા ત્યારથી જ આ ભાઇએ ભવન માટે મહેનત લેવા માંડેલી. પણ મારૂં એવું માનવું છે કે તેમને ખરો ચટકા તો મારૂં પહેલું ભાષણ સાંભળ્યા પછી જ લાગ્યો. કદાચ મારા માનવામાં ભુલ પણ હોય.

અહીં માન્ઝામાં મેં આપણા ભાઇઓની સમક્ષ બે વ્યાખ્યાનો આપ્યાં. વ્યાખ્યાનોની ગોઠવણ કરવા માટે હું ઇન્ડિયન એસોસીએશનના સેક્રેટરી રા. રાઠોડનો આભારી છું. આ રા. રાઠોડ આપણા ભાવનગર રાજ્યમાં ન્યાયાધીશ મિ. રાઠોડ છે તેમના ભાઇ છે. બંને વ્યાખ્યાનો આપણા ભાઇઓને ખુબ ગમ્યાં અને ફંડ શરૂ થયું. માન્ઝાનાં અંદરઅંદરનાં કારણોને

લીધે માન્ઝાના ખોજા ભાઇઓ તેમજ થોડાએક લોહાણા ભાઇઓ ફંડથી દૂર ઉભા રહ્યા.

તળ માન્ઝામાં ફંડ કરીને આસપાસ જવાનો મારો વિચાર હતો, પરન્તુ હું માન્ઝામાં આવ્યો તે દિવસથી માન્ઝામાં પેટ્રોલનો દુકાળ પડયો હતો તે હું નીકળ્યો ત્યા સુધી ચાલ્યો. છેક છેલ્લે દિવસે પેટ્રોલ આવ્યું ત્યારે રા. ડાહ્યાભાઇ માંદા પડયા. આથી કરીને હું નાસા વગેરે સ્થળોમાં ફરી ન શકયો.

જતાંજતાં મેં એક વ્યાખ્યાન માન્ઝાના સિનિયર કમિશ્નર મિ. ટર્નબુલના પ્રમુખપણા નીચે અંગ્રેજીમાં આપ્યું. આ ભાષણમાં માન્ઝાનાં અંગ્રેજ સ્ત્રીપુરુષો હાજર હતાં. ભાષણ આપ્યા અગાઉ તો આપણા કેટલાક ભાઇના મનમાં બીક હતી કે હું ધોતિયું અને ચંપલ પહેરીને ભાષણ આપીશ એટલે ખાસ કરીને અંગ્રેજ બાનુઓ ચીડાશે; પરન્તુ ભાષણને અંતે જ્યારે મિ. ટર્નબુલ તથા તેમની સ્ત્રીએ લગભગ અરધા કલાક સુધી મારી સાથે વાત કરી અને મને રોકવાનો આગ્રહ કર્યો ત્યારે તો આ ભાઇઓની બીક મટી ગઇ.

માન્ઝા છોડું તે પહેલાં મારે થોડીએક હકીકત જણાવી દેવી જોઇએ. અહીં માન્ઝામા મને બેચાર વધારે વ્યક્તિઓનો પણ અનુભવ થયો કે જેમને હું ભુલી શકીશ નહિ. રા. ડાહ્યાભાઇની મંડળીમા મિ. મઝમુદાર, મિ. વૈષ્ણવ, મિ. આચાર્ય અને મિ. ઠાકોરની નોંધ મારે લેવી જ જોઇએ. મિ. મઝમુદાર, વૈષ્ણવ તેમજ આચાર્ય કસ્ટમમાં કારકુનો છે. મઝમુદાર તરવરિયા જોઇ લ્યો. તેમને રૂંવાડે રૂંવાડે પ્રાણ. જાતે નાગર અને નાગરની ચાલાકી ધરાવે છે. પેલા વૈષ્ણવભાઇ તો શાંતમૂર્તિ; એટલે દૂર પણ તેમનામાં નાગરોની સંસ્કારિતાનું મને ભાન થતું. જ્યારે જુઓ ત્યારે હસમુખા અને મારા જેવાને ઉપકાર તળે ચગદી નાખવામાં તૈયાર. મિ. આચાર્ય થોડાબોલા પણ મક્કમ. તેમની આંખમાં જ સંકલ્પનું બળ હતું. મિ. ઠાકોર આમ ભલા. આ આખી મંડળીએ મારા તરફ સ્નેહ ને સ્નેહ જ દર્શાવ્યો છે. ઉપરાંત, મિ. હસનઅલીને ભુલું તો ભારે અન્યાય થાય.

માન્ઝામાં બે ખોજા ભાઈઓને મળ્યો હતો. તેમનાં નામ રા. કાશમ અને જુમા. બંને ભાઇઓ આપણી સંસ્થાને નામથી જાણતા હતા. હું કોઈ ચીજ લેવા તેમની દુકાને શિવાભાઇ સાથે જઇ ચડયો ત્યાં તો તેમણે મને ઓળખી કાઢયો. બે દિવસ જુદેજુદે વખતે મને તેમણે પોતાને ત્યાં આમંત્રણ કર્યું અને છુટથી મને કેટલાક પ્રશ્નો પુછયા. પોતાનાં બચ્ચાંની કેળવણી માટે એટલી ઇન્તેજારી રાખનારાં માબાપો મેં દેશમાં પણ થોડાં જ જોયાં છે.

તા. ૨૫ મીએ સ્ટીમર આવી. સૌ ભાઇઓ અમને વળાવવા આવ્યા હતા. રા. શિવાભાઇ તો અમારાથી છુટા પડતાં રોઇ પડયા; એમને બહુ ઓછું આવી ગયું. સૌ છુટા પડયા ને સ્ટીમર ઉપડી.

અમે સ્ટીમરમાં ચડયા ત્યાર પહેલાં જ બેચાર કલાકથી ભાઇ ગૌરીશંકરને તાવ શરૂ થઈ ચુકયો હતો. ગૌરીશંકરનો તાવ અને મીઠા પાણીના દરિયામાં સફર એ બંને એકઠાં થયાં તેમાં પછી પુછવું શું ? માન્ઝાથી કિસુમુ બે દિવસે પહોંચાય તેને બદલે આ સ્ટીમરને ચાર દિવસ થયા. એક દિવસ તો રાત બહુ વસમી ગઇ અને મારે રાત આખી ઉજાગરો થયો. પરિણામે કિસુમુને બંદરે હું પણ તાવ લઇને જ ઉતર્યો અને પછી તો પુરા ચોવીસ કલાક આરામ જ લીધો.

કિસુમુ બંદર વિષે તો હું આગળ કહી ગયો છું. કેન્યાથી યુગાન્ડામાં જવા માટેનું આ બંદર વિકટોરિયા ન્યાન્ઝાને કાંઠે આવેલું છે અને તે યુગાન્ડા રેલવેનું ટરમિનસ સ્ટેશન છે. અહીંથી ઠેઠ જીન્જા તેમજ મબાલે સુધી પગરસ્તે પણ જઇ શકાય છે. અહીંના લોકો કાવિરન્ડો કહેવાય છે અને તેઓ મજુરી કરવામાં વધારે હુશિયાર ગણાય છે. મેં સાંભળ્યું છે કે હાઇલૅન્ડઝમા યુરોપિયન લોકો પોતાના શાંબાઓમાં મજુરી કરવાને માટે આ લોકોને પસંદ કરે છે.

કિસુમુમાં હું મિ. પંડયાનો મહેમાન હતો. મિ. મોતીલાલ લલ્લુભાઇ પંડયા ગુજરાતના પલાણા ગામના બ્રાહ્મણ છે. તેમનો વેપાર તો અહીં સાધારણ ગણાય. પરંતુ જાતે બહુ અચ્છા માણસ છે. કિસુમુમાં જગ્યાની ઘણી સંકડાશ છે એટલે અમારે ઉઠવા બેસવાનું એક મંદિરમાં રાખ્યું હતું. મિ. પંડયાએ તો પોતાના ઘરની તમામ મુસ્કેલીઓમાં પણ અમારા માટે દોડાદોડ કરવામાં કાંઇ મણા રાખી ન હતી.

કિસુમુમાં ખોજાઓની વસ્તી અને આબરૂ સારા પ્રમાણમાં છે. અહીંના શેઠ હાશમ જમાલ અને શેઠ મહમદભાઇ રહેમતલ્લા એ બે ભાઇઓએ સારી મહેનત લીધી. શેઠ હાશમ જમાલ તો આપણી સંસ્થાના હિતેચ્છુ રા. માણેકલાલ નાનજી ચંદારાણાના શિષ્ય એટલે તેમને સંસ્થા ઉપર ખુબ ભાવ થયો. માણેકલાલભાઇના પુણ્યચરિતની આ ખોજા ગૃહસ્થ ઉપર ખુબ અસર છે, અને અત્યારે પણ શેઠ હાશમભાઇ માણેકલાલભાઇના નામને હૃદયથી નમન કરે છે. આ બે ભાઇઓએ ફંડો માટે સારી મહેનત કરી.

કિસુમુની આસપાસ મુમિયાસ વગેરે સ્થળોએ જઇ ન શકયો, પરંતુ કિસુમુથી નૈરોબી તરફ આવતાં કિબોસ, કાલીગોરી વગેરે જગ્યાઓએ મિ. પંડ્યા મને લઇ ગયા હતા. ગૌરીશંકરે તો કિસુમુમાં ઠેઠ સુધી તાવને પકડી જ રાખ્યો તે શી રીતે છોડે? હવા પણ અતિશય શરદીવાળી એમાં ના નહિ.

છેવટે કિસુમુ છોડ્યું. વચમાં અમારે નકુરૂ રોકાવું હતું ને રસ્તામા લુમ્બ્વા સ્ટેશને આપણા ચુડાના ભાઇ ત્રંબકલાલ છે ત્યાં પણ કાઇ પાકે તો જોઇ લેવું હતું. પરંતુ ભાઇ ત્રંબકલાલે તો હું સ્ટેશને ઉતર્યો ત્યાં જ મારા કાનમાં નકાર ભણાવી દીધો. ત્રંબકલાલને ત્યાં જમીને તે જ ટ્રેનમાં અમે નકુરૂ ગયા.

નકુરૂમાં પણ કાંઈ બહુ પાક્યું નહિ એટલે હું તો રાતના બાર વાગ્યે આવનારી મેલની રાહ ન જોતાં રાતના આઠ વાગ્યાની ગુડ્ઝમાં જ ઉપડ્યો.

આ તરફ ગુડ્ઝ ટ્રેનોમાં પણ કોઇ ઉતારૂઓને મુસાફરી કરવી હોય તો વધારાનું ભાડું લીધા વિના સગવડ કરી આપે છે. અમારે બ્રેકમાં બેસવાનું હતું. હું, ભાઈ ગૌરીશંકર અને એક યુરોપિયન બાઇ એ ત્રણ અને ચોથા ગાર્ડ સાહેબ. અમે નૈરોબી જવાના હતા અને પેલાં બાનુ નૈવાશા ઉતરી જવાનાં હતાં. આ બાઇ અમારી સાથે રાતના બાર વાગ્યા સુધી બ્રેકના ડબ્બામાં એક પેટી પર બેધડક બેસી રહી અને બાર વાગ્યે નૈવાશા સ્ટેશને ઉતરી પોતાના શાંબા સુધી ચાલી ગઇ. આપણી સ્ત્રીઓ આવી મુસાફરી કરી શકશે? એમને આપણે એ પ્રમાણે કરવા દેશું? હૈયા પર હાથ મુકીને જવાબ દેજો.

(અપૂર્ણ) **નાનાભાઈ**



મેંદીનાં પાન

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કોની રે;
વાચ, કાય, મન નિર્મળ રાખે, ધનધન જનની તેની રે.

આરંભે શક્ય જાણીને, આરંભેલું ન છોડતા;
ધૈર્યથી જે કરે કામ, તે જ પંડિત જાણવા.

ભક્તિ શિશતણું સાટું રે,
આગળ વસમી છે વાટું.

નિર્ધન ને વળી બહુ ધની, જેને વેર ઘણાં ય;
સુખે ન સુએ માવડી, તે તો ત્રણ જણાં ય.

સત્ય નહિ તે ધર્મ જ શાનો, દયા વિના શું જ્ઞાન જોને;
વિનય વિના વિદ્યા જે શાની, દાન વિના શાં દામ જોને.

જેવું અંતર થાયે રે, તેવું તમ મુખડું દીસે;
જેવું મુખ દેખાયે રે, તેવું તમ હૃદય વિષે.

કુવા પરના કઠણ પણ પાકા કાળા પહાણ,
દોરડીએ છેદાય છે એ લેવું એંધાણ.

રે હોડે હોડે જુદ્ધે નવ ચડીએ;
રે ચડીએ તો કટકા થઈ પડીએ.

મોતી સૌ કુદરતણાં, તેના હાર ન થાય;
મિથ્યા મન મોદક કરે, તેણે ભુખ ન જાય.

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જો સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ.

ખબરદાર મનસુબાજી, ખાંડાની ધારે ચડવું રે;
હિંમત હથિયાર બાંધી રે, સત્ય લડાઇએ લડવું છે.

બા ળ વિ ભા ગ



ચાતકરાજા

જૂના વખતમાં ચાતકરાજા કરીને એક રાજા રાજ્ય કરતો હતો. એ બહુ જ ક્રૂર હતો. એની રાણી પણ એના જેટલી જ દયાહીન હતી. લોકોને આ રાજારાણીથી ભારે અસંતોષ રહેતો.

એવામાં એક વરસે દુકાળ પડ્યો. આગલે વરસે અનાજ ખુબ પાકેલું એટલે લોકોને ખાવાનો તો વાંધો નહોતો; પણ પાણીની બહુ તાણ પડી. છેવટે કુવા તળાવમાં ટીપું યે પાણી રહ્યું નહિ. તરસથી લોકો પીડાવા લાગ્યા. ખોરાક વગર તો થોડા દિવસે ય ચાલે, પણ કાંઈ પાણી વિના રહે?

રાજમહેલમાં એક મોટું સરોવર હતું. બધે ઠેકાણે પાણી ખુટ્યું પણ ત્યાં તો એટલું ને એટલું જ! લોકોએ હવે ત્યાંથી પાણી લાવીલાવી પીવા માંડ્યું.

એક વાર સરોવરમાં નહાતાંનહાતાં રાણીને લાગ્યું કે પાણી બહુ જ ઘટી ગયું છે. પહેલાં માથા સમાણું પાણી હતું ત્યાં હવે છાતી સમાણું થઈ ગયું છે ને છાતી સમાણું હતું ત્યાં તો હવે કેડ સમાણું યે માંડ રહ્યું છે. જો આમ ને આમ થોડા દિવસ ચાલશે તો સરોવરમાં એક ટીપું યે પાણી નહિ રહે ને પછી નહાવાની મઝા જશે.

તરત જ એણે તો રાજાને વાત કરી. નિર્દય રાજા કહે, 'ખરી વાત છે. ગામના લોકો આખો દિવસ પાણી ભરે એટલે ખુટી જ જાયને! હમણાં ને હમણાં હું હુકમ કાઢું છું કે રાજસરોવરમાંથી કોઇએ પાણી ભરવું નહિ; ભરશે તો ફાંસીની શિક્ષા થશે.'

રાણીને આથી બહુ આનંદ થયો.

એકદમ રાજાએ પ્રધાનજીને બોલાવવા માણસ દોડાવ્યો. ઉતાવળા-ઉતાવળા પ્રધાનજી આવી પહોંચ્યા.

'પ્રધાનજી, પ્રધાનજી, હમણાં ને હમણાં નગર આખામાં હુકમ ફેરવો કે રાજસરોવરમાંથી કોઇએ પાણીનું ટીપું યે લેવું નહિ; લેશે એને ફાંસીની સજા થશે.' રાજાએ હુકમ દીધો.

પ્રધાનજી તો રાજાનું આવું બોલવું સાંભળી વિચારમાં જ પડી ગયા. એ જાણતા તો હતા જ કે રાજા બહુ ક્રૂર છે. પ્રજા સુખી થાય કે દુ:ખી એની એને કશી ચિંતા નથી. તોપણ પ્રજાના હિતની ખાતર કોઇ રીતે માને તો મનાવી જોવા એમણે પ્રયત્ન કર્યો.

પ્રધાનજી કહે, 'રાજાજી, આપણી પ્રજા પાણી વગર જીવી કેમ—'

'ન જીવે તો મરે.' પ્રધાનજીને બોલતા અટકાવી દઈ રાજા વચ્ચે જ બોલી ઉઠ્યો, 'મારા હુકમ સામે દલીલ નહિ. સરોવરમાંથી પાણી ખુટે પછી રાણીને નહાવાનું શું? જાઓ, જલદી આખા નગરમા હુકમ ફેરવી દો.'

'પ્રજાના જીવન કરતાં શું રાણીના નહાવણની કીમત વધારે?' પ્રધાનજી વિચાર કરવા લાગ્યા. પણ રાજાને પોતાની મરજી મુજબ જ બધું થએલું જોવાની ટેવ હતી, એટલે વધુ કાંઇ બોલ્યા સિવાય એ ત્યાંથી ચાલ્યા ગયા. લોકોનું હવે શું થશે એ પ્રશ્ન તેમને મુંઝવવા લાગ્યો.

'આવો ઘાતકી હુકમ કાઢી લોકોને હું શું મોં બતાવીશ?' ઘેર જઇ પલંગમાં પડ્યાપડ્યા પ્રધાનજી વિચાર કરવા લાગ્યા: 'આવા પાપી રાજાના પ્રધાન થવા કરતાં ગરીબ મજુર થવું લાખ ગણું વધારે સારૂ. પણ હવે રાજાના હુકમ પ્રમાણે નહિ



કાગડાનું ગીત

અમે કાળા ને કામણગાળા કે કરીએ કા કા કા;
અમે ગાતા બહુ રાગ રસાળા કે કરીએ કા કા કા.

અમે ચોંપાને ચાલીએ બંદા કે કરીએ કા કા કા;
અમે છેતરીને છોડીએ ફંદા કે કરીએ કા કા કા.

અમે સંપી સંગાથ વસનારા કે કરીએ કા કા કા;
અમે ભેળા મળી જમનારા કે કરીએ કા કા કા.

અમે છોટા અક્કલમંદ મોટા કે કરીએ કા કા કા;
અમે કુદીએ હો છુટ લંગોટા કે કરીએ કા કા કા.

અમે રજકેરૂં ગજ કરનારા કે કરીએ કા કા કા;
અમે રોજરોજ મોજ ભરનારા કે કરીએ કા કા કા.

અમે જાગીએ જગતથી વ્હેલા કે કરીએ કા કા કા;
અમે બોલવે સરવથી પ્હેલા કે કરીએ કા કા કા.

અમે ચટચટ ચણીએ દાણા કે કરીએ કા કા કા;
અમે કહેવાઇએ કાગારાણા કે કરીએ કા કા કા.

થાય તો મારી જિંદગીનો સવાલ છે.' ખુબ વિચાર કર્યા પછી કાંઈક નિશ્ચય પર આવ્યા હોય એમ પ્રધાનજી ઉભા થયા ને ધીમે ડગલે ગામ બહાર ચાલવા માંડ્યું.

ખુબ દૂર જઇ પ્રધાનજી એક મોટા વડલા નીચે થાક ખાવા બેઠા. રાજાને કઇ રીતે સમજાવવા, પ્રજાને શી રીતે સુખી કરવી એના જ વિચારો હજી એમના મગજમાં ઘોળાયા કરતા હતા. એટલામાં થાકને લીધે વડલાની શીતળ છાંયડીમાં એમને ઉંઘ આવી ગઇ.

એ જાગ્યા ત્યારે એમની સામે એક બટુકડો ડોસો ઉભો હતો. આપણી એક વેંત જેટલો તો એ માંડ ઉંચો હશે. એની સફેદ લાંબી દાઢી છેક જમીન ઉપર ઢસડાતી હતી. વસ્ત્રમાં એણે માત્ર એક ઝભ્ભો જ પહેર્યો હતો.

પ્રધાનજી તો આ ડોસાને જોઇ નવાઇ જ પામી ગયા. 'આ શું? આટલો નાનો માણસ કોણ હોઈ શકે?' એ મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યા, 'હું કોઇ જાદુઇ પ્રદેશમાં તો નથી ખેંચાઇ ગયો ને?'

પણ ત્યાં તો પેલો ડોસો મંત્રબળથી પ્રધાનજીના મનની વાત જાણી જઇ મોં મલકાવીને બોલ્યો, 'પ્રધાન, આટલા બધા વિચારમાં શુ પડી ગયો? તું કોઇ જાદુઈ પ્રદેશમાં નહિ, પણ તારી પૃથ્વી ઉપર જ છે.'

આ ડોસાને પોતે પ્રધાન છે એની પણ ખબર છે એ જાણ્યું ત્યારે તો પ્રધાનના આશ્ચર્યનો પાર જ ન રહ્યો!

'હું તારી ચિંતા જાણું છું.' તે નાનકડા ડોસાએ માથું ધુણાવી આગળ ચલાવ્યું, 'દયાળુ ને પરોપકારી માણસોને મદદ આપવા હું સદા તૈયાર જ છું.'

'પ...ણ તમે છો કોણ?' પ્રધાનને હવે બીક નહોતી રહી એટલે જાળવીને એણે ધીમેથી પુછી લીધું.

'હું?' એટલું કહી એ ડોસો ખડખડાટ હસી પડ્યો; 'હું પૃથ્વી ઉપરના પાણીનો રાજા છું. પણ એ જાણવાથી તારૂં કાંઇ વળવાનું નથી. હવે સાંભળ, પ્રજાને સુખી કરવાનો હું તને એક તદ્દન સહેલો રસ્તો બતાવું છું.'

પ્રધાનજીના મુખ ઉપરથી નિરાશા ઉડી ગઇ. એ જરા ટટ્ટાર થઇને બેઠા.

'હું તને જાદુ શીખવીશ. એની મદદથી તું તારૂં કામ કરી શકશે. જો, આ સોનાના પ્યાલામાં થોડું પાણી છે.' ને એના હાથમાં એ જ વખતે એક સોનાનો પ્યાલો અર્ધે સુધી પાણીથી ભરેલો આવીને પડ્યો!

'હવે હું તને એક મંત્ર શીખવીશ.' ડોસો બોલ્યો ને એણે પ્રધાનના કાનમાં થોડાક શબ્દો કહ્યા. 'એ મંત્ર બોલીને આ પાણી તારા રાજારાણી ઉપર છાંટજે.'

અચરજ પામતાં પામતાં પ્રધાનજીએ પ્યાલો હાથમાં લીધો. 'પણ હું પાણી છાંટીશ એટલે શું—'

પણ ત્યાં તો કોઇ નહોતું. પ્રધાનજી કોને પુછે? જાણે કોઇ દિવસ આવ્યો જ ન હોય એમ ઘડીકમાં પેલો બટુક ડોસો અદશ્ય થઇ ગયો હતો!

'ગમે એમ, પણ એ ડોસો દયાળુ છે ને એણે

શીખવેલા જાદુનું પરિણામ સારૂં જ આવશે.' એમ ધારી પ્રધાનજી પાછા ગામમાં જવા ઉપડયા. રસ્તામાં એ પ્યાલા સામું જોતા જાય છે ને આશ્ચર્ય પામતા જાય છે કે આ પાણીમાં તે વળી કેવુંક જાદુ હશે!

તરશથી લોકોનો જીવ જતો હતો એટલે પ્રધાનજીએ એ જાદુ અજમાવવામાં ઢીલ ન કરી. સીધેસીધા એ તો રાજમહેલમાં ગયા.

સિંહાસન ઉપર રાજાજી બેઠા હતા. રાણીજી પણ પાસે જ ઉભાં હતાં. પ્રધાનજીએ બંનેને પ્રણામ કર્યાં.

'કેમ પ્રધાનજી, મારો હુકમ—'

પણ રાજા બોલવાનું પુરૂં કરે તે પહેલાં તો ડોસાએ શીખવેલો મંત્ર બોલી પ્રધાને અંજલિ ભરી પાણી રાજારાણી ઉપર છાંટી દીધું! ને ... ...?

ને રાજારાણી અલોપ! સિંહાસનની આસપાસ બે નાનકડાં પક્ષીઓ ઉડતાં હતાં. પ્રધાનજીના હાથમાંથી સોનાનો પ્યાલો ને પાણી—બધું ગુમ!

થોડી વારમાં તો આ વાત આખા ગામમાં ફેલાઇ ગઇ. પ્રધાનજીએ રાજસરોવરમાંથી પાણી ભરવાની સૌને છુટ આપી દીધી. લોકોનાં ટોળેટાળાં પક્ષી બની ગએલાં રાજારાણીને જોવા આવવાં લાગ્યાં. 'એમના પાપનો બદલો મળ્યો છે!' સૌકોઇ પક્ષીઓ સામું જોઇ કહેતું.

પછી બંને પક્ષી ઉડતાંઉડતાં એ રાજસરોવરને કાંઠે પાણી પીવા ગયાં. પણ ચાંચ બોળતાં જ એ તો ચીસ પાડી ઉઠયાં. એમ કેમ? પેલા ડોસાના જાદુમાં એવું કાંઇક હશે કે એ પાણી પી જ ન શકે. ફરીથી તો એમણે પાણીમાં ચાંચ જ બોળી નહિ.

આ જોઇ લોકોને તો કાંઇ દુઃખ ન થયું. પણ પ્રધાનજી બહુ દયાળુ હતા; એમને લાગી આવ્યું. આવાં ક્રૂર રાજારાણીને પણ દુઃખી થતા એ નહોતા જોઇ શકતા. વળી પાછા એ તો ઉપડયા. પેલા વડલા નીચે આવી ટચુકડા ડોસાની રાહ જોતા બેઠા.

એટલામાં તો એ ડોસો હવામાં હાથપગ હલાવતો હલાવતો આવ્યો—જાણે તરતો ન હોય! ખરેખર, પાણીના એ રાજાને તો બધે સ્થળે પાણી જ પાણી દેખાતું હશે!

પ્રધાનજી પાસે આવી એ કહે, 'પ્રધાન, તું શા માટે આવ્યો છે એ મારાથી અજાણ્યું નથી. તમારા જેવા ખોટી રીતે દયાળુ થતાં અમને નથી આવડતું. પાપીને પાપની શિક્ષા તો પુરેપુરી થવી જ જોઇએ. જા, હવે પાછો જા. છતે પાણીએ રાજારાણીએ લોકોને તરશે માર્યાં છે તો હવે એમની પણ એવી જ દશા થશે.'

'ત્યારે શું એ કદિ પાણી પી જ નહિ શકે?' પ્રધાનજીએ દીન અવાજે પુછ્યું.

'એટલી બધી સત્તા તો મારા જાદુમાં નથી,' એટલું કહી વળી પાછું એણે પહેલાંના જેવું જ અટ્ટહાસ્ય કર્યું; 'હું તો પૃથ્વી ઉપરના પાણીનો રાજા છું, આભના પાણી ઉપર મારો અમલ નથી ચાલતો. એટલે વરસાદનું પાણી એ પક્ષીઓ પી શકશે, પણ તે યે અદ્ધરથી મોંમાં ઝીલી લેશે તો જ. પૃથ્વી ઉપર પડયું કે તરત જ પાછું મારૂં જાદુ એના ઉપર લાગવાનું.' એટલું બોલી તરત જ એ પહેલાંની જેમ અદૃશ્ય થઇ ગયો!

આ સાંભળી પ્રધાનજી બહુ દિલગીર થયા. પણ રાજારાણી વરસાદનું પાણી ઝીલીને પી શકશે એટલેથી એમણે સંતોષ માન્યો—માનવો પડયો.

લોકોએ રાજાના નામ ઉપરથી એ પક્ષીઓનાં નામ ચાતક પક્ષી પાડયાં.

ને આજે યે ચાતક પૃથ્વી ઉપર પડેલું પાણી કયાં પી શકે છે?

વ્રજલાલ

સ્વીકાર

અમારી ત્રીજી વાર્તાઓ: લેખક, સુમતિ નાગરદાસ પટેલ તથા નાગરદાસ ઈ. પટેલ; પ્રકાશક, બાલજીવન કાર્યાલય વડોદરા અને મલાડ; કી. ૦–૧૨–૦

બલિદાન: (નાટિકા) લેખક શ્રી ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, શ્રી ભાવનગર મહિલા વિદ્યાલય;

મનોબોધ: સ્વામી રામદાસના મનાચે શ્લોકનું પદ્યાત્મક ભાષાંતર. કર્તા-પ્રકાશક, વામન પ્રાણગોવિંદ પટેલ; ૦–૨–૦

માતૃપૂજાને પંથે: શ્રી ભાવનગર સ્ત્રીકેળવણી મંડળ અને મહિલા વિદ્યાલય ૧૯૨૬–૨૭નો રીપોર્ટ; પ્રકાશક, ભાવનગર સ્ત્રીકેળવણી મંડળના મંત્રીઓ.

શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ—સુરતનો આઠમો વાર્ષિક રીપોર્ટ.



માધુકરી

લલિતકલા-કર રસવિદ્યાધર બનશો જી ક્યારે?
જીવિત કલાપે મત્ત કલાપી ઘુમશો જી ક્યારે?
પ્રભુલીલાનાં પદર્શનોને પીછાનશો ક્યારે?
ચકોર નયને વિશ્વ-ચમત્કૃતિ ઝીલશો જી ક્યારે?
સ્વતઃસિદ્ધ અંતરાત્મ-સૃષ્ટિ ખીલવશો ક્યારે?
વિચાર વૃત્તિ વર્તનને બસ એકવશો ક્યારે?
વર્ષા વસંત સમ રસ-ઉજ્જ્વલ હુમહુમશો ક્યારે?
પ્રાણવીણાને આંદોલન જગ ઝુકવશો ક્યારે? —લલિત

ક્રાંતિવાદી ચીનકુમારી

પારીસમાં ખુબ નામીતી થએલી અને ત્યાંની 'ફેકલ્ટિ ઑફ પૅરિસ' તરફથી 'ડૉક્ટર ઑફ લૉ'ની ધારાશાસ્ત્રી તરીકેની ઉંચી પદવી પામેલી મિસ સૂમ ચેંગ, શાંગહાઈ ખાતેની કેન્દ્રીય સત્તાની શાખાની પ્રમુખ નીમાઇ છે. નિજથી રાષ્ટ્રવાદીઓએ અમેન્ને પાસેથી શાંગહાઇ જીતી લીધા પછી તરત જ તેને ત્યાંની ન્યાયાધીશ બનાવવામાં આવી હતી. તેમાં તેની સત્તા અને અમલ દુર્જેય ગણાયાં હતાં અને તેની શક્તિનો પરચો આખા પ્રાંતને થઈ ગયો હતો.

આજ પાત્રીસ વર્ષની વયે ચીનના રાષ્ટ્રપક્ષની શાંગહાઇની શાખાની પ્રમુખ નીમાએલી, નિશ્ચલ મનોબળ ને તીવ્ર દીર્ઘદૃષ્ટિવાળી, અસીમ રાષ્ટ્રોદ્રેકની મૂર્તિ સમી એ મિસ ચેંગ આજ અઢાર વર્ષથી પોતાના દેશના ઉદ્ધાર માટે મથતી આવી છે. સત્તર વર્ષની ઉગતી વયથી એણે ચીનની રાષ્ટ્રીય ચળવળમાં સાથ પુરાવ્યો. એને ખાતર એણે શાહી પક્ષનાં પોતાનાં માતપિતા તજ્યાં, પોતાના પ્રેમિકને પણ જતો કર્યો અને પોતાના પક્ષને વફાદારીથી વળગી રહેવામાં અનેકવાર પોતાની જાતને સંકટમાં હોમવામાં પણ પાછું વાળી જોયું નહિ. જે જુવાન વયે, ચીનની કુમારીઓ લગ્નસુખના લ્હાવા લેવા અને ગૃહસેવા તથા પતિસેવાની જંજાળમાં પરોવાવા આતુર હોય છે તે વેળા આ અદ્ભુત છોકરી પોતાના પિતાના શાહી હોદ્દા અને લાગવગનો લાભ લઈ રાષ્ટ્રપક્ષનાં અનેક ભયંકર કાવતરાંઓ પાર પાડવામાં રચીપચી રહેતી. એ વેળા જામતા આવતા રાષ્ટ્રપક્ષમાં ગમે તે વર્ગના માણસને ભેળવવામાં આવતો અને ક્રાન્તિવાદીઓના એ મંડળનું મુખ્ય કામ છુપાં કાવતરા, ખુન અને ઠેરઠેર બાળવાઓ કરવાનું હતું. મિસ ચેંગને ભાગે, ઘણુંખરૂં, દક્ષિણ ચીનમાં આવેલા રાષ્ટ્રીય પક્ષના મુખ્ય મથકેથી ચીનના જુદાજુદા ભાગમાં બૉંબ અને દારૂગોળા પહોંચાડવાનું આવતું. અને એના અનેક સગાઓ રાજ્યમાં જુદેજુદે સ્થળે શાહી અમલદારો હોવાથી કોઇને એના પર શક આવે એમ ન હતું. તેમાં વળી સ્ત્રીજાત અને જુવાન વયને લીધે પણ તે બચી જતી એક વખત પોતે ટિન્સ્ટિનથી પેકિંગ પોતાના સામાનમાં દારૂગોળો સંતાડીને લઈ જતી હતી તે વેળા દેશાવરના એલચીમંડળના એક સભ્ય સાથેની મિત્રતાને લીધે તે જકાતખાતાની તપાસમાંથી કેવી આગુનિની પળે બચી ગઈ હતી તે હજી એ કોઈવાર વર્ણવે છે. એ ૧૯૧૦ની વાત.

તે પછી થોડા જ વખતમાં, કર્વોમિન્ટૅાના નામથી ઓળખાતી એમની એ મંડળી સાથેના મિસ ચેંગના સંબંધની પરાકાષ્ઠાની ઘડી આવી પહોંચી. ચેંગ એ મંડળમાં અગ્ર કાર્યકરોમાંની એક ગણાતી, તેની સલાહસૂચનાનું બહુ વજન પડતું અને પોતાથી બનતુ ત્યાં સુધી તે ખુનામરકી અને હિંસાત્મક પ્રવૃત્તિઓનો વિરોધ કરતી અંતે મંડળના નેતાઓએ, દેશમાં એ વખતે સૌથી વધુ તિરસ્કારપાત્ર ગણાતા જુના રાજવંશના એક સરદારનું ખુન કરવાનો ઠરાવ કર્યો અને તે કાર્ય માટે બૉમ્બ લઈ જવાનું કામ મિસ ચેંગને ભાગે આવ્યું. એક જુવાન અમલદારને માથે આ કાવતરૂં પાર પાડવાનું આવ્યું ને તેનો પેલા સરદાર સાથે જ નાશ થયો.

ત્યારથી શાહી સરકારને મિસ ચેંગ પર શક આવ્યો. પણ તેના કુટુંબની જબરી લાગવગને લીધે કશી ગંભીર સજા ન થતાં, તેને કાં તો રાષ્ટ્રપક્ષ છોડી દેવાની અથવા તો દેશ

છોડી ચાલ્યા જવાની ફરજ પાડવામાં આવી. પરિણામે ક્રાંતિવાદી વિદ્યાર્થીઓની એક મંડળી સાથે તે પશ્ચિમની કેળવણી લેવા પારીસ જવા ઉપડી. તે પછી તરત યૂરોપનું મહાયુદ્ધ સળગ્યું.

યુદ્ધ દરમ્યાન પારીસમાં રહી તેણે કાયદાનો અભ્યાસ કર્યો, આંતર રાષ્ટ્રીય મંડળોમાં આગળ પડતો ભાગ લેવા માંડયો તથા ફ્રેન્ચ અને અંગ્રેજી લખતાંવાંચતાં શીખી લીધાં. ૧૯૧૭માં અમેરિકા જઇ ત્યાં ન્યૂ યૉર્ક તથા વૉશિંગ્ટનમાં થોડા માસ ગાળી તે ત્યાંના રાજકારણ તથા વિચારસૃષ્ટિથી જાણીતી થઈ ગઈ. ત્યાંથી ઇંગ્લંડ થઈ પારીસ આવી તે ચીન જવા ઉપડી અને સ્વદેશમાં બે વર્ષ ગાળી બીજા વિદ્યાર્થીઓની એક મંડળી સાથે ફરી ૧૯૧૯માં પારીસ જવા ઉપડી. ત્યાં ૧૯૨૫માં તેણે પોતાનું 'ચીનની રાષ્ટ્રીય ચળવળ' નામનું પુસ્તક પુરૂં કરી 'ડૉક્ટર ઑફ લૉ'ની પદવી મેળવી.

પારીસના વસવાટ દરમ્યાન પણ તે ત્યાંના ચીનાઈ રાષ્ટ્રીય પક્ષની આગેવાન જ બની રહી, ચોમેર ઘાડી મિત્રતાઓ કેળવી અને પશ્ચિમની કેળવણી લેવા મથતા પોતાના જુવાન દેશબાંધવોને અનેક પ્રકારે ઉત્તેજન અને સહાય આપ્યા કરી.

ગયે વર્ષે પિતા ગુજરી જવાથી તે સ્વદેશ પાછી આવી. ચીનની પહેલી સ્ત્રી-વકીલ તરીકે તેણે ધંધો માંડયો અને કૅન્ટનમાં પોતાની મા, બે ભાઇ તથા બહેન સાથે રહી દેશમાં રાષ્ટ્રીય કેળવણીનું કામ ઉપાડયું, તે ઠેઠ હમણાં થોડા માસ પહેલાં કૅન્ટનીઝ (રાષ્ટ્રપક્ષના) લશ્કરે શાંગહાઇ તરફ કૂચ કરી ત્યાં સુધી.

હવે તો રાષ્ટ્રપક્ષ બળવાન થયો હતો, અઢાર-વીસ વર્ષ પહેલાંની છુપી બળવાખોર ટોળી મટીને એ જ્વલંત સ્વાતંત્ર્યઅગ્નિ ભભુકતો ચીનની જનતાનો પ્રતિનિધિ બન્યો હતો અને તેમાં સત્તર વર્ષની જુની સાથીદાર મિસ ચેનને માટે ચોક્કસ સ્થાન હતું.

જીવનભર ચુસ્ત શાહીવાદી રહેલો તેનો પિતા અવસાન પામ્યો છે, આવી તેજસ્વી પુત્રી તરફ સદા સહાનુભૂતિ ધરાવતી તેની માતા હવે વૃદ્ધ થઈ છે અને તેનાં ભાઈબહેન જુના સંકુચિત જીવનપ્રવાહમાં પોતપોતાને માર્ગે પડયાં છે; પણ એણે તો પોતાના જીવનની મોંઘી મહત્વાકાંક્ષા પાર પાડી છે.

તેના આ વિજયથી આનંદમગ્ન બનેલાં તેનાં પારીસનાં મિત્રો તો તેને જૉન ઑફ આર્કની સાથે સરખાવે છે અને કહે છે કે તેનામાં ફ્રાન્સની એ મહાત્મા વીર કુમારીના જેટલા જ નિશ્ચયબળ, કાર્યદક્ષતા, શત્રુ પ્રત્યે દયા અને ભવિષ્ય વીંધી જોવાની તીણી દીર્ઘદૃષ્ટિ છે.

સ્વાવલંબી કેળવણી ખાતું

બહારથી પૈસા કે ફંડ એકઠું કર્યા સિવાય માત્ર પોતાનાં જ બળ અને ભાવનાથી અમેરિકાના આર્કાનાસ સંસ્થાનના મીના શહેરથી દસ માઇલ દૂર પાઇનના જંગલમાં એક કૉલેજ થઇ છે. તેનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાંનો દરેક જણ રોજના બાર આના પર સુખથી નિભાવ કરે છે. આ કૉલેજ કોમનવેલ્થ કૉલેજ એટલે સાર્વજનિક વિદ્યાલયના નામથી જાણીતી છે. તે ૧૯૨૩માં સ્થપાઈ હતી જે વખતે તેની થાપણ એક શિલિંગ, પાંચ પેન્સની એટલે સત્તર આના જેટલી જ હતી! પણ તે સાથે મોટી મુડી તો દરેક જણ માટે ઉંચી કેળવણી સુલભ કરવાની મૂર્તિમંત ઉમેદ હતી. શિક્ષણ તરફ પ્રેમ ધરાવતા ૧૧ શિક્ષકો માત્ર રહેવા-ખાવાનું સ્વીકારીને પોતાનો બધો વખત તથા બુદ્ધિ વગર-પગારે આ સંસ્થામાં વહેંડાવી રહ્યા છે. ખેતીવાડી આ કૉલેજનું પ્રધાન કાર્ય અને ઉદ્યમ છે. કૉલેજને લગતી ૩૫૦ એકર જમીન પર શિષ્યો અને અધ્યાપકો રોજના ચાર કલાક એકસરખી મહેનત લે છે.

દુનિયાને ઉપયોગી વસ્તુના શોધકની શતાબ્દિ

આ વર્ષે અનેક પ્રખ્યાત પુરુષોની શતાબ્દિઓ ઠારોઠાર ઉજવાઇ છે. પણ તેમાં સૌથી મહત્ત્વની વસ્તુ દુનિયાને આપનાર માણસ વીસરાઈ ગયો છે. આખી દુનિયા કરોડોની સંખ્યામાં દરવર્ષે દીવાસળીઓ વાપરી તેની સગવડ ભોગવે છે. એ દીવાસળી ફક્ત સો વર્ષ ઉપર જ પહેલવહેલી સળગી હતી. તેનો શોધક જ્હોન વૉકર હતો. આ માણસે તેનું પેટંટ લઇ ધંધો કર્યો હોત તો મોટો ધનવાન બની ગયો હોત; પણ આવી લોકોપયોગી ચીજનું પેટંટ લેવાનું તેને હલકું લાગ્યું. પરિણામે તેને થોડા શિલિંગ મળ્યા એટલું જ!

તે ઇ. સ. ૧૭૮૧માં જન્મ્યો હતો અને એક સર્જન ડૉક્ટરને ત્યાં ગુમાસ્તો રહ્યો હતો. સર્જનની વાઢકાપનો દેખાવ તે ખમી શકતો નહોતો એટલે રસાયણશાળામાં પ્રયોગો સાંભળ્યા કરતો. ત્યાં તેની પાસે પોટાશિયમ ક્લોરેટ અને ઍન્ટિમની સલ્ફાઇડનું તૈયાર મિશ્રણ વેચવા રહેતું. તેમાંથી તેણે ઘસતાં સળગે એવી દીવાસળી બનાવી; અને કહેવાય છે કે ૧૮૨૭માં તેણે એવી દીવાસળીની પહેલી ડબી વેચી. તેણે બીજી કેટલીક ડબીઓ વેચી હશે એવામાં એનો ફેલાવો થતાં એક સૅમ્યુઅલ જોન્સન નામના વેપારી બુદ્ધિના હોંશિયાર માણસે 'લ્યુસિફર' નામથી તેની જ બનાવટ મોટા જથ્થામાં વેચવા માંડી. વૉકરને આની ખબર પડી એટલે પોતાની શોધ માટે તે બેદરકાર બની ગયો અને દીવાસળીઓ બનાવવાનું છોડી દીધું.

સ્વચ્છતા

વિલાયત જઇ આવેલા એક હિંદી ડાક્ટરે ત્યાંના અને અહીંના સ્વચ્છતાના ખ્યાલ વિષે 'નવજીવન'માં વર્ણવેલો પોતાનો પ્રસંગ અહીં ઉતારવા જેવો છે: 'અમારા જેવા અહીંથી ડિગ્રી લઇને વિલાયત ગયા. પણ ત્યાં અમારા

સ્વચ્છતાના ખ્યાલ કેટલા અધુરા હતા તે જાણીને અમને શરમ આવી હતી એકવાર અમે સ્કૉટલૅંડના સરોવરપ્રદેશમાં સહેલ કરવા નીકળ્યા હતા. એક રમણીય સ્થાને જઇને બેઠા, ખાધુંપીધું, અને સામાન્ય રીતે કાગળિયાંથી હાથ લુછીને કાગળિયાંનો ડુચો વાળીને ફેંકી દઇએ તેમ ડુચો વાળીને મેં કાગળ ફેંકયો. અમારી સાથે એક રખારણ છોકરી અમારો સામાન લઇને આવી હતી. તેણે તે ડુચો ઉપાડીને ટોપલીમાં મુકયો! મેં પુછ્યું, 'એને કયાં લઈ લેવો છે?' એટલે પેલી કહે, 'આ સુંદર સ્થાન છે માટે તમે આવ્યા છો. એને અસુંદર કરીને તમે જશો તો પછી કોણ અહીં આવશે?' હું શરમાયો. મેં જોયું કે એ ડુચો તે બાઇ સાઠ માઈલ સુધી ટોપલીમાં લઇ આવી અને મુકામે આવીને તેને દેવતામાં મુકી દીધો ત્યારે તે જંપી! આ સ્વચ્છતા આપણે કયાંથી લાવશું? લોકો કેટલા સ્વાર્થી છે? બીજાનું શું થશે તેનો વિચાર જ ન મળે.

બોઘો છોકરો

ચીનમાં આવેલા સૂકાની એક શાળાના શિક્ષકોને એમ લાગ્યું કે તેઓના વિદ્યાર્થીઓ પૈકીનો એક બહુ જ બોઘો રહે છે. તેને ઘણી વાર ઠપકો આપવામાં આવતો. તે બાચારો સુધરવા માટે મહેનત તો બહુ જ કરતો પણ કાંઇ વળતું નહિ.


એક વખત એ શાળામાં બે ડૉકટરો આવ્યા. તેઓ શાંગહાઇના તંદુરસ્તી ખાતાના સભ્યો હતા ને આ શાળાના વિદ્યાર્થીઓની શારીરિક તપાસ માટે શાળાના આમન્ત્રણથી જ આવ્યા હતા. એક પછી એક છોકરાઓ તપાસવાનું કામ શરૂ થયું. આ ભાઇસાહેબનો વારો આવ્યો. ડૉકટરોએ એ છોકરાને તપાસીને શોધી કાઢયું કે એ ખરેખર બોઘો નથી, પરંતુ કેટલીક શારીરિક ખામીઓને પરિણામે જ તેની યાદદાસ્ત મંદ રહે છે.

તેની આંખ નબળી હતી એટલે ડૉકટરોએ તેને ચશ્મા અપાવ્યા. તેના દાંત ગંદા હતા; એમાં ચાર તો પોલ પડી ગઇ હતી. વિશેષ તપાસ કરતાં જણાયું કે તેને દાંતનો દુખાવો પણ થતો હતો અને તેથી ખોરાક પુરતો ચાવી શકાતો નહિ. ડૉકટરોએ એને દાંત સાફસુફ રાખવાની યોગ્ય સૂચના આપી અને દાંતના ખાસ ડૉકટરની સંભાળ નીચે મુકયો. આ છોકરો એની ઉમરે અને શરીરની ઉંચાઇએ જે વજન જોઇએ તેના કરતાં દસ શેર ઓછો હતો. દાંત પુરતા સુધરી ગયા બાદ ડૉકટરોએ એને ખુબ ચાવીને ખાવાની સલાહ આપી. તેના ખોરાકમાં પણ યોગ્ય ફેરફાર કર્યો અને આ વિદ્યાર્થી કદિ કસરત કરતો નહોતો તે પણ નિયમિત કરવાની સલાહ આપી.

ત્રણ જ મહિનામાં એની આંખ સુધરી, દાંત ઉપર બરોબર ધ્યાન અપાયું, ખાવાપીવામાં તે નિયમિત થઇ ગયો, રાત્રે બારી ખુલ્લી રાખીને સુતો તથા ખુલ્લી હવામાં અને સાધારણ તડકામાં રમવા મંડયો. કસરત પણ નિયમિત કરતો. પરિણામ એ આવ્યું કે તેની સ્મરણશક્તિ વધી, અભ્યાસ સુધર્યો, શરીર પણ ઠીક થયું અને તેથી તેનાં માબાપ અને શિક્ષકો સૌને નવાઇ લાગી. આ ઉપરથી જોઇ શકાય છે કે શરીર સંબંધી ઓછું ભાન, એ કેટલો ગંભીર ગુનોહ છે!

(અંગ્રેજી ઉપરથી)

ઢેઢનો મહેલ



બીજાપુરમાં મુસલમાન બાંધણીનું એક સુંદર મકાન છે. લોકો તેને 'મહેતર મહેલ'નું નામ આપે છે, એ સાંભળી આશ્ચર્ય થયા વિના રહે નહિ. એ વિષેની દંતકથા જાણવા જેવી છે.

એ દેશના એક રાજાએ કોઈ પાપ ધોવા માટે એવી બાધા લીધી કે સવારમાં તેને જે માણસ પહેલો મળે તેને મોટું દાન આપવું. તેની આ બાધા ગુપ્ત હતી એટલે તેનો લાભ લેવાને રાજ્યના અમલદારોથી માંડીને ગરીબમાં ગરીબ માણસને સરખી તક હતી. એક ઢેઢ બીચારો રોજરોજ મહેલના ચોક વાળવા લોક સુતાં હોય ત્યારે આવતો. તે જ રાજાની નજરે સૌ પહેલાં પડયો, એટલે રાજાએ તો પ્રતિજ્ઞા પ્રમાણે બધું દાન તેને આપ્યું.

બીચારો ઢેઢ તો આટલું દ્રવ્ય મળતાં મુંઝાઇ ગયો. એને વિચાર થઇ પડયો કે આટલા બધા ધનનું કરવું શું? પણ તે પવિત્ર મનનો આદમી હતો એટલે વિચાર કર્યો કે એક સુંદર મકાન બંધાવવું. અને તે રીતે આ મહેલ બન્યો. ઘણા વખત પછી કંઇક ખુલાસા માટે આવી વાત કોઈએ ઘડી કાઢી હશે એમ માનીએ; પણ એ વાત દૂર કરતાં મકાનની રસિકતા ઓછી થઇ જાય છે. બીજાપુરનાં અનેક સુંદર મકાનોમાં તેની ગણતરી થાય છે. તેની સુંદર મીનારીઓ અને નકશીદાર જાળીવાળો જરૂખો ખાસ જોવાલાયક છે.

૧૭૨૦માં માર્સેલ્સમાં ચાલેલી ભારે મરકી વેળા, એ દરદનું કારણ શોધવા સારૂ, મરકીથી મરેલા માણસનું મડદું ચીરવાની ભલભલા દાક્તરો પણ હીંમત ન ધરે. એ વેળા હેવી ગાયન નામનો એક જુવાન દાક્તર આગળ પડ્યો. મડદું ચીરી તેના એકેએક અવયવની તેણે વિગતવાર નોંધ કરી. કામ પુરૂં થયું; પણ એને તાવ ચડ્યો ને બાર કલાકમાં એ મરી ગયો. પોતાના ધંધાના યશ ખાતર ને માનવજાતિના સુખ ખાતર એણે પોતાના પ્રાણ આપ્યા.

કાળાં પડી ગએલાં એલ્યુમિનિયમનાં વાસણને લીંબુના રસમાં ભીંજવેલા કપડાના કકડાથી બરાબર ઘસીને સાફ કરવાં ને પછી ગરમ પાણીથી વીંછળી નાખવાં. ચોખ્ખાં બની જશે.


ગુંદ, સરેસ કે એવો બીજો કોઈ પ્રવાહી પદાર્થ ભરેલી શીશીનાં બુચ ઘણીવાર એટલાં સજ્જડ ચોંટી જાય છે કે તે ઉઘાડતાં બહુ મુશ્કેલી પડે છે. પણ જો બુચ બંધ કરતાં પહેલાં તેના પર થોડું ગ્લિસરીન ચોપડી દેશો તો પછી એ નહિ ચોંટે.

ચપ્પુ કે છરીના હાથીદાંતના હાથા કાળા પડી જાય ત્યારે તેને ટરપેન્ટાઇનથી બરાબર ઘસીને સાફ કરી નાખજો. પાછા હતા એવા સફેદ બની જશે.

આમાંના કેટલાં ફૂલ તમે સુંઘ્યાં છે? નેવરી, રાજચંપો, નાગચંપો, ખડચંપો, ચમેલી, કેસુડાં, બકુલ અથવા બોરસલી, ગલ, ગુલદાવરી, જાસુદ, ગુલસબો કે ગુલછડી, હારશૃંગાર કે પારિજાતક અને રાતરાણી.

રૂપાની ચીજોને બટેટાના રસ વડે સાફ કરવાથી ચકચકિત બને છે.

કપડાં ઉપર પડેલા કાટના ડાઘ કાઢવા માટે તેના ઉપર મીઠું ભેળવેલો લીંબુનો રસ ચોપડવો.




સાંકડા મોંવાળી શીશીમાં કોઇ ચીજનો ભુકો ભરવો હોય ત્યારે ગળણીની બહુ જરૂર પડે છે. એવે વખતે ઘરમાં પતરાની ગળણી ન હોય તો આપણે તરત જ એક સાદું પરબીડિયું ચિત્રમાં બતાવ્યા મુજબ કાપીને કામચલાઉ ગળણી બનાવી શકીએ. પહેલાં કવરને ચોડીને બંધ કરી દેવું. પછી ચિત્રમાં ટપકાંથી બતાવેલી લીટી પ્રમાણે કાપી નાખવું. આ રીતે એક સાથે બે ગળણી તૈયાર થઈ જશે. બંને ગળણીના નીચલે ખુણે એકેક ચોરસ કાણું પાડ્યા પછી ખોલીને ઉપયોગમાં લેવી.

રેશમી કપડાંને ધોતી વખતે સાબુ નહિ દેતાં સાબુના પાણીમાં બોળી દેવાં.



પાટણમાં જશમા ઓડણની દેરી



બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે લાંબા ખીલા દીવાલમાં ખોડી દેશો એટલે છાજલી કે બીજી કોઈ પણ ભારે વસ્તુ મુકવા માટે મજબુત કાટખુણો સહેલાઇથી તૈયાર થઇ જશે. નીચેનો ખીલો ઉપરના ખીલાને ટકાવી રાંખશે.

કપડાં પર શાહીથી નામ લખતાં શાહી રેળાઈ જાય છે. આને માટે એક તદ્દન સહેલો ઉપાય છે. પહેલાં પેન્સિલથી અક્ષરો લખવા ને પછી તેને શાહીથી ઘુંટી લેવા. બીલકુલ રેળાશે નહિ.

ત્રાંબાનાં વાસણમાં થોડી વાર ઉકળતું પાણી ભરી રાખી, પછી સાફ કરવાથી બરાબર સાફ થઈ જશે.

ગંદી થઇ ગએલી સાવરણીને સાફ કરવા માટે સોડા નાખેલા ઉકળતા પાણીમાં બોળીને તડકે સુકવી દેવી.

સફેદ કપડાં ધોવા માટેના ગરમ પાણીમાં, દસ શેર પાણીએ એક નાની ચમચી ભરીને પેરેફિન નાખવાથી કપડા પરના ડાઘ એકદમ નીકળી જાય છે.

તેલ ભરેલી શીશીને તદ્દન સાફ કરવી હોય તો એક ઉપાય છે. પહેલાં તેમાં રાખ ભરી ઠંડા પાણીમા મુકવી અને પાણીને બહુ જ ધીમેધીમે ગરમ થવા દેવું. પાછું એ પાણીને ઠરી જવા દેવું. પછી શીશામાંથી રાખ કાઢી નાખી સાબુના ગરમ પાણી વડે ધોઈ ઠંડા પાણીથી વીંછળી નાખવી.

બુટ ઉપર પેરેફિન ઘસવાથી ચમકાશ આવે છે.